કલિકાલ સર્વજ્ઞ આ. શ્રી હેમચન્દ્ર સૂરિ-પ્રણીત

વીતરાગ સ્તોત્ર

સંપાદકઃ- મુનિ શ્રી રાજશેખર વિજયજી મહારાજ

ॐ ह्रीँ श्रीँ श्रीशंखेश्वर-पार्श्वनाथाय नमः
સિદ્ધાન્ત મહોદધિ શ્રી પ્રેમસૂરીશ્વરેભ્યો નમઃ
॥ ऐं नमः ॥

કલિકાલ સર્વજ્ઞ આચાર્યદેવ શ્રી હેમચન્દ્રસૂરિ-વિરચિત

વીતરાગ-સ્તોત્ર

[સાન્વય-શબ્દાર્થાદિ-સહિત]

: સંયોજક-સંપાદક :

સ્વ. સિદ્ધાંત મહોદધિ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી**
મ૦ના સ્વ૦ પરમગીતાર્થ શિષ્ય રત્ન પૂ. આચાર્યદેવ **શ્રીમદ્વિજયહીરસૂરીશ્વરજી**
મહારાજના શિષ્ય રત્ન **પૂ૦** ગણિવર **શ્રીલલિતશેખર** વિજયજી મ૦ના
વિનેય મુનિશ્રી રાજશેખરવિજયજી

: પ્રકાશક :

લહેરુચંદ ભોગીલાલ સ્મારક ગ્રંથમાળા
(પાટણ)

બીજી આવૃત્તિ : વિ૦ સં૦ ૨૦૪૦ : નકલ ૨૦૦૦

કિંમત રૂા. ૨-૮૦

: સહાયક :

મુંબઈ-દાદર આરાધનાભવન જૈન સંઘ (જ્ઞાનદ્રવ્યમાંથી)

[તત્ત્વજિજ્ઞાસુ શ્રાવકોને ભેટ આપવા લહેરુચંદ ભોગીલાલ સ્મારક ગ્રંથમાળા તરફથી ૨૫૦ રૂા. ભેટ મળ્યા છે.]

॰ પ્રાક્-કથન ॰

(પહેલી આવૃત્તિમાંથી)

પ્રસ્તુત સ્તોત્રમાં વીતરાગદેવના ગુણોની સ્તવના હોવાથી એનું વીતરાગ સ્તોત્ર નામ યથાર્થ છે. કલિકાળ સર્વજ્ઞ પ.પૂ.આ.શ્રી **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજાએ અરિહંત-પરમાત્માના અનન્ય ભક્ત ગૂર્જરેશ્વર શ્રી **કુમારપાળ** મહારાજાની પ્રાર્થનાથી આ સ્તોત્રની રચના કરેલી છે. જેમાં ગુણસ્તવના સાથે અતિશયો-એકાન્તવાદીઓના નિરસન સાથે અનેકાંત-દૃષ્ટિએ પદાર્થ ઘટના વિ૦ તર્કબદ્ધ રીતે કરી છે. આ સ્તોત્રથી પરમાત્મા પ્રત્યે પ્રગટ થતો ભક્તિ-બહુમાન ભાવ એ ઉત્કૃષ્ટ વિનય છે. અર્હદ્ ભક્તિ-સ્વાધ્યાયરૂપ સ્તોત્ર છે, તથા **स्वकृतं दुष्कृतं गर्हन्**...દ્વારા આત્મ-આલોચના કરી છે. એ આભ્યંતર તપનો પ્રકાર છે અને કર્મક્ષયનું અસાધારણ અંગ છે. આથી આ સ્તોત્ર મોક્ષનું ઉત્તમ સાધન છે.

દેવાધિદેવ સમક્ષ ચૈત્યવંદન કે સ્તુતિરૂપે આ સ્તોત્ર ચતુર્વિધસંઘમાં ભણાય છે, પરન્તુ સંસ્કૃત ભાષાના અજાણ વર્ગને અન્વય-શબ્દાર્થ સાથે ગૂઢભાવોને સમજાવવા માટે પ૦ પૂ૦ વિદ્વદ્વર્ય મુનિશ્રી **રાજશેખરવિજયજી** મહારાજે ઊઠાવેલ શ્રમ અનુમોદનીય છે અને અનેક જીવોને દેવાધિદેવની પ્રીતિભક્તિમાં ભાવોલ્લાસ જગાડનારો હોઈ પરમ ઉપકારક છે.

મૂળસ્તોત્ર સાથે અન્વય-શબ્દાર્થ છે, તથા જે ભાવ ન સમજાય ત્યાં વધારે સ્પષ્ટીકરણ સાથે ટિપ્પણ-નોંધ આપી છે, તે પઠન-પાઠન કરનારને જરૂર ઉપયોગી થશે.

આ સ્તોત્રના પઠન-પાઠન દ્વારા વીતરાગ પરમાત્માના યથાર્થ સ્વરૂપને ઓળખી જિન-આજ્ઞાના પાલન દ્વારા સૌ પરમશ્રેયને વરે તેવી અંતરની મંગલ કામના.

વિ. સં. ૨૦૩૦ : ચૈ. સુ. ૫
૨૮-૩-૧૯૭૪

પુખરાજ અમીચંદ કોઠારી
શ્રીમદ્ યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા
મહેસાણા (ઉ. ગુજરાત)

મુદ્રક : અજિત મુદ્રણાલય * પાલીતાણા રોડ, સોનગઢ-૩૬૪૨૫૦

श्रीमद्विजयप्रेमसूरिभ्यो नमः ।
कलिकालसर्वज्ञ-श्रीहेमचन्द्राचार्यरचितं

। श्रीवीतरागस्तोत्रम् ।

प्रथमप्रकाशः

यः परात्मा परञ्ज्योतिः, परमः परमेष्ठिनाम् ।
आदित्यवर्णं तमसः, परस्तादामनन्ति यम् ॥ १ ॥
सर्वे येनोदमूल्यन्त, समूलाः क्लेशपादपाः ।
मूर्ध्ना यस्मै नमस्यन्ति सुरासुरनरेश्वराः ॥ २ ॥

(१) यः रा = જે [1]परात्मा = પરમાત્મા છે, परंज्योतिः = કેવળજ્ઞાનમય છે, અને प० = પરમેષ્ઠીઓમાં परमः = પ્રધાન[2] છે. त० = અજ્ઞાનરૂપ અંધકારની प० = આગળ आ० = સૂર્યસમ પ્રભાવવાળા यं = જેને (પંડિતો પણ) आ० = માને છે-ધ્યાન કરે છે, અર્થાત્ અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનાર જેનું પંડિતપુરુષો પણ ધ્યાન કરે છે.

(२) येन = જેના વડે सर्वे = સઘળા क्ले० = રાગાદિ કલેશરૂપ વૃક્ષો स० = મૂળ સહિત उ० = ઊખેડી નંખાયા છે. यस्मै = જેને सु० = સુર, [3]અસુર અને મનુષ્યના સ્વામીઓ मू० = મસ્તકથી न० = નમે છે.

---

૧. અહીં આત્માના બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એ ત્રણ પ્રકારો પૈકી ત્રીજા પ્રકારનું સૂચન કર્યું છે.

૨. પ્રસ્તુતમાં પ્રધાનતા બે રીતે છે: ૧. ઉપકારની દૃષ્ટિએ અને ૨ સર્વકર્મક્ષયની દૃષ્ટિએ. તેમાં ઉપકારની દૃષ્ટિએ પાંચ પરમેષ્ઠીઓમાં અરિહંત ભગવાન પ્રધાન છે. જ્યારે સર્વકર્મ ક્ષયની દૃષ્ટિએ પાંચે પરમેષ્ઠીઓમાં સિદ્ધ ભગવાન પ્રધાન છે. કારણ કે અરિહંત ભગવાન હજી અઘાતી ચાર કર્મોની જંજીરમાં જકડાયેલા છે.

૩. અસુરો (ભવનપતિ) દેવ વિશેષ હોવાથી સુર શબ્દથી તેમનો નિર્દેશ થઈ જાય છે. આમ છતાં, લોકમાં સુરના વિરોધી તરીકે અસુરોની-રાક્ષસોની પ્રસિદ્ધિ હોવાથી અહીં અસુર શબ્દનો પૃથક્ ઉલ્લેખ કર્યો છે.

प्रावर्त्तन्त यतो विद्याः, पुरुषार्थप्रसाधिकाः ।
यस्य ज्ञानं भवद्भाविभूतभावावभासकृत् ॥ ३ ॥

यस्मिन् विज्ञानमानन्दं, ब्रह्म चैकात्मतां गतम् ।
स श्रद्धेयः स च ध्येयः, प्रपद्ये शरणं च तम् ॥ ४ ॥

तेन स्यां नाथवांस्तस्मै, स्पृहयेयं समाहितः ।
ततः कृतार्थो भूयासं, भवेयं तस्य किङ्करः ॥ ५ ॥

(૩) **यतः** = જેનાથી **पु०** = ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચાર પુરુષાર્થોનો ઉપાય બતાવનારી **विद्याः** = શબ્દાદિ વિદ્યાઓ[૪] **प्रा०** = પ્રવર્તી છે. **य०** = જેનું **ज्ञानं** = જ્ઞાન **भ०** = વર્તમાન, ભવિષ્ય, અને ભૂત એ ત્રણે કાળના સમસ્ત ભાવોને પ્રકાશિત કરનારું છે.

(૪) **य०** = જેમાં **वि०** = કેવળજ્ઞાન **आ०** = સ્વાભાવિક સુખ **च** = અને **ब्रह्म** = પરમપદ એ ત્રણે **ए०** = એકતાને **गतं** = પામ્યા છે. **सः** = તે પરમાત્મા **श्र०** = [૫]શ્રદ્ધા કરવા યોગ્ય છે, **च** = અને **सः** = તે પરમાત્મા **ध्येयः** = ધ્યાન કરવા યોગ્ય છે, **च** = તથા **तं** = તે પરમાત્માનું **श०** = શરણું **प्र०** = હું સ્વીકારું છું.

(૫) **तेन** = તે પરમાત્માથી **ना०** [૬]**स्याम्** = હું સનાથ છું. **स०** = પરમાત્મામાં તલ્લીન બનેલો હું **तस्मै** = તે પરમાત્માને **स्पृ०** = ચાહું છું. **ततः** = તે પરમાત્માથી **कृ०** **भू०** = હું કૃતકૃત્ય છું. **तस्य** = તે પરમાત્માનો **किं०** **भ०** = હું દાસ છું.

---

૪. દ્વાદશાંગીમાં સઘળી વિદ્યાઓ રહેલી હોય છે. દ્વાદશાંગીની રચના (અર્થથી) અરિહંત ભગવાન કરે છે. આથી સમસ્ત વિદ્યાઓ અરિહંત પરમાત્માથી પ્રગટી છે.

૫. હું પણ તેવો બનું એવી ભાવનાપૂર્વક સ્વહૃદયમાં પરમાત્મપ્રેમ પ્રગટાવવો જોઈએ એ ભાવ છે.

૬. અવચૂરિમાં **स्याम्** વગેરે વિધ્યર્થ–પ્રયોગોમાં વર્તમાનકાળનો અર્થ કર્યો છે.

तत्र स्तोत्रेण कुर्यां च, पवित्रां स्वां सरस्वतीम् ।
इदं हि भवकान्तारे, जन्मिनां जन्मनः फलम् ॥६॥
क्वाहं पशोरपि पशुर्वीतरागस्तवः क्व च ? ।
उत्तितीर्षुररण्यानीं, पद्भ्यां पङ्गुरिवास्म्यतः ॥७॥
तथापि श्रद्धामुग्धोऽहं, नोपालभ्यः स्खलन्नपि ।
विश्रृङ्खलापि वाग्वृत्तिः, श्रद्दधानस्य शोभते ॥८॥
श्रीहेमचन्द्रप्रभवाद्, वीतरागस्तवादितः ।
कुमारपालभूपालः, प्राप्नोतु फलमीप्सितम् ॥९॥

(૬) **च** = અને **तत्र** = તે પરમાત્માની **स्तो०** = સ્તુતિથી **स्वां** = મારી **स०** = વાણીને **प०** = પવિત્ર **कु०** = કરું છું. **हि** = કારણ કે **भ०** = સંસારરૂપ અરણ્યમાં **ज०** = પ્રાણીઓના **ज०** = જન્મનું **इदं हि** = આ જ **फलं** = ફળ છે.

(૭) **पशोरपि पशुः** = પશુથી પણ પશુ-પશુથી પણ અધિક અજ્ઞાન **क्व अहं** = હું ક્યાં ! **च०** = અને **वी०** = વીતરાગની સ્તુતિ **क्व** = ક્યાં ! **अतः** = આથી (વીતરાગ સ્તોત્રની રચના કરવાની ઇચ્છાવાળો હું ખરેખર) **पङ्गुः इव** = લંગડા માણુસની જેમ **प०** = બે પગોથી **अ०** = મહાન જંગલને **उ०** = ઓળંગવાની ઇચ્છાવાળો **अस्मि** = છું.

(૮) **तथापि** = તો પણ (હું અજ્ઞાન હોવાથી વીતરાગસ્તુતિ કરવા અસમર્થ હોવા છતાં) **स्ख०** = વીતરાગસ્તુતિ કરવામાં સ્ખલના પામતો હોવા છતાં (વીતરાગની યથાર્થ સ્તુતિ ન કરી શકતો હોવા છતાં) **श्र०** = પરમાત્માની સ્તુતિ કરવાની અતિશય શ્રદ્ધાથી (ઉત્કંઠાથી) મુગ્ધ–શક્યાશક્યનો વિચાર કરવા અસમર્થ **अहं** = હું **उ०** = ઠપકાને પાત્ર **न** = બનતો નથી, (કારણ કે) **श्र०** = પરમાત્માની સ્તુતિ કરવા અતિશય ઉત્કંઠની **वा०** = વચન રચના **वि०** **अपि** = અસંબદ્ધ હોય તો પણ **शो०** = શોભે છે.

(૯) **श्री०** = શ્રી હેમચંદ્રસૂરિએ રચેલા **इतः** = આ **स्तवाद्** =

સ્તવનથી कु० = કુમારપાળ મહારાજ ई० = (કર્મક્ષય રૂપ) ઇચ્છિત फलं = ફળ प्रा० = પામે.

द्वितीयप्रकाशः

प्रियङ्गु-स्फटिक-स्वर्ण-पद्मरागाञ्जनप्रभः ।
प्रभो ! तवाधौतशुचिः, कायः कमिव नाक्षिपेत् ॥१॥

मन्दारदामवन्नित्यमवासितसुगन्धिनि ।
तवाङ्गे भृङ्गतां यान्ति, नेत्राणि सुरयोषिताम् ॥२॥

(१) प्रभो = હે પ્રભુ ! प्रि० = प्रियंगु = નીલવર્ણી વૃક્ષ, स्फटिक =સ્ફટિક મણિ, स्वर्ण = સુવર્ણ, पद्मराग = રક્તમણિ અને अञ्जन = કાજળ જેવા વર્ણવાળી[૭] તથા अ० = સ્નાન વિના પણ પવિત્ર तव = આપની कायः = કાયા कं = કોને न आ० = ન આકર્ષે ? બધાને જ[૮] આકર્ષે.

(२) હે પ્રભુ ! मन्दा० = કલ્પવૃક્ષની માળાઓની જેમ नित्यं = સદા अ० = સુગંધી દ્રવ્યોથી વાસિત કર્યા વિના પણ સુગંધી तव = આપના अङ्गे = દેહ ઉપર सु० = દેવાંગનાઓના ने० = નેત્રો भृ० = ભ્રમરપણાને यान्ति = પામે છે. જેમ કલ્પવૃક્ષની માળા સ્વાભાવિક સુગંધી હોય છે અને તેના પ્રત્યે ભ્રમરો આકર્ષાય છે તેમ ભગવાનની કાયા સ્વાભાવિક જ સુગંધી હોય છે અને તેના પ્રત્યે દેવાંગનાઓની આંખો આકર્ષાય છે.

---

૭. પદ્મપ્રભ અને વાસુપૂજ્ય લાલ, ચંદ્રપ્રભ અને સુવિધિ શ્વેત, નેમિ અને મુનિસુવ્રત કૃષ્ણ, મલ્લિ અને પાર્શ્વ લીલા અને શેષ ૧૬ તીર્થંકરો પીળા વર્ણવાળા હતા.

૮. અવચૂરિમાં इव અવ્યયનો इवोऽवधारणे એમ જકાર અર્થ કર્યો છે.

दिव्यामृतरसास्वादपोषप्रतिहता इव ।
समाविशन्ति ते नाथ !, नाङ्गे रोगोरगव्रजाः ॥३॥
त्वय्यादर्शतलालीनप्रतिमाप्रतिरूपके ।
क्षरत्स्वेदविलीनत्वकथाऽपि वपुषः कुतः ? ॥४॥
न केवलं रागमुक्तं, वीतराग ! मनस्तव ।
वपुःस्थितं रक्तमपि, क्षीरधारासहोदरम् ॥५॥

(૩) **नाथ** = હે નાથ ! **इव** = જાણે કે **दि०इव** = દિવ્ય[૯] અમૃતરસના પાનથી થયેલી પુષ્ટિથી પરાજિત થઈ ગયા હોય તેમ **रो०** = રોગ રૂપ સર્પનાં જૂથો **अङ्गे** = આપના શરીરમાં **न स०** = પ્રવેશ કરતા નથી.

(૪) હે ભગવન્ ! **आ०** = **आदर्श** = દર્પણના **तल** = મધ્ય ભાગમાં **आलीन** = પ્રતિબિંબિત **प्रतिमा** = દેહપ્રતિમા **प्रतिरूपके** = સમાન **त्वयि** = આપનામાં **व०** = શરીરની **क्ष०** = **क्षरत्** = ટપકતા **स्वेद** = પસીનાથી **विलीनत्व** = આર્દ્રતાની **कथा** = વાત **अपि** = પણ **कुतः** = ક્યાંથી **હોય** ? જેમ દર્પણમાં પ્રતિબિંબિત વસ્તુમાં પસીનો ન થાય તેમ ભગવાનના શરીરમાં પસીનો થતો નથી. ઉપલક્ષણથી મેલ પણ ન હોય એ સૂચિત કર્યું છે.[૧૦]

(૫) **वी०** = હે વીતરાગ ! **के०** = કેવળ **तव** = આપનું **मनः** = મન જ **रा०** = રાગથી મુક્ત **न** = નથી, **व०** = શરીરમાં રહેલું **रक्तं** = લોહી **अपि** = પણ **क्षी०** = દૂધની ધારા સમાન (સફેદ) છે. જેમ મન રાગથી રહિત છે, તેમ લોહી પણ રાગથી–રંગથી રહિત છે.

---

૯. દેવોએ બાલ્યાવસ્થામાં અંગૂઠામાં અમૃત મૂક્યું હોવાથી અમૃત દિવ્ય= દેવ સંબંધી છે.

૧૦. એકથી ચાર શ્લોકોમાં અદ્ભુત રૂપ, અદ્ભુત ગંધ, રોગાભાવ અને પ્રસ્વેદ–મેલનો અભાવ એ પ્રથમ સહજ અતિશયનું વર્ણન કર્યું છે.

जगद्विलक्षणं किं वा, तवान्यद् वक्तुमीश्महे ? ।
यदविस्रमबीभत्सं, शुभ्रं मांसमपि प्रभो ! ॥६॥
जलस्थलसमुद्भूताः, सन्त्यज्य सुमनःस्रजः ।
तव निःश्वाससौरभ्यमनुयान्ति मधुव्रताः ॥७॥
लोकोत्तरचमत्कारकरी तव भवस्थितिः ।
यतो नाहारनीहारौ, गोचरश्चर्मचक्षुषाम् ॥८॥

इति द्वितीयप्रकाशः ।

(૬) **प्रभो** = હે પ્રભુ ! **वा** = અથવા **तव** = આપની **ज० अ०** = જગતના જીવોમાં ન હોય તેવી અસાધારણ બીજી વિશેષતાઓ **वक्तुं** = કહેવાને **किं** = શું **ई०** = અમે સમર્થ છીએ ? નથી. **यद्** = કારણ કે, **मांसमपि** = આપના શરીરનું માંસ પણ **अ०** = અજુગુપ્સનીય અને **अ०** = સુગંધી **शुभ्रं** = સફેદ હોય છે[૧૧]

(૭) હે વીતરાગ ! **म०** = ભમરાઓ **ज०** = જળમાં અને જમીન ઉપર ઉત્પન્ન થયેલી પુષ્પમાળાઓને **स०** = છોડીને **तव** = આપના **निः० अ०** = શ્વાસની સુગંધ તરફ આવે છે.[૧૨]

(૮) હે વિભુ ! **तव** = આપની **भ०** = તીર્થંકર ભવની મર્યાદા **लो०** = અલૌકિક આશ્ચર્ય કરનારી છે. **यतः** = કારણ કે **आ०** = આપના આહાર[૧૩] અને નીહાર (ઝાડો–પેશાબ) **च०** = ચર્મની ચક્ષુવાળાઓના **गो०** = વિષય **न** = બનતા નથી.[૧૪]

---

૧૧. પાંચમાં–છઠ્ઠા શ્લોકમાં લોહી–માંસ શ્વેત હોય છે એ બીજા સહજ અતિશયનું વર્ણન છે.

૧૨. સાતમાં શ્લોકમાં શ્વાસ સુગંધી હોય છે એ ત્રીજા અતિશયનું વર્ણન છે.

૧૩. અવચૂરિમાં **आहारनीहारौ** = **भोजनोत्सर्गविधी** તથા અભિ. ચિંતા. કોશમાં “ **आहारनीहारविधिस्त्वदृश्यः** ” એમ આહાર–નીહારની ક્રિયા અદશ્ય કહી છે. આથી આહાર–નીહાર દેખાય, પણ આહાર–નીહારની ક્રિયા ન દેખાય એમ જણાય છે.

૧૪. આ શ્લોકથી આહાર–નીહાર અદશ્ય રૂપ ચોથા સહજ અતિશયનું વર્ણન કર્યું છે.

तृतीयप्रकाशः

सर्वाभिमुख्यतो नाथ !, तीर्थकृन्नामकर्मजात् ।
सर्वथा सम्मुखीनस्त्वमानन्दयसि यत्प्रजाः ॥१॥

यद् योजनप्रमाणेऽपि, धर्मदेशनसद्मनि ।
सम्मान्ति कोटिशस्तिर्यग्नृदेवाः सपरिच्छदाः ॥२॥

(૧) સર્વાભિમુખ્યતા :- **नाथ** = હે નાથ ! (કેવળજ્ઞાનરૂપ પ્રકાશથી) **सर्वथा** = સર્વ દિશાઓમાં **सं०** = સંમુખ આપ **ती०** = તીર્થંકર નામ કર્મથી થયેલા **स०** = સર્વાભિમુખ્યતા[૧૫] (સર્વ દિશાઓમાં સંમુખ રૂપ) અતિશયથી **प्रजाः** = મનુષ્ય, દેવ વગેરે લોકોને **आ०** = આનંદ પમાડો છો.[૧૬]

(૨) યોજનમાં ક્રોડોનો સમાવેશ :- હે વીતરાગ ! **यो०** = એક યોજન પ્રમાણ **अपि** = પણ **ध०** = સમવસરણમાં **स०** = (પોતપોતાના) પરિવાર સહિત **को०** = ક્રોડો તિર્યંચો, મનુષ્યો અને દેવતાઓ **सं०** = સમાય છે.

---

૧૫. અન્ય ગ્રંથોમાં (પ્રસ્તુત ગ્રંથકાર પ્રણીત અ. ચિં. કોશમાં પણ) આ અતિશયનો ઉલ્લેખ નથી. અન્ય ગ્રંથોમાં કર્મક્ષયજન્ય અગિયાર અતિશયોની સંખ્યામાં અતિવૃષ્ટિ અને અવૃષ્ટિ એ બે અતિશયો જુદા ગણ્યા છે. જ્યારે અહીં એ બે અતિશયોને એક જ ગણીને સર્વાભિમુખ્યતા અતિશય સહિત અગિયાર અતિશયો જણાવ્યા છે. અહીં પ્રથમ શ્લોકથી અગિયારમા શ્લોક સુધી દરેક શ્લોકમાં એક એક અતિશયનું વર્ણન છે.

૧૬. પ્રથમ શ્લોકથી અગિયારમા શ્લોક સુધી દરેક શ્લોકમાં "**यद्**" શબ્દનો પ્રયોગ છે. તેનો સંબંધ બારમા શ્લોકમાં "**स एष**" સાથે

तेषामेव स्वस्वभाषापरिणाममनोहरम् ।
अप्येकरूपं वचनं, यत् ते धर्मावबोधकृत् ॥३॥
साग्रेऽपि योजनशते, पूर्वोत्पन्ना गदाम्बुदाः ।
यदञ्जसा विलीयन्ते, त्वद्विहारानिलोर्मिभिः ॥४॥

(૩) સ્વસ્વભાષામાં બોધ :- હે જિનેશ્વર ! **ते** = આપની **ए०** = એક જ પ્રકારની = એક જ (અર્ધમાગધી) ભાષામાં કહેલી **अपि** = પણ **व०** = વાણી **तेषामेव** = તિર્યંચો, મનુષ્યો અને દેવોને તેમની જ **स्व०** = પોતપોતાની ભાષામાં પરિણમવાથી (**मनोहरं**) રમ્ય લાગે છે અને **ध०** = ધર્મનો બોધ કરનારી બને છે.

(૪) રોગનાશ :- હે સર્વજ્ઞ ! **त्व०** = આપના વિહારરૂપ પવનની લહરીઓથી[૧૭] **साग्रेऽपि यो०** = સવાસો યોજન સુધીમાં પણ **पू०** = ૭ મહિના પહેલાં ઉત્પન્ન થયેલા **ग०** = રોગરૂપ વાદળો **अ०** = તુરત **वि०** = વિનાશ પામે છે.[૧૮]

છે. પ્રસ્તુત અનુવાદમાં **यद्** શબ્દનો અનુવાદ કર્યો નથી. આથી દરેક શ્લોકમાં **यद्** નો ' જે ' અર્થ સ્વયં સમજી લેવો.

૧૭. **साग्रे** = અગ્ર સહિત. અગ્ર = ચોથો ભાગ. સો યોજનનો ચોથો ભાગ ૨૫ યોજન, આમ સવાસો યોજન થાય. તેમાં પૂર્વ આદિ દરેક દિશામાં ૨૫-૨૫ યોજન અને ઉપર-નીચે ૧૨॥-૧૨॥ યોજન એ રીતે ૧૨૫ યોજન ગણવા. ' **साग्रेऽपि योजनशते** ' એ પદોનો ૧૦ મા શ્લોક સુધી સંબંધ છે, કારણ કે રોગનાશથી દુષ્કાળનો અભાવ સુધીના બધા અતિશયોની મર્યાદા ૧૨૫ યોજન છે.

૧૮. ઉપલક્ષણથી ૭ મહિના સુધી નવા રોગો ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે ઇતિ, મારિ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, સ્વ-પર ચક્રભય અને દુર્ભિક્ષ એ સાત ઉપદ્રવો પણ ભગવાનના આગમનથી ૭ મહિના પહેલાં થયા હોય તો નાશ પામે અને ૭ મહિના સુધી ન થાય. ભગવાન બિરાજમાન હોય ત્યાં સુધી જાતિ વેર કે પૂર્વભવનું વેર પણ નાશ પામે છે, અને નવું વેર થતું નથી.

नाविर्भवन्ति यद् भूमौ, मूषकाः शलभाः शुकाः ।
क्षणेन क्षितिपक्षिप्ता, अनीतय इवेतयः ॥५॥

स्त्रीक्षेत्रपद्रादिभवो, यद् वैराग्निः प्रशाम्यति ।
त्वत्कृपापुष्करावर्त्तवर्षादिव भुवस्तले ॥६॥

त्वत्प्रभावे भुवि भ्राम्यत्यशिवोच्छेदडिण्डिमे ।
सम्भवन्ति न यन्नाथ!, मारयो भुवनारयः ॥७॥

(૫) ઇતિનો અભાવ :- હે જગત્પ્રભુ ! **इव** = જેમ **क्षणेन क्षि०** = રાજાએ ક્ષણમાં-ઉત્પન્ન થતાંની સાથે જ દૂર કરેલા **अ०** = અન્યાયો **न आ०** = ફરી થતા નથી, તેમ (આપના વિહારથી) **भूमौ** = વિહારભૂમિમાં **मू०** = ઉંદરો, **श०** = તીડો, અને **शुकाः** = પોપટો-સૂડા એ ત્રણ **इ०** = ઉપદ્રવો પ્રગટ થતા નથી.

(૬) વૈરનો અભાવ :- હે દેવાધિદેવ ! **इव** = જાણે **त्व०** = આપની કરુણારૂપ પુષ્કરાવર્ત મેઘની વૃષ્ટિથી ન હોય તેમ, (આપના વિહારથી) **भुवः** = ભૂમિની **तले** = ઉપર **स्त्री०** = સ્ત્રી, ભૂમિ, નગર, આદિના કારણે ઉત્પન્ન થયેલ **वै०** = વેરરૂપ અગ્નિ **प्र०** = પ્રશાંત થાય છે.

(૭) મારિનો અભાવ :- **नाथ** = હે નાથ ! **अ०** = ઉપદ્રવોના નાશ માટે[૧૯] પટહની ઉદ્ઘોષણા સમાન **त्व०** = આપનો પ્રભાવ **भुवि** = પૃથ્વી ઉપર **भ्रा०** = પ્રસરતાં **भु०** = જગતના શત્રુ રૂપ **मा०** =[૨૦] ક્રુરગ્રહ, દુષ્ટભૂત, ડાકણ, પ્લેગરોગ આદિના કારણે અકાળ મરણો **न सं०** = થતાં નથી.

---

૧૯. પહેલાં પકડાયેલા શત્રુ વગેરેનો નાશ પટહની ઉદ્ઘોષણા કરાવીને લોક સમક્ષ થતો હતો. પ્રસ્તુતમાં મારિરૂપ શત્રુનો નાશ થાય છે. આથી **अशिवो०** એમ કહ્યું છે.

૨૦. मारयः=क्रूरग्रह-दुष्टभूत-मुद्गल-शाकिन्यामयादिजनितान्यकालमरणानि.

कामवर्षिणि लोकानां, त्वयि विश्वैकवत्सले ।
अतिवृष्टिरवृष्टिर्वा, भवेद् यन्नोपतापकृत् ॥८॥
स्वराष्ट्र–परराष्ट्रेभ्यो, यत् क्षुद्रोपद्रवा द्रुतम् ।
विद्रवन्ति त्वत्प्रभावात्, सिंहनादादिव द्विपाः ॥९॥
यत् क्षीयते च दुर्भिक्षं, क्षितौ विहरति त्वयि ।
सर्वाद्भुतप्रभावाढ्ये, जङ्गमे कल्पपादपे ॥१०॥
यन्मूर्ध्नः पश्चिमे भागे, जितमार्त्तण्डमण्डलम् ।
मा भूद् वपुर्दुरालोकमितीवोत्पिण्डितं महः ॥११॥

(૮) અવૃષ્ટિ–અનાવૃષ્ટિનો અભાવ :– હે કરુણાસિંધુ ! **लो०** = જીવોના **का०** = વાંછિતોને વર્ષાવનાર અને **वि०** વિશ્વના સઘળાય જીવો ઉપર અદ્વિતીય વાત્સલ્ય ભાવવાળા **त्वयि** = આપની પધરામણી થતાં **उ०**=સંતાપ કરનારી **अति०** = અતિવૃષ્ટિ (જરૂરિયાતથી અતિશય વધારે વર્ષાદ કે અકાળે વર્ષાદ) **वा** = કે **अ०** = અવૃષ્ટિ (જરૂરિયાતથી અતિશય ઓછો વર્ષાદ કે બિલકુલ વર્ષાદનો અભાવ) **न** **भ०** = ન થાય.

(૯) સ્વ–પર ચક્રના ભયનો અભાવ:– હે પુરુષોત્તમ ! **इव** = જેમ **सिं०** = સિંહગર્જનાથી **द्विपाः** =હાથીઓ **वि०** = ત્રાસ પામે છે તેમ, **त्व०** = આપના પ્રભાવથી **स्व०** = **સ્વરાજ્ય–પરરાજ્યથી** ઉત્પન્ન થતા **क्षु०** = રહેવાનું સ્થાન ન રહે, ધન લૂંટાઈ જાય, મિત્રાદિનો વિયોગ થાય, પ્રાણ ચાલ્યા જાય વગેરે ક્ષુદ્ર ઉપદ્રવો **द्रुतं** = તુરત **वि०** = નાશ પામે છે.

(૧૦) દુર્ભિક્ષનો અભાવ:– **स०** = આશ્ચર્યકારી સઘળા પ્રભાવોથી સમૃદ્ધ અને **जं०** = [૨૧] જંગમ **क०** = કલ્પવૃક્ષ સમાન **त्वयि** = આપનો વિહાર થતાં **क्षितौ** = પૃથ્વી ઉપર **दु०** = દુકાળ **क्षी०** = ક્ષય પામે છે.

(૧૧) ભામંડલ :– હે વિશ્વેશ ! આપના **मूर्ध्नः** = મસ્તકના **प०** = પાછળના **भागे** = ભાગમાં **जि०** = સૂર્યબિંબને જીતનાર-સૂર્યથી અધિક

---
૨૧. ગમનાગમન કરનાર.

स एष योगसाम्राज्यमहिमा विश्वविश्रुतः ।
कर्मक्षयोत्थो भगवन् !, कस्य नाश्चर्यकारणम् ? ॥१२॥
अनन्तकालप्रचितमनन्तमपि सर्वथा ।
त्वत्तो नान्यः कर्मकक्षमुन्मूलयति मूलतः ॥१३॥

તેજસ્વી **महः** = તેજ (ભામંડલ) રહેલું છે. અહીં કવિ કલ્પના કરે છે કે- **इव** = જાણે કે **वपुः** = ભગવાનનું શરીર **दु०** = કષ્ટથી જોઈ શકાય તેવું **मा भूत्** = ન થાય **इति** = એટલા માટે **महः** = ભગવાનના શરીરનું તેજ **उ०** = દેવોએ એકઠું કરીને મૂકયું ન [૨૨] હોય ?

(૧૨) भ० = હે ભગવંત ! **क०** = ઘાતીકર્મોના ક્ષયથી પ્રગટેલો અને **वि०** = ત્રણ લોકમાં પ્રસિદ્ધિ પામેલો **स**[૨૩]**एषः** = તે આ **यो०** = જ્ઞાનાદિ ત્રણ યોગરૂપ સામ્રાજ્યનો મહિમા **कस्य** = કોના **आ०** = આશ્ચર્યનું કારણ **न** = થતો નથી ? બધાને આશ્ચર્ય પમાડે છે.

(૧૩) હે દેવાધિદેવ ! **अ०** = અનંત પુદ્ગલ પરાવર્તોથી ઉપાર્જન કરેલા **अ०** = અનંત પણ **क०** = કર્મરૂપ વનને **त्वत्तो** = આપનાથી **अन्यः** = અન્ય કોઈ દેવ [૨૪]**स०** = સર્વ રીતે **मू०** = મૂળથી **न उ०** = છેદતો નથી-છેદી શકતો નથી.

---

૨૨. સૂર્યને જોવામાં કષ્ટ પડે છે, સૂર્ય સામે દૃષ્ટિ કરીને તુરત પાછી ખેંચી લેવામાં આવે છે. ભગવાનનું શરીર સૂર્યથી પણ અધિક તેજસ્વી હોય છે. આથી ભગવાનનું શરીર સૂર્યની જેમ કષ્ટ દશ્ય ન બને એ માટે દેવો એ ભગવાનના શરીરનું તેજ એકઠું કરીને મસ્તકના પાછળના ભાગમાં મૂકયું છે એમ કવિએ-ગ્રંથકારે કલ્પના કરી છે. બાકી, વાસ્તવિકમાં તો ભગવાનના કર્મક્ષયજન્ય અતિશયથી મસ્તકની પાછળ દેદીપ્યમાન કિરણોના સમૂહવાળું ભામંડલ (તેજપુંજ) પ્રગટ થાય છે.

૨૩. આ પ્રકાશના પહેલા શ્લોકથી અગિયારમા શ્લોક સુધી જેનું વર્ણન કર્યું છે તે.

૨૪. **सर्वथा = सर्वात्मनाऽपुनरूद्भवाय ।**

तथोपाये प्रवृत्तस्त्वं, क्रियासमभिहारतः ।
यथानिच्छन्नुपेयस्य, परां श्रियमशिश्रियः ॥१४॥

मैत्रीपवित्रपात्राय, मुदितामोदशालिने ।
कृपोपेक्षाप्रतीक्षाय, तुभ्यं योगात्मने नमः ॥१५॥

इति तृतीयप्रकाशः ।

(१४) હે વિભુ! त्वं = આપ क्रि० = પુનઃ પુનઃ નિરંતર ચારિત્રનું સેવન કરવાથી उपाये = કર્મક્ષયના ઉપાયમાં तथा = તેવી રીતે–લોકોત્તર રીતે प्र० = પ્રવૃત્તિ કરી, यथा = જેથી (આપ) उ० = ઉપાયથી સાધ્યને–પરમપદને अ० = ઈચ્છતા[૨૫] નહિ હોવા છતાં परां = સર્વોત્કૃષ્ટ श्रियं = અરિહંતપદરૂપ લક્ષ્મીને अ० = પામ્યા.

(१५) હે વિશ્વબંધુ! मै० = મૈત્રી ભાવનાના પવિત્ર આશ્રય,[૨૬] मु० = પ્રમોદ ભાવનાના (मोद) આનંદથી શોભતા, कृ० = કરુણા અને માધ્યસ્થ્ય ભાવનાથી પૂજ્ય અને यो० = યોગ સ્વરૂપ तुभ्यं = આપને नमः = નમસ્કાર થાઓ.

---

૨૫. સાધનાની ઉચ્ચ કક્ષાએ પહોંચેલા સાધકને મોક્ષની પણ ઇચ્છા રહેતી નથી. આથી જ શાસ્ત્રમાં 'समे मुक्खे भवे तहा' = મોક્ષ અને સંસાર પ્રત્યે સમાન ભાવવાળા.........વગેરે પાઠો આવે છે.

૨૬. આ વિધાન ભગવાનની છદ્મસ્થ અવસ્થાની અપેક્ષાએ છે. કારણ કે કેવલજ્ઞાન પછી કોઈ પણ પ્રકારની ભાવના–માનસિક લાગણી હોતી નથી. હા, પ્રવૃત્તિરૂપે કૈવલ્ય અવસ્થામાં પણ ભગવાનમાં મૈત્રી આદિ ભાવના હોય છે, પણ વૃત્તિરૂપે ન હોય.

—०—

चतुर्थप्रकाशः

मिथ्यादृशां युगान्तार्कः, सुदृशाममृताञ्जनम् ।
तिलकं तीर्थकृल्लक्ष्म्याः, पुरश्चक्रं तवैधते ॥१॥
एकोऽयमेव जगति, स्वामीत्याख्यातुमुच्छ्रिता ।
उच्चैरिन्द्रध्वजव्याजात्, तर्जनी जम्भविद्विषा ॥२॥

(૧) ધર્મચક્ર :– હે કરુણાસિંધુ ! **तव** = આપના **पुरः** = આગળના ભાગમાં **मि०** = મિથ્યાદષ્ટિઓને માટે **यु०** = પ્રલયકાળના સૂર્યસમાન, **सु०** = સમ્યગ્દષ્ટિઓને માટે **अ०** = અમૃતના અંજન તુલ્ય અને **ती०** = તીર્થંકરોની પરમ અરિહંતપણું આદિ લક્ષ્મીના **ति०** = તિલક સમાન **चक्रं** = ધર્મચક્ર **ए०** = શોભે છે.[૨૭]

(૨) ઇન્દ્રધ્વજ :– આ શ્લોકમાં કવિ કલ્પના કરે છે કે— ભગવાનની સાથે રહેતો ઇન્દ્રધ્વજ એ ઇન્દ્રધ્વજ નથી, કિંતુ **ज०** = ત્રણ લોકમાં **अयमेव** = આ જ **एकः** = એક **स्वामी** = સ્વામી છે. **इति** = એમ **आ०** = કહેવા **उच्चैः** = ઊંચા **इ०** = ઇન્દ્રધ્વજના બહાને **ज०** = ઇન્દ્રે **त०** = તર્જની (અંગૂઠા પાસેની) આંગળી **उ०** = ઊંચી કરી છે.[૨૮]

---

૨૭. ધર્મચક્ર, ધર્મધ્વજ, (ઇન્દ્રધ્વજ), બે ચામર, પાદપીઠ સહિત સિંહાસન અને ત્રણ છત્ર આ પાંચ અતિશયો ભગવાન જ્યાં જ્યાં વિહાર કરે છે ત્યાં ત્યાં આકાશમાં સાથે ચાલ્યા કરે છે, અને જ્યાં જ્યાં ભગવાન બેસે છે ત્યાં ત્યાં નીચે મુજબ ઉપયોગમાં આવે છે. ધર્મચક્ર અને ધર્મધ્વજ આગળના ભાગમાં રહે છે. ચામરો વીંજાય છે. પાદપીઠ ઉપર ચરણોનું સ્થાપન થાય છે. સિંહાસન ઉપર ભગવાન બિરાજે છે. છત્રો મસ્તક ઉપર રહે છે.

૨૮. ઇન્દ્રધ્વજ રત્નમય અને હજાર યોજન ઊંચો હોય છે. એનો દંડ સુવર્ણનો હોય છે. બીજી અનેક નાની નાની દિવ્યવસ્ત્રોની ધ્વજાઓથી

यत्र पादौ पदं धत्तस्तव तत्र सुरासुराः ।
किरन्ति पङ्कजव्याजाच्छ्रियं पङ्कजवासिनीम् ॥३॥
दानशीलतपोभावभेदाद् धर्मं चतुर्विधम् ।
मन्ये युगपदाख्यातुं, चतुर्वक्त्रोऽभवद् भवान् ॥४॥

(૩) કમલ :–ભગવાનના ચરણ સ્થાપવાના સ્થાને દેવો વડે મૂકાતા કમળો અંગે ગ્રંથકાર કલ્પના કરે છે કે– હે વીતરાગ! **तव** = આપના **पादौ** = ચરણ **यत्र** = જ્યાં **पदं** = પગલું **धत्तः** = મૂકે છે. **तत्र**=ત્યાં **सु०** = દેવો અને દાનવો **पङ्कजव्याजात्** = કમળ મૂકવાના બહાને **पं०** = કમલમાં રહેતી **श्रियं** = લક્ષ્મીને **कि०** = મૂકે છે.[૨૯]

(૪) ચતુર્મુખ :–ધર્મદેશના સમયે ભગવાન ચતુર્મુખ કેમ હોય છે એ અંગે કવિ કલ્પના કરે છે કે – હે સ્વામી! **दा०** = દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ભેદોથી **च०** = ચાર પ્રકારના **धर्मं** = ધર્મને **यु०** = એકી સાથે–એક જ સમયે કહેવા **भ०** = આપ **च०** = ચાર મુખવાળા **अ०** = થયા **मन्ये** = એમ હું માનું છું.[૩૦]

યુક્ત હોય છે. તેમાં મણિની મધુર ધ્વનિ કરતી અનેક ઘુઘરીઓ–ઘંટડીઓ હોય છે.

૨૯. કમળો સુવર્ણના અને માખણ જેવા કોમળ હોય છે. કુલ નવ કમળો હોય છે. તેમાં બે કમળ ઉપર ભગવાન બે પગ મૂકીને ચાલે છે. સાત કમળ ભગવાનની પાછળ રહે છે. તેમાંથી બે બે ક્રમશઃ ભગવાનની આગળ આવ્યા કરે છે અને આગળના બે કમળ ક્રમશ: પાછળ આવ્યા કરે છે.

૩૦. પૂર્વ દિશા તરફ મુખ રાખીને પ્રભુ સ્વયં બિરાજે છે. શેષ ત્રણ દિશાઓમાં દેવો તેમના જેવા જ ત્રણ પ્રતિબિંબ વિકુર્વે છે. આથી સર્વ દિશાઓમાં બેઠેલા શ્રોતાઓને પ્રભુ સ્વયં અમારી સામે બેસીને ઉપદેશ આપે છે એવો વિશ્વાસ થાય છે.

त्वयि दोषत्रयात् त्रातुं, प्रवृत्ते भुवनत्रयीम् ।
प्राकारत्रितयं चक्रु-स्त्रयोऽपि त्रिदिवौकसः ॥५॥

अधोमुखाः कण्टकाः स्युर्धात्र्यां विहरतस्तव ।
भवेयुः सम्मुखीनाः किं, तामसास्तिग्मरोचिषः ? ॥६॥

(૫) ત્રણ ગઢ:- હે વિશ્વબંધુ ! **भु०** = ત્રણે લોકના જીવોનું **दो०** = રાગ, દ્વેષ અને મોહરૂપ ત્રણ દોષોથી **त्रातुं** = રક્ષણ કરવા **त्वयि प्रवृत्ते** = આપે પ્રારંભ કર્યો ત્યારે **त्रयोऽपि** = વૈમાનિક, ભવનપતિ અને જ્યોતિષ્ક એ ત્રણે પ્રકારના **त्रि०** = દેવોએ **प्रा०** = ત્રણ કોટ-ગઢ **चक्रुः** = કર્યા.[31]

(૬) કાંટા અધોમુખ:- હે નિરંજન નાથ ! **धात्र्यां** = પૃથ્વી ઉપર **वि०** = વિહાર કરતા **तव** = આપની આગળ **कं०** = કાંટાઓ **अ०** = અધોમુખ **स्युः** = થાય છે. **ति०** = સૂર્ય આગળ **ता०** = અંધકારના સમૂહો (અથવા ઘુવડો) **किं** = શું **सं० भ०** = સંમુખ થાય ? અર્થાત્ જેમ સૂર્યનો તેવો પ્રભાવ હોવાથી અંધકારના સમૂહો (અથવા ઘુવડો) સૂર્ય સામે જોઈ શકતા નથી, તેમ કંટકો આપના પ્રભાવથી આપની સામે જોઈ શકતા નથી.

---

૩૧. યદ્યપિ ભગવાનના અતિશયના પ્રભાવે દેવો ભક્તિથી ત્રણ ગઢ રચે છે. પણ અહીં ગ્રંથકારે કલ્પના કરી છે કે-ગઢમાં રહેવાથી શત્રુથી રક્ષણ થાય છે. આથી દેવોએ ગઢની રચના કરી. શત્રુ જેમ વધારે બલવાન તેમ ગઢ પણ વધારે જોઈએ. બલવાન ત્રણ શત્રુથી બચવા ત્રણ ગઢની રચના કરી. તેમાં પ્રથમ (અંદરનો) ગઢ વૈમાનિક દેવો રત્નનો બનાવે છે. બીજો (વચલો) ગઢ જ્યોતિષ્ક દેવો સુવર્ણનો બનાવે છે. ત્રીજો (બહારનો) ગઢ ભવનપતિ દેવો ચાંદીનો બનાવે છે. ત્રણે કિલ્લાઓની કાંગરી રત્નની હોય છે.

केशरोमनखश्मश्रु, तवावस्थितमित्ययम् ।
बाह्योऽपि योगमहिमा, नाप्तस्तीर्थकरैः परैः ॥७॥
शब्दरूपरसस्पर्शगन्धाख्याः पञ्च गोचराः ।
भजन्ति प्रातिकूल्यं न, त्वदग्रे तार्किका इव ॥८॥

(૭) કેશાદિની અવસ્થિતતા:- હે કરુણાસાગર ! **तव** = આપના **के०** = મસ્તકના વાળ, રોમ, નખ અને દાઢી – મૂછ **अ०** = અવસ્થિત રહે છે – વધતા નથી. **इति** = આ પ્રમાણે **तव** = આપનો **अयं** = આ **बाह्योऽपि** = બાહ્ય પણ **यो०** = યોગમહિમા **परैः** = અન્ય **ती०** = બ્રહ્મા આદિ દેવોએ **न आप्तः** = પ્રાપ્ત કર્યો નથી. (ત્યારે અંતરંગ યોગની વાત તો દૂર જ રહી.)

પ્રશ્ન :— આ અતિશય જો ભગવાનના યોગમહિમાથી હોય તો એને કર્મક્ષયજન્ય અતિશયોમાં ગણવો જોઈએ ને ?

ઉત્તર :— દીક્ષા સમયે ઇન્દ્ર ભગવાનની ભક્તિથી વજ્રના પ્રયોગથી મસ્તક, કેશ વગેરે જરા પણ વધે નહિ તેવા કરી દે છે. આથી આ અતિશય દેવકૃત છે.

(૮) વિષયોની અનુકૂળતા:- હે કૃપાસિંધુ ! **त्वदग्रे** = આપની પાસે **ता०** = બૌદ્ધ, સાંખ્ય, શૈવ, મીમાંસક, નૈયાયિક એ પાંચ તાર્કિકોની[૩૨] **इव** = જેમ **श०** = શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધ નામના **पञ्च** = પાંચ **गो०** = વિષયો **प्रा०** = પ્રતિકૂળ ભાવ **न भ०** = રાખતા નથી–અનુકૂળ રહે છે.[૩૩]

---

૩૨. પ્રતિકૂળ બનેલા બૌદ્ધો વગેરે ભગવાન પાસે આવે છે ત્યારે ભગવાનને જોઈને અને ભગવાનની પાંત્રીશ ગુણોથી યુક્ત વાણી સાંભળીને પ્રતિભારહિત બની જવાથી અને કોઇ જાતની દલીલ કરવાની શક્તિ ન રહેવાથી તેમનો બધો જ મદ ઓગળી જાય છે. આથી તેઓ ભગવાન પાસે દલીલ વગેરેથી પ્રતિકૂળ બનતા નથી.

૩૩. ભગવાનને વીણા વગેરેના આનંદદાયી શુભ શબ્દો જ સંભળાય છે. રૂપ પણ રાજવિભૂતિ, વિમાન, રમણીય નારી વગેરે સુંદર જ જોવામાં આવે છે. ભગવાનનો આહાર પણ મધુર આદિ શુભ રસરૂપે પરિણમે છે. એ પ્રમાણે સ્પર્શ અને ગંધ પણ અનુકૂળ હોય છે.

त्वत्पादावृतवः सर्वे, युगपत्पर्युपासते ।
आकालकृतकन्दर्प-साहायकभयादिव ॥९॥

सुगन्ध्युदकवर्षेण, दिव्यपुष्पोत्करेण च ।
भावित्वत्पादसंस्पर्शां, पूजयन्ति भुवं सुराः ॥१०॥

(૯) **ઋતુની અનુકૂળતા** : હે કૃપાસાગર! **इव** = જાણે કે **आ०** =સદા કામને-વિષય વાસનાને સહાય કરવાથી ભય ન લાગ્યો હોય તેમ[34] **सर्वे** = છએ **ऋतवः** = ઋતુઓ[35] **यु०** એકી સાથે **त्व०** = આપના ચરણોને **प०** = સેવે છે.[36]

(૧૦) **જળપુષ્પ-વૃષ્ટિ**:- હે જગદીશ! [37] **भा०** = જ્યાં આપના ચરણોનો સ્પર્શ થવાનો છે તે **भुवं** = ભૂમિને **सुराः** = દેવો **सु०**

---

૩૪. ગ્રંથકારે અહીં કલ્પના કરી છે કે—છએ ઋતુઓ ભગવાનને ભક્તિથી નહિ, કિંતુ ભયથી સેવે છે. ભગવાને કામને મથી નાખ્યો. કામ ભગવાનનો શત્રુ હતો. અમે ભગવાનના શત્રુ કામને સહાય કરીએ છીએ. (વસંત વગેરે ઋતુઓ કામને-વિષયવાસનાને જગાડે છે.) આથી ભગવાને જેમ કામને હણી નાખ્યો તેમ કામને સહાય કરનાર અમને પણ મારી નાખશે. આવા વિચારથી ભયભીત બનીને છએ ઋતુઓ ભગવાનને એકી સાથે સેવવા લાગી.

૩૫. ભગવાન જ્યાં વિહાર કરે છે ત્યાં ઉદ્યાન આદિમાં સર્વ ઋતુનાં પુષ્પ-ફલો થાય છે, અથવા સમવસરણમાં દેવોએ વૃષ્ટિ કરીને પાથરેલાં પુષ્પો છએ ઋતુનાં હોય છે એ અપેક્ષાએ આ અતિશય છે.

૩૬. આઠમી ગાથામાં જણાવેલ વિષયોની અનુકૂળતા અને આ ગાથામાં જણાવેલ ઋતુની અનુકૂળતા એ બંને મળીને એક જ અતિશય છે.

૩૭. **भावी-भविष्यन् तव पादयोः संस्पर्शो यस्यां तां भुवम् ।** પ્રથમ જળવૃષ્ટિ અને કુસુમવૃષ્ટિ થાય છે. પછી ત્યાં ભગવાન પધારે છે. આથી **भावी** એમ ભવિષ્યકાળનો પ્રયોગ કર્યો છે.

जगत्प्रतीक्ष्य ! त्वां यान्ति, पक्षिणोऽपि प्रदक्षिणम् ।
का गतिर्महतां तेषां, त्वयि ये वामवृत्तयः ? ॥११॥
पञ्चेन्द्रियाणां दौःशील्यं, क्व भवेद् भवदन्तिके ? ।
एकेन्द्रियोऽपि यन्मुञ्च-त्यनिलः प्रतिकूलताम् ॥१२॥

= સુગંધી જળની[૩૮] વૃષ્ટિથી च = અને दि० = દિવ્ય[૩૯] પુષ્પોના પુંજથી पू० = પૂજે છે.[૪૦]

સમવસરણની ભૂમિમાં ધૂળ શમાવવા માટે દેવો ચંદનાદિથી મિશ્રિત સુગંધી જળની વૃષ્ટિ કરે છે. ત્યાર પછી વિવિધ રંગનાં પુષ્પોની જાનુ-પ્રમાણ વૃષ્ટિ કરે છે. આ પુષ્પો સચિત્ત (જળ-સ્થળમાં ઉત્પન્ન થયેલાં) અને અચિત્ત (વિકુર્વેલાં) એ બંને પ્રકારનાં હોય છે. ગૃહસ્થો, સાધુઓ, મનુષ્યો, તિર્યંચો વગેરેનું પુષ્પો ઉપર ગમનાગમન થવા છતાં પુષ્પોને કિલામણા થતી નથી, બલ્કે તીર્થંકરના પ્રભાવથી અધિક ઉલ્લાસ થાય છે.

(૧૧) પક્ષી-પ્રદક્ષિણા:- ज० = હે જગતપૂજ્ય ! प० = પક્ષીઓ अपि = પણ त्वां = આપની प्र० = જમણી તરફ यान्ति = જાય છે—આપને પ્રદક્ષિણા આપે છે. (આથી) त्वयि = આપના ઉપર ये = જેઓ वा०[૪૧] = પ્રતિકૂળ વર્તન કરનારા છે तेषां = તે महतां = મોટાઓની (મનુષ્યજન્મ, જ્ઞાન, શાસ્ત્રાભ્યાસ આદિની અપેક્ષાએ પક્ષીઓથી મોટાઓની) का गतिः = કઈ ગતિ થશે ?

(૧૨) વાયુની અનુકૂળતા:- હે ત્રિભુવનપતિ ! भ० = આપની પાસે पं० = પંચેન્દ્રિયોની दौ० = પ્રતિકૂળતા क्व = ક્યાંથી भवेद् = હોય ?

---

૩૮. ભગવાન જ્યાં સ્થિરતા કરે ત્યાં ભૂમિ ઉપર ધૂળ ન ઊડે એ માટે દેવો સુગંધી જળની વૃષ્ટિ કરે છે.

૩૯. કલ્પવૃક્ષો, દેવલોકનાં વૃક્ષો વગેરેનાં દેવોએ વિકુર્વેલાં પુષ્પો હોવાથી દિવ્ય છે, અથવા દેવોએ વૃષ્ટિ-રચના કરી હોવાથી દિવ્ય છે.

૪૦. જળવૃષ્ટિ અને પુષ્પવૃષ્ટિ એ બંને જુદા અતિશયો છે.

૪૧. वामा-प्रतिकूला वृत्तिः-वर्तनं येषां.........।

मूर्ध्ना नमन्ति तरवस्त्वन्माहात्म्यचमत्कृताः ।
तत्कृतार्थं शिरस्तेषां, व्यर्थं मिथ्यादृशां पुनः ॥ १३ ॥
जघन्यतः कोटिसङ्ख्यास्त्वां सेवन्ते सुरासुराः ।
भाग्यसम्भारलभ्येऽर्थे, न मन्दा अप्युदासते ॥१४॥

इति चतुर्थप्रकाशः ।

यद् = કારણ કે **ए०** = એકેંદ્રિય **अपि** = પણ **अ०** = પવન **प्र०** = પ્રતિકૂલતાને **मुञ्चति** = છોડી દે છે. પવન સદા ભગવાનની સામેથી વાતો નથી, પાછળથી જ વાય છે. એ પવન શીતળ, સુખસ્પર્શ અને સુગંધી હોય છે. તે એક યોજન સુધી ભૂમિપ્રમાર્જન કરે છે. આવો પવન દેવતાઓ વિકુર્વતા હોવાથી આ અતિશય દેવકૃત છે.

(૧૩) વૃક્ષનમન :- હે કરુણાનિધિ! **त्व०** = આપના માહાત્મ્યથી ચમત્કાર પામેલાં **त०** = વૃક્ષો (આપને) **मूर्ध्ना** = મસ્તકથી **न०** = નમે છે. **तत्** = તેથી **तेषां** = તેમનું **शिरः** = મસ્તક **कृ०** = કૃતકૃત્ય છે. **पुनः** = પણ **मि०** = (આપને નમસ્કાર નહિ કરનાર) મિથ્યાદૃષ્ટિઓનું **शिरः** = મસ્તક **व्यर्थम्** = નિરર્થક છે.

(૧૪) કોટિદેવ સંનિધાન :- હે વિશ્વપૂજ્ય! **ज०** = જઘન્યથી પણ (ઓછામાં ઓછા) **को०** = એક ક્રોડ **सु०** = દેવ-દાનવો **त्वां** = આપની **से०** = સેવા કરે છે. (કારણ કે) **भा०** = પુણ્યના પુંજથી મળી શકે તેવા **अर्थे** = કાર્યમાં **मन्दा अपि** = ઓછી બુદ્ધિવાળા પણ **न उ०** = ઉપેક્ષા–આળસ કરતા નથી. (તો પછી નિપુણ દેવો મહાપુણ્યોદયથી મળેલી ભગવદ્‌ભક્તિમાં આળસ કેમ કરે?)

આ પ્રકાશમાં દેવકૃત ૧૯ અતિશયોમાંથી ૧૪ અતિશયોનું વર્ણન કર્યું છે. બાકીના અશોકવૃક્ષ, ચામર, સિંહાસન, દુંદુભિ અને છત્ર એ પાંચ અતિશયો પ્રાતિહાર્યમાં આવતા હોવાથી તેમનો પાંચમા પ્રકાશમાં ઉલ્લેખ કર્યો છે.

॥ पञ्चमप्रकाशः ॥

गायन्निवालिविरुतै-र्नृत्यन्निव चलैर्दलैः
त्वद्गुणैरिव रक्तोऽसौ, मोदते चैत्यपादपः ॥१॥
आयोजनं सुमनसो-ऽधस्तान्निक्षिप्तबन्धनाः।
जानुदघ्नीः सुमनसो, देशनोर्व्यां किरन्ति ते ॥२॥

(१) [અશોકવૃક્ષ] હે સમતાસિંધુ! **असौ** = આ **अ०** = અશોકવૃક્ષ **मो०** = જાણે કે હર્ષ પામે છે. (આથી) **अ०** = ભમરાઓના (મધુર) ગણગણ ધ્વનિથી **गायन् इव** = જાણે કે ગાઈ રહ્યો છે, અને **चलैर्दलैः** = પવનથી હાલતાં પાંદડાંઓથી **नृत्यन् इव** = જાણે નૃત્ય કરી રહ્યો છે. **त्व०** = આપના ગુણોથી–ગુણોના રાગથી **रक्त इव** = જાણે રક્ત છે.[૪૨] ગાયન, નૃત્ય અને રક્તતા–અનુરાગ એ હર્ષનાં લક્ષણો છે. હર્ષિત જીવ ગાયનાદિ કરે છે.

સમવસરણના મધ્યભાગમાં અરિહંતની કાયાથી બાર ગણું ઊંચું અને ચોતરફ એક યોજન વિસ્તૃત–પહોળું અશોકવૃક્ષ હોય છે. એનો રંગ લાલ હોય છે.

(२)[પુષ્પવૃષ્ટિ–] હે વીતરાગ! **ते** = આપના **दे०** = સમવસરણમાં **सु०** = દેવો **अ०** = જેમનાં ડીટાં નીચે કર્યાં છે એવાં **जा०** = જાનુ-પ્રમાણ[૪૩] **सु०** = પુષ્પો **आ०** = યોજન[૪૪] સુધી **कि०** = વર્ષાવે છે.

---

૪૨. अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च।
भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥
આ આઠ પ્રાતિહાર્યોનું આ પ્રકાશમાં ક્રમશઃ વર્ણન છે.

૪૩. ઘૂંટણ જેટલી ઊંચાઈ થાય તેટલાં પુષ્પો (યોજન સુધી) વર્ષાવે છે.

૪૪. અર્થાત્ સમવસરણની ભૂમિ સુધી.

मालवकैशिकीमुख्य-ग्रामरागपवित्रितः ।
तव दिव्यो ध्वनिः पीतो, हर्षोद्ग्रीवैर्मृगैरपि ॥३॥
तवेन्दुधामधवला, चकास्ति चमरावली ।
हंसालिरिव वक्त्राब्ज-परिचर्यापरायणा ॥४॥
मृगेन्द्रासनमारूढे, त्वयि तन्वति देशनाम् ।
श्रोतुं मृगाः समायान्ति, मृगेन्द्रमिव सेवितुम् ॥५॥

(૩) [**દિવ્ય ધ્વનિ-**] હે વિશ્વવત્સલ ! **तव** = આપનો **मा०** = માલકોશથી આરંભી ગ્રામરાગ સુધીના રાગોથી પવિત્ર થયેલો **दिव्यो ध्वनिः** = દિવ્ય ધ્વનિ **ह०** = હર્ષથી ઊંચી ડોકવાળા **मृगैरपि** = હરણોએ પણ **पीतः** = પીધો છે – ઉત્કંઠાપૂર્વક સાંભળ્યો છે.

ભગવાન માલકોશ રાગમાં દેશના આપે છે. ભગવાનના ધ્વનિને દેવો વીણા વગેરે વાજિંત્રોમાં પૂરે છે.–વીણા વગેરે માલકોશ રાગમાં વગાડે છે. આથી ભગવાનનો ધ્વનિ દિવ્ય છે. તે ધ્વનિ યોજન સુધી પહોંચે છે.

(૪) [**ચામર**] હે દયાસાગર ! **इव** = જાણે **व०** = આપના મુખરૂપ કમલની સેવામાં તત્પર **हंसालि** હંસોની શ્રેણિ ન હોય એવી **तव** = આપની સમક્ષ વીંજાતી **इ०** = ચંદ્રકિરણ સમાન શ્વેત **च०** = ચામરોની શ્રેણિ[૪૫] **च०** = શોભે છે.

(૫) [**સિંહાસન**] હે વિશ્વોપકારી! **त्वयि** = આપ **मृ०**[૪૬] = સિંહાસન ઉપર **आ०** = આરૂઢ થઈને **दे०** = ધર્મદેશના **त०** = કરો છો ત્યારે **मृगाः** = હરણો (પણ) **श्रोतुं** = આપની વાણી સાંભળવા માટે (તથા) **मृगेन्द्रमिव सेवितुम्** = સિંહની જેમ આપની સેવા કરવા માટે **स०** = આવે છે.

---

૪૫. સમવાયાંગ સૂત્રમાં એ ચામરો વીંજાય છે એવો ઉલ્લેખ છે.
૪૬. સિંહાસન આકાશ જેવા સ્વચ્છ સ્ફટિક રત્નનું હોય છે.

**भासां चयैः परिवृतो, ज्योत्स्नाभिरिव चन्द्रमाः ।
चकोराणामिव दृशां, ददासि परमां मुदम् ॥६॥
दुन्दुभिर्विश्वविश्वेश !, पुरो व्योम्नि प्रतिध्वनन् ।
जगत्याप्तेषु ते प्राज्यं, साम्राज्यमिव शंसति ॥७॥
तवोर्ध्वमूर्ध्वं पुण्यर्द्धि-क्रमसब्रह्मचारिणी ।
छत्रत्रयी त्रिभुवन-प्रभुत्वप्रौढिशंसिनी ॥८॥**

સિંહ જંગલનો રાજા ગણાય છે. આથી હરણોનો સ્વામી ગણાય છે. આપ સિંહાસન (સિંહના ચિહ્નવાળા આસન) ઉપર બિરાજેલા હોવાથી હરણો જેમ પોતાના સ્વામી ગણાતા સિંહની સેવા કરવા આવે તેમ આપની સેવા કરવા આવે છે.

(૬) **[ભામંડલ–]** હે વિભુ! **च०** = ચંદ્ર **इव** = જેમ **च०** = ચકોરોને આનંદ આપે છે તેમ **भासां चयैः** = કાંતિના સમૂહ (–ભામંડલ) થી **प०** = યુક્ત આપ **दृशां** = સજ્જનોની દૃષ્ટિને **प०** **मुदं** = પરમ આનંદ **द०** = આપો છો.

(૭) **[દુંદુભિ–]** **वि०** = હે સમગ્રભુવનેશ્વર! **व्योम्नि** = આકાશમાં **पुरः** = આપની આગળ **प्र०** = વાગી રહેલ **दुं०** = દુંદુભિ[૪૭] **इव** = જાણે **ज०** = જગતમાં **आ०** = (સઘળા) દેવોમાં **ते** = આપના **प्रा०** = પ્રકૃષ્ટ **सा०** = ઐશ્વર્યને **शं०** = કહે છે.

(૮) **[છત્ર–]** હે જગત્પ્રભુ! **तव** = આપના મસ્તકે **पु०** = પુણ્ય સંપત્તિના ક્રમ સમાન[૪૮] **ऊर्ध्वमूर्ध्वं** = ઉપર ઉપર રહેલાં **छ०** = ત્રણ છત્રો **त्रि०** = આપના ત્રિભુવન પ્રભુત્વના ઉત્કર્ષને જણાવે છે.

---

૪૭. દુંદુભિના અવાજથી ભગવાનના આગમનની ખબર પડતાં ચારે બાજુના પ્રદેશોમાં રહેલા લોકો દર્શન–વંદન–વાણી શ્રવણ માટે દોડી આવે છે.

૪૮. જેમ ત્રણ છત્રોમાં પછી પછીનું છત્ર મોટું હોય છે, તેમ ભગવાનને ક્રમશઃ સમ્યગ્દર્શન, દેશવિરતિ, સર્વવિરતિ, વીસસ્થાનકની આરાધનપૂર્વક

एतां चमत्कारकरीं, प्रातिहार्यश्रियं तव ।
चित्रीयन्ते न के दृष्ट्वा, नाथ ! मिथ्यादृशोऽपि हि ? ॥९॥

इति पञ्चमप्रकाशः ।

॥ षष्ठप्रकाशः ॥

लावण्यपुण्यवपुषि, त्वयि नेत्रामृताञ्जने ।
माध्यस्थ्यमपि दौःस्थ्याय, किं पुनर्द्वेषविप्लवः ? ॥१॥

(૯) **हि** = ખરેખર ! **नाथ** = હે નાથ ! **तव** = આપની **च०** = ચમત્કાર કરનારી **एतां** = આ **प्रा०** = પ્રાતિહાર્ય રૂપ સંપત્તિને **दृ०** = જોઈને **मि०** **अपि** = મિથ્યાદૃષ્ટિઓ પણ **के** = કોણ **न** **चि०** = આશ્ચર્ય પામતા નથી ? મિથ્યાદૃષ્ટિઓ પણ બધા આશ્ચર્ય પામે છે.

પ્રાતિહાર્યો પણ અતિશય વિશેષ જ છે. પ્રશ્ન :–પ્રાતિહાર્યો પણ અતિશય છે તો અતિશયની સંખ્યા ૩૪ થી પણ વધારે થાય. જ્યારે શાસ્ત્રમાં તો અતિશયોની સંખ્યા ૩૪ છે. ઉત્તર:–બાલજીવોના બોધ માટે સ્થૂલદૃષ્ટિએ શાસ્ત્રમાં ૩૪ અતિશયોનું વર્ણન છે. ભગવાનના અતિશયો તો અનંતા છે.

અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ અને દિવ્યધ્વનિ સિવાય પાંચ પ્રાતિહાર્યો તથા ધર્મચક્ર અને ઈન્દ્રધ્વજ એ બે અતિશયો વિહારમાં પણ ભગવાનની સાથે ચાલે છે.

(૧) હે દેવાધિદેવ ! **ला०** = લાવણ્યથી પવિત્ર કાયાવાળા અને **ने०** = નેત્રમાં અમૃતના અંજન સમાન **त्वयि** = આપના ઉપર **मा०** = (ભદ્રિક જીવોની) મધ્યસ્થતા–ઉદાસીનતા **अपि** = પણ **दौ०** = (આપના

તીર્થંકર નામ કર્મનો બંધ, તીર્થંકરના ભવમાં સર્વવિરતિની આરાધનાથી ક્ષપકશ્રેણિ દ્વારા કેવલજ્ઞાન, તીર્થંકર સંપત્તિનો ઉપભોગ અને મોક્ષ એમ પુણ્ય સંપત્તિ ઉત્તરોત્તર વિશેષ પ્રાપ્ત થાય છે.

तवापि प्रतिपक्षोऽस्ति, सोऽपि कोपादिविप्लुतः ।
अनया किंवदन्त्यापि, किं जीवन्ति विवेकिनः ? ॥२॥

ગુણોના જાણકારને) દુઃખ માટે થાય છે, **किं पुनः** = તો પછી **द्वे०** = દ્વેષથી–ઈર્ષ્યાથી (**विप्लव–**) અસત્ય દોષોની ઉદ્ઘોષણા દુઃખ માટે થાય એમાં પૂછવું જ શું ? દ્વેષવિપ્લવ તો મહાદુઃખ માટે થાય છે.

ભદ્રિક જીવો બીજા લૌકિક દેવોની જેમ અરિહંત પણ દેવ છે એવી મધ્યસ્થ બુદ્ધિ રાખે છે. આથી તેઓ બીજા દેવોનો ત્યાગ કરીને અરહિંત પરમાત્માનો સ્વીકાર કરતા નથી. તેમની આવી સ્થિતિથી અરિહંત પરમાત્માના ગુણોના જાણકારને દુઃખ થાય છે. જેમ ચિંતામણિ જોયા પછી તેની ઉપેક્ષા કરનાર—તેનો સ્વીકાર ન કરનાર મૂઢને જોઈને ચિંતામણિના ગુણોના જાણકારને " આ બિચારો નિર્ભાગ્ય શિરોમણિ છે, હાથમાં આવેલા ચિંતામણિને લેતો નથી. " આવું દુઃખ થાય છે તેમ. આ પ્રમાણે મધ્યસ્થ બુદ્ધિથી પણ દુઃખ થાય છે તો અત્યંત મૂઢ જીવો દ્વેષ-ઈર્ષ્યા આદિથી ભગવાનના ગુણોમાં પણ દોષોનું આરોપણ કરે તે જોઈને કે સાંભળીને અરિહંત પરમાત્માના ગુણોના જાણકારને અતિશય દુઃખ થાય તે સહજ છે.

(૨) હે નાથ ! **तव** = આપનો **अपि** = પણ **प्र० अ०** = પ્રતિપક્ષ —સ્પર્ધા કરનાર છે, અને **सोऽपि** = તે (પ્રતિપક્ષ) પણ **को०** = (સામાન્ય મનુષ્યોની જેમ) ક્રોધાદિથી હેરાન થયેલો છે. **अ०** = આવી **किं०** = લોકોક્તિથી **अपि** = પણ **वि०** = વિવેકીઓ = આપના અને ઈતર દેવોના ભેદને જાણનારા **किं**[४९] **जी०** = શું જીવે છે ? અર્થાત્ જીવી શકતા નથી.

૪૯. અથવા **किं जीवन्ति-कुत्सितं जीवन्ति ।** બહુ જ દુઃખપૂર્વક જીવે છે. ક્રોધાદિથી યુક્ત બ્રહ્માદિ દેવો ભગવાનના પ્રતિસ્પર્ધી છે એવી લોકોક્તિ વિવેકી જીવથી સાંભળી શકાય નહિ. આથી તે આવી લોકોક્તિને બંધ કરવા પ્રયત્ન કરે. તેમાં સફળ ન બને તો હૃદયમાં દુઃખ અનુભવે-દુઃખપૂર્વક જીવે આવો આ શ્લોકનો ભાવ છે.

विपक्षस्ते विरक्तश्चेत्, स त्वमेवाथ रागवान् ।
न विपक्षो विपक्षः किं, खद्योतो द्युतिमालिनः ? ॥३॥
स्पृहयन्ति त्वद्योगाय, यत् तेऽपि लवसत्तमाः ।
योगमुद्रादरिद्राणां, परेषां तत्कथैव का ? ॥४॥
त्वां प्रपद्यामहे नाथं, त्वां स्तुमस्त्वामुपास्महे ।
त्वत्तो हि न परस्त्राता, किं ब्रूमः ? किमु कुर्महे ? ॥५॥

(૩) હે વિશ્વબંધુ ! **तव** = આપનો **विपक्षः** = પ્રતિસ્પર્ધી **चेत्** = જો **विरक्तः** = રાગરહિત છે તો **स त्वमेव** = તે આપ જ છો. (કારણ કે બધા વીતરાગ વીતરાગ રૂપે એક જ હોય છે.) **अथ** = હવે જો તે પ્રતિસ્પર્ધી **रा०** = રાગવાળો છે તો **न वि०** = પ્રતિસ્પર્ધી જ નથી. (વીતરાગનો પ્રતિસ્પર્ધી રાગી શી રીતે હોઈ શકે ?) **किं** = શું **ख०** = પતંગ (—આગિયો) **द्यु०** = સૂર્યનો **वि०** = પ્રતિસ્પર્ધી બને છે ?

(૪) હે જગદીશ ! **ते** = તે **ल०** = લવસપ્તમ[૫૦] દેવો **अपि** = પણ **त्व०** = આપના યોગને (કેવલજ્ઞાનાદિ મોક્ષમાર્ગને) **स्पृ०** = ઇચ્છે છે. **यो०** = યોગની[૫૧]મુદ્રાથી દરિદ્ર–રહિત **प०** = પરદર્શનીઓને **तत्कथैव का** = આપના તે યોગની વાત પણ ક્યાંથી હોય ?[૫૨] અર્થાત્ પરતીર્થિક દેવો આપની બાહ્ય યોગમુદ્રા પણ પામ્યા નથી, તો આપના કેવલજ્ઞાનાદિ યોગને તો શે પામે ? અને તેથી આપના પ્રતિપક્ષ પણ કેવી રીતે હોઈ શકે ?

(૫) હે વિશ્વનાથ ! અમે **त्वां** = આપને **नाथं** = યોગ-ક્ષેમ

---

૫૦. મનુષ્ય ભવમાં સાત લવ (લવ = લગભગ ૩॥ મિનિટ) આયુષ્ય ઘટવાના કારણે કેવલજ્ઞાન ન થવાથી અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થયેલા.

૫૧. પર્યંકાસન, નાસાગ્ર ભાગે સ્થિર દૃષ્ટિ વગેરે યોગમુદ્રાથી.

૫૨. મૂળ શ્લોકમાં રહેલ **यद्** પદનો અર્થ બંને ટીકાકારોએ કર્યો નથી. પર તીર્થિકો ભગવાનના પ્રતિપક્ષ કેમ નથી તે આ શ્લોકમાં જણાવ્યું છે. આથી અહીં **यद्** પદનો **यद्–यस्मात्** એમ હેતુ અર્થ કરવો ઠીક લાગે છે.

स्वयं मलीमसाचारैः, प्रतारणपरैः परैः ।
वञ्च्यते जगदप्येतत्, कस्य पूत्कुर्महे पुरः ? ॥६॥
नित्यमुक्तान्, जगज्जन्म-क्षेमक्षयकृतोद्यमान् ।
वन्ध्यास्तनन्धयप्रायान्, को देवांश्चेतनः श्रयेत् ॥७॥

કરનારા નાથ તરીકે **प्र०** = સ્વીકારીએ છીએ. **त्वां** = આપની **स्तुमः** = સ્તુતિ કરીએ છીએ. **त्वां** = આપની **उ०** = ઉપાસના કરીએ છીએ. **हि** = કારણ કે **त्वत्तो** = આપનાથી **परः** = અન્ય કોઈ **न त्राता** = રક્ષણ કરનાર નથી. [અમે આપની સ્તુતિ અને સેવા કેમ કરીએ છીએ એ ભગવાનને જણાવતાં સ્તુતિકાર કહે છે કે–] **किं ब्रूमः** = અમે આપના સ્તવન સિવાય બીજું શું બોલીએ? **किमु कुर्महे** = આપની સેવા સિવાય બીજું શું કરીએ ? (કારણ કે આપની સ્તુતિ જ વચનનું ફળ છે. આપની સેવા જ મનુષ્ય જન્મનું ફળ છે. આપની સ્તુતિ સિવાય બીજું કોઈ વચનનું ફળ નથી અને આપની સેવા સિવાય બીજું કોઈ આ જીવનનું ફળ નથી. આથી આપની સ્તુતિ અને સેવા સિવાય બીજુ કશું જ કરવા લાયક નથી.)

(૬) હે કૃપાસિંધુ ! **स्वयं** = જાતે **म०** = મલિન આચારવાળા અને **प्र०** = લોકોને છેતરવામાં તત્પર **परैः** = પરતીર્થિક બ્રહ્માદિ દેવોથી અને યજ્ઞાદિમાં રત ગુરુઓથી **जगदपि** = જગતના લોકો[૫૩] પણ **वं०** = છેતરાય છે. આથી અમે આપના સિવાય બીજા **कस्य** = કોની **पुरः** = પાસે **पू०** = પુકાર કરીએ ?

(૭) **चे०** = બુદ્ધિશાળી **कः** = કોણ **नि०** – સદા[૫૪] મુક્ત, (સ્વભાવથી જ મુક્ત સ્વરૂપ,) **ज०** = જગતની (**जन्म–**) ઉત્પત્તિ, (**क्षेम–**) પાલન

---

૫૩. આવી પ્રવૃત્તિથી પોતાના આત્માને તો ઠગે છે, વધારામાં બીજા લોકોને પણ ઠગે છે એ **अपि** શબ્દનો ભાવ છે.

૫૪. કર્મબદ્ધ જીવ વિશિષ્ટ પુરુષાર્થથી કર્મમુક્ત બનીને ઈશ્વર થાય છે એમ જૈનદર્શન માને છે. કેટલાંક દર્શનો ઈશ્વર અનાદિકાળથી કર્મમુક્ત છે એમ માને છે.

कृतार्था जठरोपस्थ-दुःस्थितैरपि दैवतैः ।

भवादृशान्निह्नुवते, हाहा ! देवास्तिकाः परे ॥८॥

खपुष्पप्रायमुत्प्रेक्ष्य, किञ्चिन्मानं प्रकल्प्य च ।

सम्मान्ति देहे गेहे वा, न गेहेनर्दिनः परे ॥९॥

અને (**क्षय–**) નાશ માટે પ્રયત્ન કરનારા અને **व०** = વંધ્યાના પુત્રની જેમ અસત્[૫૫] **देवान्** = દેવોનો **श्रयेत्** = આશ્રય કરે ?

(૮) હે જગન્નાથ! **हाहा** = કેવી ખેદની બીના! **दे०** = દેવને માનનારા **परे** = બીજા મોહાંધ જીવો **ज०** = પેટ અને (**उपस्थ–**) ઇન્દ્રિયોથી વિટંબણા પામેલા **अपि** = પણ **दै०** = દેવતાઓથી (પોતાને) **कृ०** = કૃતકૃત્ય માનતા (માનીને) **भ०** = આપના જેવા (સર્વોત્કૃષ્ટ દેવો) નો **नि०** = અપલાપ કરે છે. અજ્ઞાન જીવો રાગી દેવોનો સ્વીકાર કરીને મૌન રહ્યા હોત તો હજી બહુ વાંધો ન હતો, પણ એ લોકો આગળ વધીને આપનામાં કોઈ વિશેષતા–મહત્તા નથી એમ કહીને આપનો અપલાપ કરે છે એ બહુ ખેદની બીના છે.

(૯) હે દેવાધિદેવ! **गे०** = ઘરમાં જ શૂર **परे** = પરવાદીઓ **ख०** = આકાશ કુસુમ[૫૬] જેવું **किञ्चित्०** = કંઈક **उ०** = સ્વમતિથી કલ્પીને

---

૫૫. નિત્યમુક્ત હોવું અને જગતની ઉત્પત્તિ આદિ માટે પ્રયત્ન કરવો એ બંનેમાં વિરોધ હોવાથી–એ બંને એક વ્યક્તિમાં ન ઘટતાં હોવાથી તે દેવો વંધ્યાસુતની જેમ અસત્ છે.

૫૬. જે વસ્તુ કોઈ પણ પ્રમાણથી સિદ્ધ ન થાય તે વસ્તુ ન હોય. જેમ કે આકાશપુષ્પ. પરવાદીઓએ કલ્પેલા આત્મા વગેરે પદાર્થો જેવા સ્વરૂપે કલ્પેલા છે તેવા સ્વરૂપે સિદ્ધ થતા નથી. જેમ આકાશ કુસુમ કોઈ પણ પ્રમાણથી સિદ્ધ ન થવાથી નથી, તેમ પરવાદીઓએ કલ્પેલા આત્મા વગેરે પદાર્થો જેવા સ્વરૂપે કલ્પેલા છે તેવા સ્વરૂપે કોઈ પણ પ્રમાણથી સિદ્ધ થતા ન હોવાથી નથી. આથી અહીં " **खपुष्पप्रायम्** " કહ્યું છે.

कामरागस्नेहरागावीषत्करनिवारणौ ।
दृष्टिरागस्तु पापीयान्, दुरुच्छेदः सतामपि ॥१०॥

प्रसन्नमास्यं मध्यस्थे, दृशौ लोकम्पृणं वचः ।
इति प्रीतिपदे बाढं, मूढास्त्वय्यप्युदासते ॥११॥

च = અને मानं = પ્રમાણ[૫૭] प्र० = કલ્પીને (અમે જ તત્ત્વ મેળવ્યું છે એમ ફૂલાઈ જવાથી) गेहे = સ્વદર્શનમાં वा = કે देहे = સ્વદેહમાં પણ न सं० = સમાતા નથી.

(૧૦) હે કૃપાળુ ! પરતીર્થિક દેવો, ગુરુઓ અને શાસ્ત્રો અનેક રીતે અપ્રમાણિક હોવા છતાં સારા માણસો પણ તેમાં વિશ્વાસ કેમ ધરાવે છે ? હા, હવે સમજાયું. તેઓ દૃષ્ટિરાગથી બંધાયેલા છે. का० = કામરાગ અને સ્નેહ રાગ ह० = સહેલાઈથી નિવારી શકાય છે, तु = પણ पा० = પાપી[૫૮] ह० = દૃષ્ટિરાગ सतामपि = સારા (તત્ત્વાતત્ત્વનો વિવેક કરવાની શક્તિ ધરાવનારા) માણસોથી પણ दु० = બહુકષ્ટથી દૂર કરી શકાય છે.

કામરાગ = ઇંદ્રિયોના શબ્દાદિ વિષયો અને વિષયોનાં સાધનો પ્રત્યે રાગ.

સ્નેહરાગ = પિતા વગેરે તથા પુત્ર વગેરે ઉપર પ્રેમ.

દૃષ્ટિરાગ = રાગાદિ દોષોથી ખરડાયેલા દેવો વગેરે ઉપર ગાઢ રાગ.

(૧૧) હે વીતરાગ ! आ० = આપનું મુખ प्र० = પ્રસન્ન છે. दृशौ = આપની આંખો म० = રાગદ્વેષથી રહિત છે. वचः = આપનું વચન लो० = લોકપ્રિય છે. इति = આ પ્રમાણે प्री० = પ્રેમપાત્ર त्वयि = આપના ઉપર अपि = પણ बाढं = અતિશય मूढाः = દૃષ્ટિરાગથી મુંઝાયેલા પરતીર્થિકો उ० = ઉદાસીન રહે છે—અનાદર ભાવ રાખે છે.

---

૫૭. સ્વમતિથી કલ્પેલા " બધાં જ શરીરોમાં એક જ આત્મા છે " વગેરે પદાર્થોને સિદ્ધ કરવા ખોટા પ્રમાણો ઉપજાવીને.

૫૮. મિથ્યાત્વાદિ પાપનું કારણ હોવાથી પાપી.

तिष्ठेद्वायुर्द्रवेदद्रि–र्ज्वलेज्जलमपि क्वचित् ।

तथापि ग्रस्तो रागाद्यै–र्नाप्तो भवितुमर्हति ॥१२॥

इति षष्ठप्रकाशः ।

(૧૨) હે વિશ્વવત્સલ! **क्वचित्** = કદાચ **वायुः** = વાયુ **अपि** = પણ **ति०** = સ્થિર બને, **अद्रिः** = પર્વત પણ **द्रवेत्** = ઓગળે, **जलं** = પાણી પણ **ज्व०** = બાળે. **तथाऽपि** = તો પણ **रा०** = રાગાદિ દોષોથી **ग्रस्तः** = આક્રાંત બનેલ જીવ **आप्तः** = આપ્ત **भ०** = થવાને **न अर्हति** = યોગ્ય નથી.

॥ सप्तमप्रकाशः ॥

धर्माधर्मौ विना नाङ्गं, विनाङ्गेन मुखं कुतः ? ।

मुखाद्विना न वक्तृत्वं, तच्छास्तारः परे कथम् ? ॥१॥

अदेहस्य जगत्सर्गे, प्रवृत्तिरपि नोचिता ।

न च प्रयोजनं किंचित्, स्वातन्त्र्यान्न पराज्ञया ॥२॥

(૧) **ध०** = શુભાશુભ કર્મ **विना** = વિના **न अङ्गं** = શરીર ન હોય **अङ्गेन विना** = શરીર વિના **मुखं कुतः** = મુખ ક્યાંથી હોય ? **मुखाद् विना** = મુખ વિના **व० न** = વચન–આગમ ન હોય. **तत्** = તેથી **परे** = અન્યદર્શનોમાં માન્ય દેવો **शा०** = ઉપદેશદાતા કે શાસ્ત્રપ્રણેતા **कथं** = કેવી રીતે હોઈ શકે ?

આગમ કે ઉપદેશ વચનરૂપ છે, વચન મુખ વિના ન હોય, મુખ શરીર વિના ન હોય, શરીર શુભાશુભ કર્મ વિના ન હોય. કેટલાક ઈશ્વરને પ્રથમથી જ કર્મરહિત માને છે. આથી શરીર–મુખ વિનાના તેમના ઈશ્વર ધર્મોપદેશ ન આપી શકે કે વચનરૂપ શાસ્ત્રોની રચના ન કરી શકે. આથી તેમના ઈશ્વર આગમપ્રણેતા કે ધર્મોપદેશદાતા નથી.

(૨) **अ०** = શરીર રહિત ઈશ્વરની **ज०** = વિશ્વના નિર્માણમાં

क्रीडया चेत्प्रवर्तेत, रागवान्स्यात्कुमारवत् ।
कृपयाऽथ सृजेत्तर्हि, सुख्येव सकलं सृजेत् ॥३॥

प्रवृत्तिरपि[५९] = પ્રવૃત્તિ પણ **न उचिता** = ઘટતી નથી. **च** = બીજી વાત એ છે કે ઈશ્વરને વિશ્વ નિર્માણનું **किञ्चित्** = કોઈ **प्र०**[६०] **न** = પ્રયોજન નથી.

પૂર્વપક્ષ : [स्वातन्त्र्यात् न पराज्ञया-] કૃતકૃત્ય હોવાથી ઈશ્વરને વિશ્વનિર્માણનું કોઈ પ્રયોજન-વિશિષ્ટ હેતુ નથી. ઈશ્વર સ્વતંત્ર છે. સ્વતંત્ર હોવાથી ઈશ્વર **न पराज्ञया** = પરની આજ્ઞાથી પ્રવૃત્તિ કરતા નથી, કિંતુ **स्वातन्त्र्यात्** = સ્વતંત્રપણે-સ્વેચ્છાથી પ્રવૃત્તિ કરે છે. આથી વિશ્વનિર્માણ સ્વેચ્છાથી કરે છે. વિશ્વનિર્માણનું કોઈ પ્રયોજન ન હોવા છતાં ઈશ્વરને વિશ્વનિર્માણની ઇચ્છા થઈ જાય છે એથી વિશ્વ-નિર્માણ કરે છે.

આ પૂર્વપક્ષનો ઉત્તરપક્ષ ત્રીજી ગાથામાં છે. તે આ પ્રમાણે—

(3) ઉત્તરપક્ષ : જો ઈશ્વર સ્વેચ્છાથી વિશ્વનિર્માણ કરે છે તો ક્રીડા કરવાની ઇચ્છારૂપ સ્વેચ્છાથી વિશ્વનિર્માણ કરે છે કે જગતના જીવો ઉપર દયા કરવાની ઇચ્છારૂપ સ્વેચ્છાથી વિશ્વનિર્માણ કરે છે? ઇશ્વર **चेत्** = જો **क्री०** = ક્રીડા કરવાની ઇચ્છાથી **प्र०** = વિશ્વનિર્માણની પ્રવૃત્તિ કરે તો **कु०** = ભીની રેતીમાં મહેલ વગેરે બનાવીને ક્રીડા કરતાં નાનાં બાળકોની જેમ **रा०** = રાગી **स्यात्** = બને. ઈશ્વર અને રાગી એ કદી સંભવિત નથી. આથી ક્રીડાથી ઇશ્વર વિશ્વનિર્માણ કરે છે એમ માની શકાય નહિ. **अथ** =

---

૫૯. શરીર રહિત જીવ જેમ આગમપ્રણયન-ધર્મોપદેશ ન કરી શકે તેમ જગતનિર્માણ પણ ન કરી શકે એ '**अपि**' શબ્દનો ભાવ છે. આગમપ્રણયન અને ધર્મોપદેશની જેમ વિશ્વનિર્માણ પણ શરીર વિના ન થઈ શકે.

૬૦. બુદ્ધિશાળીની પ્રવૃત્તિમાં ઈષ્ટની પ્રાપ્તિ કે અનિષ્ટનો પરિહાર એ બેમાંથી કોઈ એક પ્રયોજન હોય છે. ઈશ્વરને આ બેમાંથી એક પણ પ્રયોજન નથી. ઈશ્વર સર્વ ઇચ્છાઓથી મુક્ત હોય છે. આથી ઈશ્વરને વિશ્વ-નિર્માણમાં કોઈ પ્રયોજન નથી.

दुःखदौर्गत्यदुर्योनि-जन्मादिक्लेशविह्वलम् ।
जनं तु सृजतस्तस्य, कृपालोः का कृपालुता ? ॥४॥
कर्मापेक्षः स चेत्तर्हि, न स्वतन्त्रोऽस्मदादिवत् ।
कर्मजन्ये च वैचित्र्ये, किमनेन शिखण्डिना ? ॥५॥
अथ स्वभावतो वृत्ति-रवितर्क्या महेशितुः ।
परीक्षकाणां तर्ह्येष, परीक्षाक्षेपडिण्डिमः ॥६॥

હવે જો **कृपया** = દયાથી **सृजेत्** = વિશ્વનિર્માણ કરે **तर्हि** = તો **स०** = સંપૂર્ણ લોકને—જગતના બધા જ જીવોને **सुख्येव** = સુખી જ **सृजेत्** = બનાવે.

(૪) **दुःख०** = શારીરિક-માનસિક દુઃખો, દરિદ્રતા, નરકાદિદુર્ગતિ અને જન્મ વગેરેથી થતા ક્લેશોથી ભયભીત **जनं** = પ્રાણીઓનું **सृजतः** = નિર્માણ કરતા **तस्य कृपालोः** = તે કૃપાળુ (ઈશ્વર)ની **का कृ०** = શી દયા ? બલ્કે નિષ્કારણ નિર્દયતા જ છે. આથી કૃપાથી જગતનિર્માણ કરે છે એમ માની શકાય નહિ.

(૫) **चेत्** = હવે જો તમે કહેશો કે **सः** = ઈશ્વર **क०** = કર્મની અપેક્ષાવાળો છે, જીવોના શુભાશુભ કર્મ પ્રમાણે સુખદુઃખ આપે છે. **तर्हि** = તો તે ઈશ્વર[૬૧] **अ०** = આપણી જેમ **न स्व०** = સ્વતંત્ર ન રહ્યો. જે પરતંત્ર હોય તે ઈશ્વર કેમ કહેવાય ? **च** = હવે બીજી વાત. તમારા જ કહેવા પ્રમાણે આ જગતમાં દેખાતું **वै०** = વૈચિત્ર્ય **क०** = કર્મજન્ય હોવાથી-કર્મથી થતું હોવાથી **शि०** = નપુંસક-નકામા **अ०** = આ ઈશ્વરનું **किम्** = શું કામ છે ? દેખાતી વિચિત્રતા કર્મથી થાય છે. એમાં ઈશ્વરને વચ્ચે લાવવાની જરા ય જરૂર નથી.

(૬) પૂર્વપક્ષઃ— **अथ** – હવે જો તમે કહેશો કે **म०** = ઈશ્વરની **वृत्तिः** = વિશ્વનિર્માણ આદિ પ્રવૃત્તિ **अ०** = તર્ક કરવાને યોગ્ય નથી—

---

૬૧. **अस्मदादिवत्** માં રહેલ **आदि** પદનો અર્થ સ્વયં સમજી લેવો.

सर्वभावेषु कर्तृत्वं, ज्ञातृत्वं यदि सम्मतम् ।
मतं नः सन्ति सर्वज्ञा, मुक्ताः कायभृतोऽपि च ॥७॥

ઈશ્વર શા માટે વિશ્વનિર્માણ આદિ પ્રવૃત્તિ કરે છે એવો તર્ક-પ્રશ્ન જ કરવો ઠીક નથી. કારણ કે **સ્વ૦** = ભગવાન સ્વભાવથી વિશ્વનિર્માણ આદિ પ્રવૃતિ કરે છે. સ્વભાવ અંગે પ્રશ્ન કરવો અનુચિત છે. શું અગ્નિ ઉષ્ણ કેમ છે એવો પ્રશ્ન થઈ શકે? નહિ જ. કારણ કે અગ્નિનો ગરમ સ્વભાવ છે. તેમ ઈશ્વરનો વિશ્વનિર્માણ આદિ પ્રવૃત્તિ કરવાનો સ્વભાવ છે. આથી ઈશ્વર વિશ્વનિર્માણ આદિ પ્રવૃત્તિ કેમ કરે છે એવો તર્ક અસ્થાને છે.

ઉત્તરપક્ષ :— **तर्हि** = તો તો **एषः** = તમારું આ કથન **प०** = પરીક્ષકોને માટે **परीक्षा०** = ઈશ્વરની પરીક્ષાના નિષેધ માટે પટહ છે. ઈશ્વરની કોઈએ પરીક્ષા કરવી નહિ એવું જણાવવા પટહની ઉદ્‌ઘોષણા જેવું છે.

(૭) **यदि** = જો **स०** = સર્વપદાર્થોમાં **ज्ञा०** – જ્ઞાતાપણું (સર્વ પદાર્થોને જાણવું) એ જ ઈશ્વરનું **क०** = કર્તાપણું છે, એમ તમારું **सं०** = માનવું હોય તો **नः मतं** = એ અમારે પણ સંમત છે. કારણ કે [૬૨]**नः** = અમારા **सन्ति सर्वज्ञाः**– ઈશ્વર સર્વજ્ઞ છે. અમારા સર્વજ્ઞ ઈશ્વરોમાં કેટલાક **मुक्ताः** = સર્વ કર્મોથી મુક્ત છે, કાયાથી રહિત છે. **च** = અને કેટલાક **का० अपि** = કાયાને ધારણ કરનારા પણ છે.[૬૩]

---

૬૨. જેમ ઘરના ઉંબરામાં રહેલો દીવો ઘરમાં અને ઘર બહાર એ બંને સ્થળે પ્રકાશ પાથરે છે, તેમ અહીં એક જ **नः** પદનો અન્વય **मतं** અને **सर्वज्ञाः** એ બંને પદો સાથે છે. આથી અનુવાદમાં **नः** પદ બે વાર લખ્યું છે. બીજે પણ જ્યાં જ્યાં એક જ પદ બે વાર લખ્યું હોય ત્યાં ત્યાં આ પ્રમાણે સમજી લેવું.

૬૩. જૈન દર્શન જે ઈશ્વરને (સર્વ કર્મોથી મુક્ત) સિદ્ધ તરીકે ઓળખે છે, તેને વેદાંત વગેરે દર્શનો વિદેહમુક્ત તરીકે ઓળખે છે. દેહથી–

सृष्टिवादकुहेवाक-मुन्मुच्येत्यप्रमाणकम् ।
त्वच्छासने रमन्ते ते, येषां नाथ ! प्रसीदसि ॥८॥
इति सप्तमप्रकाशः ।

॥ अष्टमप्रकाशः ॥

सत्त्वस्यैकान्तनित्यत्वे, कृतनाशाकृतागमौ ।
स्यातामेकान्तनाशेऽपि, कृतनाशाकृतागमौ ॥१॥

(८) **नाथ** = હે નાથ ! **येषां** = જેમના ઉપર **प्र०** = આપ પ્રસન્ન બનો છો **ते** = તે જીવો **इति** = આવા **अ०** = અપ્રામાણિક **सृ०** = સૃષ્ટિવાદના કદાગ્રહને **उ०** = છોડીને **त्व०** = આપના શાસનમાં **र०** = રમે છે–આ જ તત્ત્વ છે એમ માનીને આનંદ પામે છે.

(१) **स०** = વસ્તુ તત્ત્વને **ए०** = એકાંતે નિત્ય માનવામાં **कृ०** = કૃત–નાશ અને અકૃત–આગમ એ બે દોષો **स्याताम्** = થાય છે. વસ્તુતત્ત્વને **ए०** = એકાંતે અનિત્ય માનવામાં **अपि** = પણ **कृ०** = કૃત–નાશ અને અકૃત-આગમ એ બે દોષો થાય છે.

આ વિષયને આપણે ઘટના દૃષ્ટાંતથી વિચારીએ.

(१) કૃતનાશ : જે વસ્તુ સર્વથા નિત્ય હોય તે જેમ નાશ ન પામે તેમ ઉત્પન્ન પણ ન થાય, ઉત્પન્ન થયેલી જ હોય છે. આથી જો ઘટ એકાંતે નિત્ય હોય-ઉત્પન્ન થયેલો જ હોય તો કુંભાર માટીના સ્થાસ, કોશ, કુશૂલ વગેરે આકારો તૈયાર કરીને ઘટ બનાવે છે, જે આપણે બધા પ્રત્યક્ષ

શરીરથી રહિત બનીને જે મુક્ત બન્યા તે વિદેહમુક્ત. જૈન દર્શન જે ઇશ્વરને (શરીરધારી) અરિહંત–કેવલી તરીકે ઓળખે છે, તેને વેદાંત વગેરે દર્શનો સદેહમુક્ત તરીકે ઓળખે છે. સદેહ મુકત એટલે શરીરધારી મુક્ત. વિદેહ મુક્ત એટલે સર્વ કર્મોથી મુકત. સદેહ મુકત એટલે રાગાદિ દોષોથી મુક્ત.

आत्मन्येकान्तनित्ये स्यान्न भोगः सुखदुःखयोः ।
एकान्तानित्यरूपेऽपि, न भोगः सुखदुःखयोः ॥२॥

જોઈએ છીએ, તેનો વિનાશ થાય-તે આકારો નકામા થાય. કારણ કે ઘટ તો ઉત્પન્ન થયેલો જ છે. અર્થાત્ કુંભારે બનાવેલા ઘટના આકારો –પર્યાયો (ઘટ બનાવવામાં ઉપયોગી ન થવાથી) નકામા થાય. આ પ્રમાણે વસ્તુને એકાંતે નિત્ય માનવામાં કૃતનો=કરેલાનો નાશ=કૃતનાશ દોષ ઉત્પન્ન થાય.

(૨) અકૃતાગમ : જો ઘટ સર્વથા નિત્ય છે તો ઘટના [૬૪] આકારો –પર્યાયો પણ સર્વથા નિત્ય છે–કોઈએ બનાવ્યા નથી. આથી ઘટના સ્થાસ–કોશ–કુશૂલ વગેરે આકારો–પર્યાયો કર્યા વિના જ થયેલા છે. આ પ્રમાણે અકૃતનું–નહિ કરેલાનું આગમ–આવવું થાય છે.

એકાંતે અનિત્ય માનવામાં પણ એ જ દોષો—

(૧) કૃતનાશ : વસ્તુને એકાંતે અનિત્ય માનનારા બૌદ્ધો દરેક વસ્તુને પ્રતિક્ષણ વિનાશશીલ માને છે. આથી પ્રથમ ક્ષણે વિદ્યમાન ઘટ બીજી ક્ષણે નાશ પામે છે. એટલે કુંભારે કરેલા ઘટનો નાશ થાય છે. આમ એકાંતે અનિત્ય માનવામાં પણ કૃતનો–કરેલાનો નાશ=કૃતનાશ દોષ આવે છે.

(૨) અકૃતાગમ : પ્રથમ ક્ષણે વિદ્યમાન ઘટ બનાવવા લાયક માટી બીજી જ ક્ષણે સર્વથા નાશ પામે છે. માટી નાશ પામવાથી સ્થાસ–કોશ-કુશૂલ વગેરે આકારો બની શકે નહિ. માટીમાંથી તૈયાર થયેલા સ્થાસ–કોશ–કુશૂલ વગેરે પર્યાયો આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. તો એ ક્યાંથી આવ્યા ? કર્યા વિના જ ટપકી પડ્યા એમ જ માનવું પડે ને? આમ એકાંતે અનિત્ય માનવામાં પણ અકૃતનું–નહિ કરેલાનું આગમન રૂપ દોષ ઉત્પન્ન થાય છે.

(૨) आ०ए० = આત્માને એકાંતે નિત્ય માનવામાં **सु०** =સુખ-દુઃખનો **भोगः** = અનુભવ **न स्यात्** = ન થાય. **ए०** = આત્માને એકાંતે અનિત્ય માનવામાં **अपि** = પણ **सु०** = સુખ–દુઃખનો **भो०** = અનુભવ **न** = ન થાય.

૬૪. જેમ ઘટ વસ્તુ છે તેમ, ઘટના આકારો–પર્યાયો પણ વસ્તુ છે. વસ્તુને એકાંતે નિત્ય માનનારના મતે વસ્તુ માત્ર નિત્ય છે. આથી પર્યાયો પણ નિત્ય છે–કોઈએ કર્યા નથી.

पुण्यपापे बन्धमोक्षौ, न नित्यैकान्तदर्शने ।
पुण्यपापे बन्धमोक्षौ, नानित्यैकान्तदर्शने ॥३॥

એકાંત નિત્ય પક્ષમાં સુખ-દુઃખના અનુભવનો અભાવ—

સુખ અને દુઃખ વિરોધી પદાર્થો હોવાથી એકી સાથે અનુભવી શકાય જ નહિ, ક્રમથી જ અનુભવી શકાય. ક્રમથી સુખ-દુઃખને અનુભવે તો આત્મા સર્વથા નિત્ય ન રહી શકે. કારણ કે સુખનો અનુભવ કર્યા પછી દુઃખનો અનુભવ કરનાર આત્મા સુખી રૂપે નાશ પામીને દુઃખી રૂપે ઉત્પન્ન થાય. એ પ્રમાણે દુઃખનો અનુભવ કર્યા પછી સુખનો અનુભવ કરનાર આત્મા દુઃખી રૂપે નાશ પામે અને સુખી રૂપે ઉત્પન્ન થાય. આથી એકાંત નિત્ય આત્મા સદા એકલું સુખ જ ભોગવી શકે કે સદા એકલું દુઃખ જ ભોગવી શકે. આમ આત્માને એકાંતે નિત્ય માનવામાં સુખ-દુઃખ એ બેનો અનુભવ ન થઈ શકે.

એકાંત અનિત્ય પક્ષમાં સુખ-દુઃખના અનુભવનો અભાવ—

પૂર્વે કહ્યું તેમ એકી સાથે સુખ-દુઃખ બંને અનુભવી શકાય નહિ. ક્રમથી પણ ત્યારે જ અનુભવી શકાય કે જો આત્મા બીજી (વગેરે) ક્ષણે રહેતો હોય. એકાંત અનિત્ય વાદીના મતે તો બીજી જ ક્ષણે આત્મા નાશ પામે છે. આથી એક જ જીવ ક્રમથી સુખ-દુઃખ બંનેનો અનુભવ કેવી રીતે કરી શકે?

(૩) **नि०** = આત્માને એકાંત નિત્ય માનનાર દર્શનમાં-મતમાં **पु०** = પુણ્ય-પાપ અને **बं०** = બંધ-મોક્ષ **न** = ઘટતા નથી. **अ०** = આત્માને એકાંતે અનિત્ય માનનાર દર્શનમાં-મતમાં પણ **पु०** = પુણ્ય-પાપ અને **बं** = બંધ-મોક્ષ **न** - ઘટતા નથી.

એકાંત નિત્ય દર્શનમાં પુણ્ય-પાપ અને બંધ-મોક્ષની અસંગતિ :—

જે વસ્તુ એકાંતે નિત્ય હોય તે સદા એકસરખી રહે. આથી જો આત્મા એકાંતે નિત્ય હોય તો સદા પુણ્યવાન-પુણ્યના ઉદયવાળો જ રહે, અથવા સદા પાપી-પાપના ઉદયવાળો જ રહે. આત્મા થોડો સમય પુણ્યવાન

क्रमाक्रमाभ्यां नित्यानां, युज्यतेऽर्थक्रिया न हि ।
एकान्तक्षणिकत्वेऽपि, युज्यतेऽर्थक्रिया न हि ॥४॥

અને થોડો સમય પાપી બને તો એકાંતે નિત્ય ક્યાં રહ્યો?[૬૫] એ જ પ્રમાણે એકાંત નિત્ય આત્મા સદા બંધાયેલો રહે કે સદા મુક્ત રહે. પ્રથમ બદ્ધ હોય અને પછી મુક્ત બને તો આત્માની એકાંતે નિત્યતા ક્યાં રહી?[૬૬] આમ એકાંત નિત્ય આત્મામાં પુણ્ય-પાપ અને બંધ-મોક્ષ ન ઘટે.

એકાંત અનિત્યદર્શનમાં પુણ્ય-પાપ અને બંધ-મોક્ષની અસંગતિઃ—

એકાંત અનિત્ય દર્શનમાં આત્મા એક જ ક્ષણ રહે છે. એક જ ક્ષણમાં પુણ્ય-પાપ એ બેનો ઉદય કેવી રીતે ઘટી શકે?[૬૭] એ પ્રમાણે એક જ ક્ષણમાં બંધ-મુક્તિ એ બંને ન ઘટે.[૬૮]

(૪) **नि०** = આત્મા વગેરે એકાંત નિત્ય વસ્તુમાં **क्र०** = ક્રમથી કે અક્રમથી (યુગપત્-એકીસાથે) **अ०** = અર્થક્રિયા **यु० हि न** = ઘટતી જ નથી. **ए०** = આત્મા વગેરે એકાંત અનિત્ય વસ્તુમાં **अपि** = પણ **यु० हि न** = અર્થક્રિયા ઘટતી જ નથી.

---

૬૫. અથવા પુણ્ય-પાપ શુભાશુભ ક્રિયાથી ઉત્પન્ન થાય છે. એકાંત નિત્ય આત્મામાં ક્રિયા (ચોથા શ્લોકમાં કહેવાશે તેમ) ઘટી શકતી નહિ હોવાથી પુણ્ય-પાપ પણ ઘટી શકતાં નથી.

૬૬. અથવા બંધ એટલે વિશિષ્ટ સંયોગ. સંયોગ એટલે અપ્રાપ્તિની પ્રાપ્તિ. આથી બંધ એટલે પૂર્વકાલીન અપ્રાપ્તિ રૂપ અવસ્થાનો ત્યાગ અને પ્રાપ્તિરૂપ અવસ્થાનું થવું. એકાંત નિત્ય આત્મામાં આ ઘટે નહિ. આથી બંધ પણ ઘટે નહિ. બંધ વિના મોક્ષ પણ ન ઘટે.

૬૭. અથવા પ્રથમ ક્ષણે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર આત્મા બીજી જ ક્ષણે નાશ પામી જવાથી પુણ્ય-પાપના ફળરૂપ સુખ-દુઃખનો અનુભવ ન થવાથી પુણ્ય-પાપ નિરર્થક બને છે.

૬૮. અથવા આત્માનો બીજી ક્ષણે નિરન્વય (સર્વથા) નાશ થતો હોવાથી બંધ અને મોક્ષનો આધાર એક જ આત્મા રહેતો નથી. જે આત્મા બંધાયો હતો તેનો નિરન્વય નાશ થઈ જવાથી મોક્ષ કોનો? જે બંધાય તે જ મુક્ત થાય.

અર્થક્રિયા એટલે તે તે વસ્તુનું તે તે કાર્ય. જેમ કે-ઘટનું કાર્ય જલાહરણ હોવાથી ઘટની અર્થક્રિયા જલાહરણ છે. પટનું કાર્ય આચ્છાદન હોવાથી પટની અર્થક્રિયા આચ્છાદન છે. અર્થક્રિયાકારિત્વ = અર્થક્રિયાનું કરવું (–પોતાનું કાર્ય કરવું) એ વસ્તુનું લક્ષણ છે. અર્થાત્ જે અર્થક્રિયા (–પોતાનું કાર્ય) કરનાર હોય તે જ વસ્તુ કે પદાર્થ કહેવાય. જે વસ્તુમાં આ લક્ષણ ન ઘટે તે અસત્ હોય. એકાંત નિત્ય કે એકાંત અનિત્ય વસ્તુમાં આ લક્ષણ ઘટતું ન હોવાથી તે અસત્ સિદ્ધ થાય.

એકાંત નિત્ય આત્મામાં અર્થક્રિયાની અસંગતિ :—

અર્થક્રિયા બે રીતે થાય. ક્રમથી કે અક્રમથી–યુગપત્. એકાંત નિત્ય પદાર્થમાં બન્ને રીતે અર્થક્રિયા ઘટતી નથી. દા. ત., સુખ–દુઃખનો અનુભવ આત્માનું કાર્ય છે. આત્મા ક્રમથી સુખ–દુ:ખનો અનુભવ કરે તો નિત્ય ન રહે, કારણ કે પ્રથમ સુખનો અનુભવ કરે પછી દુ:ખનો અનુભવ કરે એટલે આત્માનો સ્વભાવ બદલાઈ જાય. પ્રથમ સુખાનુભવનો સ્વભાવ, પછી દુ:ખાનુભવનો સ્વભાવ. એકાંત નિત્ય આત્મા આ પ્રમાણે સ્વભાવ ભેદવાળો ન હોય, કિંતુ સદા એક જ સ્વભાવવાળો હોય. આ પ્રમાણે ઘટાદિ દરેક પદાર્થમાં ક્રમથી (જલાહરણાદિ) કાર્ય કરવામાં સ્વભાવભેદ થાય છે. હવે જો ક્રમથી કાર્ય કરવામાં સ્વભાવભેદના યોગે નિત્યત્વની હાનિ થવાના ભયથી અક્રમથી = એકી સાથે કાર્ય કરે છે એમ માનવામાં આવે તો તે પણ ઘટી શકે નહિ. કારણ કે દરેક કાર્ય ક્રમથી થાય છે એ પ્રત્યક્ષ દેખાય છે. જેમકે, આત્મા પ્રથમ સુખ અનુભવે છે, પછી દુઃખ અનુભવે છે. આત્મા સુખ–દુ:ખ બંને એકી સાથે અનુભવતો નથી. એ પ્રમાણે કુંભાર પ્રથમ ઘડો, પછી ઘડી, પછી કથરોટ એમ ક્રમશ: કાર્ય કરે છે. હવે બીજી વાત. જો એકી સાથે જ બધાં કાર્યો કરી નાખે તો એક જ સમયમાં બધાં કાર્યો થઈ જવાથી બીજા વગેરે સમયોમાં કોઈ કાર્ય કરવાનું રહેશે નહિ. એથી પદાર્થ અસત્ બની જશે.[૬૯] આ પ્રમાણે એકાંત નિત્ય પદાર્થમાં ક્રમથી કે અક્રમથી અર્થક્રિયા (સ્વ–કાર્ય) ઘટતી નથી.

---

૬૯. જે કાર્ય કરે તે જ વસ્તુ સત્ છે. જે કાર્ય ન કરે તે વસ્તુ નથી–અસત્ છે. અર્થાત્ જેમાં અર્થક્રિયા-કાર્ય હોય તે જ વસ્તુ કહેવાય.

यदा तु नित्यानित्यत्वरूपता वस्तुनो भवेत् ।
यथाऽऽत्थ भगवन्नैव, तदा दोषोऽस्ति कश्चन ॥५॥

એકાંત અનિત્ય પદાર્થમાં અર્થક્રિયાની અસંગતિ—

એકાંત અનિત્યના મતે દરેક વસ્તુ એક જ ક્ષણ રહેતી હોવાથી ક્રમથી અર્થક્રિયા (સ્વકાર્ય) ઘટી શકે નહિ. કર્તા એકથી વધારે સમય રહેતો હોય તો જ ક્રમથી અર્થક્રિયા ઘટે. અક્રમથી—એકીસાથે પણ અર્થક્રિયા ઘટી શકે નહિ. તેમાં પ્રત્યક્ષ વિરોધ છે. દરેક કાર્ય ક્રમથી થાય છે એ પ્રત્યક્ષ દેખાય છે. તથા એકી સાથે એક જ ક્ષણમાં બધાં જ કાર્યો થઈ જાય તો બીજી ક્ષણે પદાર્થ અર્થક્રિયાથી રહિત થઈ જવાથી અવસ્તુ—અસત્ બની જશે.

આમ, એકાંત નિત્ય અને એકાંત અનિત્ય પક્ષમાં ક્રમથી કે અક્રમથી અર્થક્રિયા નહિ ઘટવાથી પદાર્થ અસત્ બની જાય છે. આથી એ બંને પક્ષો અસંગત છે.[૭૦]

(૫) भ० = હે ભગવંત ! **तु** = પણ **यदि** = જો **यथा आत्थ** = આપે જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે **वस्तुनः** = દરેક વસ્તુનું **नि०** = કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય સ્વરૂપ **भ०** = હોય, **तदा** = તો **कश्चन** = કોઈ પણ **दोषः** = દોષ-વિરોધ **न एव** = છે જ નહિ.

પ્રશ્ન : વસ્તુને નિત્યાનિત્ય માનવામાં દોષ કેમ ન રહે ? બલ્કે દોષો વધે ! કારણ કે પૂર્વે નિત્યપક્ષમાં અને અનિત્યપક્ષમાં જે દોષો બતાવ્યા છે તે બધા જ નિત્યાનિત્ય પક્ષમાં આવે. નિત્યપક્ષમાં તો કેવળ નિત્યપક્ષના જ અને અનિત્ય પક્ષમાં કેવળ અનિત્ય પક્ષના જ દોષો આવે, જ્યારે નિત્યાનિત્ય પક્ષમાં તો બંને પક્ષના દોષો આવવાથી દોષો વધે.

ઉત્તર : નિત્યાનિત્યતા એટલે નિત્યતા અને અનિત્યતાનો સરવાળો નથી, કિંતુ તાણાવાણાની જેમ એકમેક થઈ ગયેલ એ બેનો વિલક્ષણ યોગ

---

૭૦. આ વિષયના વિશેષ બોધ માટે આ શ્લોકનું સંસ્કૃત વિવરણ, સ્યાદ્વાદમંજરી, સન્મતિતર્કટીકા વગેરે ગ્રંથોનું અવલોકન કરવું.

गुडो हि कफहेतुः स्यान्नागरं पित्तकारणम् ।
द्वयात्मनि न दोषोऽस्ति, गुडनागरभेषजे ॥६॥
द्वयं विरुद्धं नैकत्रा–ऽसत्प्रमाणप्रसिद्धितः ।
विरुद्धवर्णयोगो हि, दृष्टो मेचकवस्तुषु ॥७॥
विज्ञानस्यैकमाकारं, नानाकारकरम्बितम् ।
इच्छंस्तथागतः प्राज्ञो, नानेकान्तं प्रतिक्षिपेत् ॥८॥

છે. કેટલીક એવી વસ્તુઓ હોય છે, કે જે એકલી હોય તો દોષ કરે, પણ બીજી વસ્તુની સાથે વિલક્ષણ યોગ થાય તો બંનેના દોષોનો નાશ થાય અને નવો ગુણ પ્રગટે. આ જ વિષયને છઠ્ઠી ગાથામાં જણાવે છે—

(૬) **हि** = ૭૧ કારણ કે **गुडः** = એકલો ગોળ **क०** = કફનું કારણ **स्यात्** = બને, **ना०** = એકલી સૂંઠ **पि०** = પિત્તનું કારણ બને. પણ **द्व० गु०** = સૂંઠ-ગોળ બંને મેળવીને બનાવેલી ગોળીમાં (ઔષધિમાં) **दोषः** = દોષ **न अस्ति** = નથી. બલ્કે આમવાતનો નાશ વગેરે લાભ થાય છે.

(૭) **अ०** = વિરોધની સિદ્ધિ થઇ શકે એવું કોઇ સત્ય પ્રમાણ નહિ હોવાથી **एकत्र** = એક જ વસ્તુમાં **द्वयं** = નિત્યત્વ અને અનિત્યત્વ એ બે **विरुद्धं न** = વિરુદ્ધ નથી. **हि** = કારણ કે **मे०** = વિવિધ રંગવાળી વસ્તુઓમાં **वि०** = કૃષ્ણ, શ્વેત વગેરે વિરુદ્ધ રંગોનો યોગ **दृष्टः** = પ્રત્યક્ષ જોવામાં આવ્યો છે.

(૮) **वि०** = વિજ્ઞાનનો **एकं** = એક જ **आ०** = આકાર (–સ્વરૂપ) **ना०** = ઘટ-પટ આદિ જુદાં જુદાં સ્વરૂપોથી મિશ્ર બને છે એમ **इ०** =

૭૧. પાંચમા શ્લોકમાં વસ્તુને નિત્યાનિત્ય માનવામાં દોષ નથી એમ જણાવ્યું છે. વસ્તુને નિત્યાનિત્ય માનવામાં દોષ કેમ નથી એ પ્રશ્નના સમાધાન માટે આ શ્લોક છે. આથી અહીં 'કારણ કે' અર્થમાં **हि** શબ્દ છે. વસ્તુને નિત્યાનિત્ય માનવામાં કોઇ દોષ નથી. કારણ કે એકલો ગોળ...

... .

चित्रमेकमनेकं च, रूपं प्रामाणिकं वदन् ।
योगो वैशेषिको वापि, नानेकान्तं प्रतिक्षिपेत् ॥९॥
इच्छन्प्रधानं सत्त्वाद्यै-र्विरुद्धैर्गुम्फितं गुणैः ।
साङ्ख्यः सङ्ख्यावतां मुख्यो, नानेकान्तं प्रतिक्षिपेत् ॥१०॥

ઈચ્છતો–માનતો **प्राज्ञः** = બુદ્ધિમાન **त०** = બૌદ્ધ **अ०** = અનેકાંતવાદનું **न प्र०** = ખંડન કરે નહિ–ખંડન કરી શકે નહિ.

ભાવાર્થ : જ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધ દરેક પદાર્થને જ્ઞાન સ્વરૂપ માને છે. એનું કહેવું છે કે જેવી રીતે અરીસામાં વસ્તુનું પ્રતિબિંબ પડવાથી અરીસો તદાકાર ભાસે છે. એમ જ્ઞાનમાં જ્ઞેય પદાર્થના આકારનું પ્રતિબિંબ સંક્રમિત થવાથી જ્ઞાન જ જ્ઞેય સ્વરૂપ બને છે. આથી તેના મતે એક જ વસ્તુ જ્ઞાન છે અને જ્ઞેય પણ છે. અર્થાત્ એક જ વસ્તુમાં વિરોધી જ્ઞાન–જ્ઞેયત્વ ધર્મોનો સમાવેશ થયો. આ અનેકાંતવાદ જ છે. આથી તેણે આ રીતે અનેકાંતવાદનો સ્વીકાર કર્યો કહેવાય. અનેકાંતવાદનો સ્વીકાર કરનાર અનેકાંતવાદનું ખંડન કરી શકે નહિ. આથી આ ગાથામાં કહ્યું કે—બુદ્ધિમાન બૌદ્ધ અનેકાંતવાદનું ખંડન ન કરે.

(૯) **चित्रं** = જુદા જુદા રંગોથી વિચિત્ર **एकं रूपं** = એક જ રૂપને **अनेकं** = અનેક સ્વરૂપે **प्रा०** = પ્રમાણ સિદ્ધ **वदन्** = કહેતો **योगः** = નૈયાયિક **वा** = કે **वै०** = વૈશેષિક પણ **अ०** = અનેકાંતવાદનું **न प्र०** = ખંડન ન કરે--ખંડન કરી શકે નહિ.

ભાવાર્થ : નૈયાયિકો અને વૈશેષિકો જુદા જુદા રંગોથી વિચિત્ર (રંગબેરંગી) પટ આદિનું એક જ જ્ઞાન અનેક સ્વરૂપે માને છે. એ પટમાં શ્વેત, કૃષ્ણ આદિ અનેક વિરુદ્ધ ધર્મોનું જ્ઞાન થાય છે. તેમાં તેઓ વિરોધ માનતા નથી. આ રીતે એક જ રૂપને (રંગબેરંગી) અનેક રૂપે માનવાથી અનેકાંતવાદનો સ્વીકાર કરનાર નૈયાયિકો અને વૈશેષિકો કયા મોઢે અનેકાંતવાદનો વિરોધ કરી શકે?

(૧૦) **प्र०** = પ્રકૃતિને **स०** = સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ **वि०** = પરસ્પર વિરુદ્ધ **गुणैः** = ગુણોથી **गु०** = યુક્ત **इ०** = ઇચ્છતો–માનતો

विमतिः सम्मतिर्वापि, चार्वाकस्य न मृग्यते ।
परलोकात्ममोक्षेषु, यस्य मुह्यति शेमुषी ॥११॥

સં૦ मुख्यः = વિદ્વાનોમાં મુખ્ય **સાં૦** = સાંખ્ય **અ૦** = અનેકાંતવાદનો **न प्र०** = વિરોધ કરે નહિ–કરી શકે નહિ.

ભાવાર્થ : સાંખ્યો આત્માને પુરુષ કહે છે. આ પુરુષ કશું જ કરતો નથી. આથી પુરુષ શુભાશુભ કર્મનો કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી, કિંતુ કમલપત્રની જેમ સર્વથા નિર્લેપ છે. તો પછી તે સંસારમાં પરિભ્રમણ કેમ કરે છે એ પ્રશ્નના સમાધાન માટે તેઓ કહે છે કે તેનું કારણ પ્રકૃતિ નામનું તત્ત્વ છે. પ્રકૃતિ જ શુભાશુભ કર્મોને કરે છે અને ભોગવે છે. પુરુષ ચેતન છે. પ્રકૃતિ જડ છે. આથી બંને તદ્દન જુદા છે. પ્રકૃતિ અને પુરુષ તદ્દન ભિન્ન હોવા છતાં ચેતન પુરુષમાં પ્રકૃતિનું પ્રતિબિંબ પડવાથી પુરુષને એવો ભ્રમ થાય છે કે 'હું પ્રકૃતિ જ' છું. આથી પ્રકૃતિ જ શુભાશુભ કર્મોને કરનાર અને ભોગવનાર હોવા છતાં પુરુષને હું શુભાશુભ કર્મનો કર્તા અને ભોકતા છું એવો ભ્રમ થાય છે. પ્રકૃતિ સુખદુઃખને અનુભવતી હોવા છતાં પુરુષને હું સુખી છું, દુઃખી છું એમ ભાસે છે. અર્થાત્ પ્રકૃતિના સુખદુઃખાદિ ધર્મો પુરુષને પોતાનામાં ભાસે છે. એ જ પ્રમાણે (પુરુષમાં પ્રકૃતિનું પ્રતિબિંગ પડવાથી) પ્રકૃતિને હું પુરુષ છું એવો ભ્રમ થવાથી પુરુષનો ચૈતન્ય ધર્મ જડ પ્રકૃતિમાં ભાસે છે. આ પ્રમાણે પુરુષ–પ્રકૃતિના ભેદની અજ્ઞાનતાના યોગે સંસાર છે. જ્યારે પુરુષને ભેદ (–પ્રકૃતિથી હું ભિન્ન છું એવું) જ્ઞાન થઈ જાય છે ત્યારે પુરુષ અને પ્રકૃતિ જુદા પડી જાય છે. આથી પુરુષનો–આત્માનો સંસાર મટી જાય છે.

હવે આપણે પ્રસ્તુત વિષયની વાત કરીએ. સાંખ્યો પ્રકૃતિને સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ સ્વરૂપ માને છે. આ ત્રણે ગુણો પરસ્પર વિરોધી છે. એક જ વસ્તુમાં પરસ્પર વિરોધી ગુણોને સ્વીકારવાથી અનેકાંતવાદનો સ્વીકાર થઈ જ ગયો. આ રીતે અનેકાંતવાદનો સ્વીકાર કરનાર સાંખ્ય અનેકાંતવાદનો વિરોધ કેવી રીતે કરી શકે ?

(૧૧) પ૦ = પરલોક, આત્મા અને મોક્ષમાં **यस्य** = જેની **શે૦** =

तेनोत्पादव्ययस्थेम–सम्भिन्नं गोरसादिवत् ।

त्वदुपज्ञं कृतधियः, प्रपन्ना वस्तु वस्तुसत ॥१२॥

इत्यष्टमप्रकाशः ।

બુદ્ધિ **मु०** = મુંઝાય છે તે **चा०** = ચાર્વાકના–નાસ્તિકના **वि०** = વિરોધને **वाऽपि** = કે **सं०** = સ્વીકારને **न मृ०** = વિચારવાની જરૂર નથી.

ચાર્વાક અનેકાંતવાદનો સ્વીકાર કરે છે કે વિરોધ કરે છે એ વિચારવાની જરૂર નથી. કારણ કે ચાર્વાક આબાલ–ગોપાલ પ્રસિદ્ધ જીવાદિ પદાર્થોને પણ નહિ સમજી શકવાથી બુદ્ધિરહિત છે. બુદ્ધિરહિત માણસની કિંમત કેટલી? બુદ્ધિહીન માણસ અનેકાંતવાદનો સ્વીકાર કરે તો ય શું અને વિરોધ કરે તો ય શું ?

(૧૨) હે ભગવન્ ! **तेन** = તેથી[૭૨] **कृ०** = વિદ્વાનોએ **त्व०** = આપે પ્રરૂપેલ **गो०** = ગોરસ આદિની જેમ **उ०** = ઉત્પત્તિ–વિનાશ–સ્થિતિથી યુક્ત[૭૩] **वस्तुसत्**[૭૪] = પારમાર્થિક **वस्तु** = વસ્તુનો **प्र०** = સ્વીકાર કર્યો છે.

---

૭૨. અનેકાંતવાદ (આઠમાથી દસમા શ્લોક સુધીમાં કહ્યું તેમ) સર્વસંમત હોવાથી. અથવા અનેકાંતાત્મક જ વસ્તુ પારમાર્થિક હોવાથી.

૭૩. જેમ દૂધમાંથી દહીં બનતાં ગોરસ દૂધરૂપે નાશ પામે છે, દધિરૂપે ઉત્પન્ન થાય છે અને ગોરસ રૂપે (સ્થિર) રહે છે, તેમ દરેક વસ્તુ પ્રત્યેક ક્ષણે પૂર્વ પર્યાયરૂપે નાશ પામે છે, ઉત્તર પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે, અને દ્રવ્યરૂપે–વસ્તુરૂપે કાયમ રહે છે. આથી દરેક વસ્તુ ઉત્પત્તિ–વિનાશ–સ્થિતિશીલ છે. ઉત્પત્તિ–વિનાશ–સ્થિતિશીલ વસ્તુ જ પારમાર્થિક વસ્તુ છે.

૭૪. **वस्तुवृत्त्या सत (= वस्तुसत) पारमार्थिकमिति यावद् ॥**

।। नवमप्रकाशः ।।

यत्राल्पेनापि कालेन, त्वद्भक्तेः फलमाप्यते ।
कलिकालः स एकोऽस्तु, कृतं कृतयुगादिभिः ।।१।।
सुषमातो दुःषमायां, कृपा फलवती तव ।
मेरुतो मरुभूमौ हि, श्लाघ्या कल्पतरोः स्थितिः ।।२।।
श्राद्धः श्रोता सुधीर्वक्ता, युज्येयातां यदीश ! तत् ।
त्वच्छासनस्य साम्राज्य-मेकच्छत्रं कलावपि ।।३।।

(૧) હે દેવાધિદેવ ! **यत्र** = જે કાલમાં **त्व०** = આપની ભક્તિનું **फलं** = ફળ **अ०** = થોડા **का०** = સમયમાં પણ **आ०** = મળે છે, **सः** = તે **एकः** = એક **क०** = કલિકાલ–દુઃષમાકાલ જ **अस्तु** = હો, **कृतं कृ०** = કૃતયુગ = સુષમા આદિ કાલથી સર્યું !

આપની ભક્તિનું ફળ સુષમા આદિ કાળમાં પૂર્વકોટિ વર્ષના આયુષ્યથી જેટલું મળે છે તેટલું જ દુઃષમા કાળમાં સો વર્ષના આયુષ્યથી મળે છે. આથી અપેક્ષાએ સુષમા (ચોથો આરો) આદિ કાળથી દુઃષમા (પાંચમો આરો) ઘણો સારો છે.

(૨) હે જિનેશ્વર ! **सु०** [૭૫] = સુષમા કાલથી (–ચોથા આરાથી) **दु०** = દુઃષમા કાળમાં-પાંચમા આરામાં **तव** = આપની **कृपा** = મહેરબાની **फ०** = વિશેષ ફળવાળી બને છે. **हि** = કારણ કે **मेरुतः** = મેરુ પર્વત કરતાં **म०** = મારવાડની ભૂમિમાં **क०** = કલ્પવૃક્ષની **स्थितिः** = વિદ્યમાનતા **श्लाघ्या** = વધારે પ્રશંસનીય છે.

(૩) **ईश** = હે નાથ ! **यदि** = જો **श्राद्धः श्रोता** = પરમ શ્રદ્ધાળુ શ્રોતા અને **सुधीर्वक्ता** = આગમનાં રહસ્યને જાણનાર વક્તા એ બેનો **यु०** = સુયોગ થાય **तत्** = તો **कलौ अपि** = કલિકાલમાં પણ **त्व०** = આપના શાસનનું **सा०** = સામ્રાજ્ય **ए०** = એકછત્ર બને-સર્વત્ર પ્રસરે.

---

૭૫. **सुषमा** શબ્દનો અર્થ બીજો આરો થાય છે. પણ પ્રસ્તુત પ્રકરણાનુસાર ચોથો આરો અર્થ ઘટે છે. **पदैकदेशे पदसमुदायोपचारः** એ ન્યાયે **सुषमा** શબ્દનાસ્થાને **दुःषमसुषमा** શબ્દ સમજીને ચોથોઆરો અર્થ ઘટી શકે છે.

युगान्तरेऽपि चेन्नाथ!, भवन्त्युच्छृङ्खलाः खलाः ।
वृथैव तर्हि कुप्यामः, कलये वामकेलये ॥४॥

कल्याणसिद्ध्यै साधीयान्, कलिरेव कषोपलः ।
विनाग्निं गन्धमहिमा, काकतुण्डस्य नैधते ॥५॥

(૪) **नाथ** = હે સ્વામી ! **चेद्** = જો **यु०** **अपि** = સુષમાદિ ચોથા કાળમાં પણ **उ०** = ઉદ્ધત **खलाः** = દુર્જનો **भ०** = હોય છે, **तर्हि** = તો **वा०** = પ્રતિકૂળ આચરણવાળા **कलये** = પાંચમા આરા ઉપર **वृथैव** = નિરર્થક જ **कु०** = અમે કોપ કરીએ છીએ.

(૫) હે જગદીશ ! **क०** = કલ્યાણની સિદ્ધિ (–પરીક્ષા) માટે **क०** = કસોટી સમાન **कलिः** **एव** = પાંચમો આરો જ **सा०** = વધારે સારો છે. **अग्निं विना** = અગ્નિ વિના **का०** = અગરુના **गं०** = ગંધનો પ્રભાવ **न** **ए०** = વધતો નથી.

સારી સામગ્રી હોય, ઉચ્ચ આલંબનો હોય તો આરાધના સુકર બને છે. સામગ્રી પૂર્ણ ન હોય, આલંબનો પણ બહુ ઉચ્ચ ન હોય તો આરાધના દુષ્કર બને છે. પાંચમા આરામાં સામગ્રીની અપૂર્ણતા અને બહુ ઉચ્ચ આલંબનોનો અભાવ હોવાથી આરાધના દુષ્કર છે. આથી પાંચમા આરામાં સાધકના સત્ત્વની ખરી પરીક્ષા થાય છે. વિશિષ્ટ સત્ત્વ હોય તો જ પાંચમા આરામાં-કલિકાલમાં આરાધના થઈ શકે છે. આથી કલિકાલમાં આરાધના કરનાર સત્ત્વશાળી છે એ સિદ્ધ થાય છે. માટે જ કલ્યાણની સિદ્ધિ માટે કલિકાલ વધારે સારો છે એમ અહીં કહ્યું.

અહીં **कल्याण** શબ્દનો સુવર્ણ અર્થ પણ થઈ શકે. જેમ સુવર્ણની પરીક્ષા માટે કસોટી જોઈએ, કસોટીમાંથી પસાર થયેલું સુવર્ણ શુદ્ધ નક્કી થાય છે, તેમ આત્મકલ્યાણની પરીક્ષા માટે કલિકાલ કસોટી સમાન છે. કલિકાલમાં આરાધના કરનાર આત્મા સત્ત્વવંત છે એમ નક્કી થાય છે.

निशि दीपोऽम्बुधौ द्वीपं, मरौ शाखी हिमे शिखी।
कलौ दुरापः प्राप्तोऽयं, त्वत्पादाब्जरजःकणः ॥६॥
युगान्तरेषु भ्रान्तोऽस्मि, त्वद्दर्शनविनाकृतः।
नमोऽस्तु कलये यत्र, त्वद्दर्शनमजायत ॥७॥
बहुदोषो दोषहीनात्, त्वत्तः कलिरशोभत।
विषयुक्तो विषहरात्, फणीन्द्र इव रत्नतः ॥८॥

इति नवमप्रकाशः।

---

(૬) હે વીતરાગ ! જેમ કોઈને **निशि दीपः** = રાત્રે દીપક મળી જાય, **अम्बुधौ द्वीपं** = સમુદ્રમાં દ્વીપ મળી જાય, **मरौ शाखी** = મારવાડની ભૂમિમાં વૃક્ષ મળી જાય, અને **हिमे शिखी** = ઠંડીમાં અગ્નિ મળી જાય તેમ, **कलौ दुरापः** = કલિકાલમાં દુર્લભ **अयं** = આ **त्व०** = આપના ચરણકમળનો રજકણ **प्राप्तः** = મેં પ્રાપ્ત કર્યો છે.

અહીં જણાવેલાં ચાર દૃષ્ટાંતોની આધ્યાત્મિક દૃષ્ટિએ ઘટના આ પ્રમાણે છે. મિથ્યાત્વ રૂપ રાત્રિના અજ્ઞાન રૂપ અંધકારમાં અથડાતા જીવોને કેવલજ્ઞાન રૂપ પ્રદીપથી માર્ગ બતાવવાથી ભગવાન દીપક સમાન છે. ભવરૂપ સમુદ્રમાં ડૂબતા જીવોને બચાવવાથી ભગવાન દ્વીપ સમાન છે. આંતરિક રાગાદિક દોષ રૂપ તાપથી તપેલા જીવોને વિશ્રામ લેવા ભગવાન વૃક્ષ સમાન છે. મોહરૂપ ઠંડી દૂર કરવાથી ભગવાન અગ્નિ સમાન છે.

(૭) હે દેવાધિદેવ ! **त्व०** = આપના દર્શન (= સમ્યગ્દર્શન)થી વંચિત હું **यु०** = કલિકાલથી અન્ય કૃતયુગાદિ કાળમાં **भ्रान्तोऽस्मि** = સંસારમાં ભમ્યો છું. આથી મને **यत्र** = જ્યાં **त्व०** = આપનાં દર્શન **अ०** = થયાં છે **कलये** = તે કલિકાલને **नमोऽस्तु** = નમસ્કાર હો !

(૮) **इव** = જેમ **वि०** = વિષધર **फ०** = સર્પ **वि०** = વિષહર **रत्नतः** = રત્નથી **अ०** = શોભે પામેલો છે, તેમ **ब०** = ઘણા દોષવાળો **कलिः** = કલિકાલ **दो०** દોષરહિત **त्वत्तः** = આપનાથી **अ०** = શોભા પામેલો છે.

॥ दशमप्रकाशः ॥

मत्प्रसत्तेस्त्वत्प्रसादस्त्वत्प्रसादादियं पुनः ।
इत्यन्योन्याश्रयं भिन्धि, प्रसीद भगवन् मयि ॥१॥
निरीक्षितुं रूपलक्ष्मीं, सहस्राक्षोऽपि न क्षमः ।
स्वामिन् ! सहस्रजिह्वोऽपि, शक्तो न ते गुणान् ॥२॥

(१) भ० = હે ભગવાન ! म० = મારી[૭૬] પ્રસન્નતાથી त्व० = આપનો પ્રસાદ-મહેરબાની થાય. पुनः = અને इयं = આ–મારી પ્રસન્નતા त्व० = આપના પ્રસાદથી થાય. इति = આ પ્રમાણે अ० = અન્યોન્યાશ્રયને भिन्धि = ભેદી નાખો, मयि = મારા ઉપર प्रसीद – પ્રસન્ન બનો.

સેવક પ્રસન્ન બને તો ભગવાન પ્રસન્ન બને, અને ભગવાન પ્રસન્ન બને તો સેવક પ્રસન્ન બને. બેમાંથી એક પ્રસન્ન થાય તો બીજો અવશ્ય પ્રસન્ન થાય. પણ પહેલાં કોણ પ્રસન્ન બને ? અહીં સ્તુતિકાર ભગવાનને કહે છે કે હે ભગવાન ! મારી પ્રસન્નતા તો તુચ્છ છે. આપની પ્રસન્નતા જ મહત્ત્વની છે. આથી તુચ્છ મારી પ્રસન્નતાને અવગણીને (સેવક પ્રસન્ન થયા પછી હું પ્રસન્ન બનું એવો વિચાર છોડીને) પ્રથમ આપ પ્રસન્ન બનો. આપ પ્રસન્ન બનશો એટલે હું અવશ્ય પ્રસન્ન બનીશ. એથી અન્યોન્યાશ્રય (સેવક પ્રસન્ન બને તો સ્વામી પ્રસન્ન બને સ્વામી પ્રસન્ન બને તો સેવક પ્રસન્ન બને) પણ દૂર થશે.

(२) स्वामिन् = હે સ્વામી ! ते = આપની रू० = રૂપશોભાને नि० = યથાર્થ રૂપે જોવા स० अपि = હજાર આંખવાળો પણ न क्षमः = સમર્થ નથી. ते = આપના गुणान् = ગુણોને वक्तुं = કહેવા स० अपि = હજાર જીભવાળો પણ न शक्तः = સમર્થ નથી.

---

૭૬. અહીં પ્રસન્નતા એટલે સમભાવપૂર્વક ભગવાનની આજ્ઞાનું સમ્યગ્ પાલન.

संशयान् नाथ ! हरसेऽनुत्तरस्वर्गिणामपि ।
अतः परोऽपि किं कोऽपि, गुणः स्तुत्योऽस्ति वस्तुतः ॥३॥
इदं विरुद्धं श्रद्धत्तां, कथमश्रद्दधानकः ।
आनन्दसुखसक्तिश्च, विरक्तिश्च समं त्वयि ॥४॥
नाथेयं घटयमानापि, दुर्घटा घटतां कथम् ? ।
उपेक्षा सर्वसत्त्वेषु, परमा चोपकारिता ॥५॥

(૩) **नाथ** = હે નાથ ! **अ०** **अपि** = અનુત્તર દેવોના પણ **सं०** = સંશયોને **हरसे** = આપ દૂર કરો છો. **किं** = શું **अत :**[77] = આનાથી **परः** = બીજો **कोऽपि** = કોઈ પણ **गुणः** = ગુણ **वस्तुतः** = પરમાર્થથી **स्तुत्यः** = પ્રશંસાપાત્ર **अस्ति** = છે ? અર્થાત્ આપના ગુણોમાં અનુત્તર દેવોના સંશયોને દૂર કરવાનો ગુણ સર્વોત્તમ છે.

(૪) હે વીતરાગ ! **आ०** = આનંદરૂપ સુખમાં લીનતા **च** = અને **वि०** = વૈરાગ્ય એ બંને **त्वयि** = આપનામાં **समं** = એક કાળે રહેલા છે. **वि०** = વિરુદ્ધ (દેખાતી) **इदं** = આ બીના[78] **अ०** = અશ્રદ્ધાળુ માણસ **कथं** = કેવી રીતે **श्र०** = માને ?

(૫) **नाथ** = હે નાથ ! આપ **स०** = સર્વ જીવો ઉપર **उ०** = માધ્યસ્થ ભાવ રાખો છો. **च** = અને **परमा** **उ०** = પરમ ઉપકાર કરો છો. **घ० अपि** = આપના વિષે ઘટતી હોવા છતાં **दुर्घटा** = બીજાઓમાં નહિ દેખાવાથી દુર્ઘટ[79] **इयं** = આ બીના **कथं** = કેવી રીતે **घटतां** = ઘટે ?

---

૭૭. અનુત્તર દેવોના સંશયોને દૂર કરવાના ગુણથી.

૭૮. સુખસક્તિ સંગ રૂપ છે, જ્યારે વિરક્તિ સંગત્યાગ રૂપ છે. આથી એ બંને વિરુદ્ધ ભાસે છે.

૭૯. ઉપેક્ષા રાખનાર ઉપકાર કરતો નથી એમ લોકમાં દેખાય છે. આથી આ બીના દુર્ઘટ છે.

द्वयं विरुद्धं भगवंस्तव नान्यस्य कस्यचित् ।
निर्ग्रन्थता परा या च, या चोच्चैश्चक्रवर्त्तिता ॥६॥
नारका अपि मोदन्ते, यस्य कल्याणपर्वसु ।
पवित्रं तस्य चारित्रं, को वा वर्णयितुं क्षमः ? ॥७॥
शमोऽद्भुतोऽद्भुतं रूपं, सर्वात्मसु कृपाऽद्भुता ।
सर्वाद्भुतनिधीशाय, तुभ्यं भगवते नमः ॥८॥
इति दशमप्रकाशः ।

---

(૬) **भ०** = હે ભગવંત ! એક તરફ આપનું **परा** = ઉત્કૃષ્ટ **नि०** = નિર્ગ્રંથપણું-ત્યાગ છે, **च** = અને બીજી તરફ આપનું **उच्चैः** = ઉચ્ચ પ્રકારનું **च** = (ધર્મ) ચક્રવર્તીપણું-સામ્રાજ્ય છે **विरुद्धं** = [૮૦] વિરુદ્ધ ભાસતા **द्वयं** = આ બે ગુણો **तत्र** = આપનામાં જ છે, **अ०** = બીજા **क०** = કોઈમાં **न** = નથી.[૮૧]

(૭) હે દેવાધિદેવ ! **य०** = જેના **क०** = ચ્યવન આદિ પાંચ કલ્યાણક પર્વોમાં **ना०** = નરકના જીવો **अपि** = પણ **मो०** = (એક મુહૂર્ત સુધી વેદના શાંત થવાથી) હર્ષ અનુભવે છે, **तस्य** = તેના **प०** **चा०** = પવિત્ર ચારિત્રનું **व०** = (યથાર્થ) વર્ણન કરવા **कः** **क्षमः** = કોણ સમર્થ છે.

(૮) હે સમસ્તાદ્‌ભુતભવન ! **शमोऽद्भुतो** = આપની સમતા આશ્ચર્યકારક છે. **अद्भुत रूपं** = આપનું રૂપ અદ્‌ભુત છે. **स०** = સર્વ જીવો ઉપર **कृपाऽद्भुता** = આપની કરુણા અદ્‌ભુત છે. **स०** = સર્વ આશ્ચર્યોના નિધાનના સ્વામી અને **भ०** = ઐશ્વર્યવાન **तुभ्यं** = આપને **नमः** = નમસ્કાર હો !

---

૮૦. નિર્ગ્રંથપણું સર્વ સંગના ત્યાગ રૂપ છે, જે જ્યારે નિર્ગ્રંથ હોય તે ત્યારે જ ચક્રવર્તી કેવી રીતે હોઈ શકે? આથી નિર્ગ્રંથપણું અને ચક્રવર્તીપણું એ બે વિરુદ્ધ ભાસે છે.

૮૧. આ શ્લોકમાં રહેલા બે **या** પદોનો અર્થ વાક્યક્લિષ્ટતાના કારણે અનુવાદમાં લીધો નથી, સ્વયં સમજી લેવો. અન્યત્ર પણ જ્યાં **च** વગેરે પદોનો અર્થ અનુવાદમાં ન લીધો હોય ત્યાં સ્વયં સમજી લેવો.

।। एकादशप्रकाशः ।।

निघ्नन्परीषहचमू–मुपसर्गान्प्रतिक्षिपन् ।
प्राप्तोऽसि शमसौहित्यं, महतां कापि वैदुषी ।।१।।
अरक्तो भुक्तवान्मुक्ति–मद्विष्टो हतवान्द्विषः ।
अहो ! महात्मनां कोऽपि, महिमा लोकदुर्लभः ? ।।२।।

(૧) હે જગન્નાથ ! **प०** = પરીસહની શ્રેણિને **नि०** = વિનાશકર્તા અને **उ०** = ઉપસર્ગોને **प्र०** = દૂર ફેંકતા[૮૨] આપ **श०** = સમતાની તૃપ્તિ **प्राप्तः** = પામ્યા **असि** = છો. ખરેખર ! **महतां** = મોટાઓની **वैदुषी** = ચતુરાઈ **काऽपि** = કોઈ અપૂર્વ હોય છે.

જે બીજાને હણી નાખે અને ફેંકી દે તેમાં સમતા ન હોય. પણ ભગવાને એવી ચતુરાઈ કરી કે જેથી બીજાને (પરીષહોને) હણીને અને (ઉપસર્ગોને) દૂર ફેંકીને જ સમતા પામ્યા. અથવા બીજાઓને હણી નાખ-નારનો આ ક્રૂર છે એવો લોકાપવાદ થાય છે. પણ ભગવાને એવી ચતુરાઈ કરી કે જેથી, શત્રુઓનો સંહાર કરવા છતાં આ ક્રૂર છે એવો લોકાપવાદ ન થયો, બલ્કે આ બહુ શાંત છે એવી સુપ્રસિદ્ધિ થઈ.

(૨) હે વિશ્વવંદ્ય ! **अ०** = રાગ રહિત આપે **मु०** = મુક્તિ (રૂપીકન્યા) ને **मु०** = ભોગવી, **अ०** = દ્વેષરહિત આપે **द्विषः** = કષાયાદિ શત્રુઓને **ह०** = મારી નાખ્યા. **अहो** = ખરેખર **म०** = મહાત્માઓનો **म०** = મહિમા **कोऽपि** = કોઈ અપૂર્વ છે. આથી જ તે **लो०** = સામાન્ય દેવોને દુર્લભ છે.

સામાન્યથી નિયમ છે કે રાગ વિના ભોગ ન થાય, અને દ્વેષ વિના શત્રુવિનાશ ન થાય. પણ ભગવાને તો રાગ વિના મુક્તિરૂપી કન્યાનો ભોગ અને દ્વેષ વિના કષાય રૂપ શત્રુઓનો વિનાશ કર્યો.

---

૮૨. અહીં વિનાશ કરવો અને દૂર ફેંકવું એટલે સમતાપૂર્વક સહન કરવું.

सर्वथा निर्जिगीषेण, भीतभीतेन चागसः ।
त्वया जगत्त्रयं जिग्ये, महतां काऽपि चातुरी ॥३॥
दत्तं न किञ्चित्कस्मैचिन्नात्तं किञ्चित्कुतश्चन ।
प्रभुत्वं ते तथाप्येतत्कला काऽपि विपश्चिताम् ॥४॥
यद् देहस्यापि दानेन, सुकृतं नार्जितं परैः ।
उदासीनस्य तन्नाथ !, पादपीठे तवालुठत् ॥५॥

(૩) હે વિશ્વોપકારક ! **सर्वथा** = મન–વચન–કાયાથી **नि०** = નિઃસ્પૃહ **च** = અને **आ०** = પાપથી **भी०** = બહુ ભય પામેલા **त्वया** = આપે **ज०** = ત્રણે જગતના લોકોને **जि०** = જીતી લીધા–આજ્ઞા કરીને સેવા કરનારા બનાવ્યા. **म० चा०** = મોટાઓની ચતુરાઈ **काऽपि** = કોઈ અપૂર્વ હોય છે.

જગતમાં દેખાય છે કે નિઃસ્પૃહ અને પાપભીરુ મનુષ્ય જગતને જીતતો નથી. પણ ભગવાને તો નિઃસ્પૃહ અને પાપભીરુ બનીને જગત ઉપર વિજય મેળવ્યો.

(૪) હે વિશ્વેશ ! આપે **क०** = કોઈને **किञ्चित्** કંઈ **दत्तं न** = આપ્યું નથી, **कु०** = કોઈ પાસેથી **किञ्चित्** = કંઈ **आत्तं न** = લીધું નથી. **तथापि** = તોપણ **ते** = આપનું **एतद्** = આ **प्रभुत्वं** = ઐશ્વર્ય છે. ખરેખર ! **वि०** = વિદ્વાનોની **कला** = કળા **काऽपि** = કોઈ અપૂર્વ હોય છે.

જે બીજાને આશ્રયાદિ આપીને ઉપકાર કરે કે સ્વબળથી નિગ્રહ કરીને બીજાનું લઈ લે તે સ્વામી બને છે. ભગવાન તો (આવા)ઉપકાર અને નિગ્રહ કર્યા વિના સ્વામી બન્યા.

(૫) **नाथ** = હે નાથ ! **परैः** = બીજાઓએ **दे०** = પોતાના શરીરના[૮૩] **दा० अपि** = અર્પણથી પણ **यद्** = જે **सु०** = સુકૃત **न अ०** = પ્રાપ્ત ન

---

૮૩. બુદ્ધે ભૂખી થયેલી સિંહણને જોઈને દયાથી પોતાનું શરીર ખાવા માટે તેની પાસે મૂકી દીધું હતું.

रागादिषु नृशंसेन, सर्वात्मसु कृपालुना ।
भीमकान्तगुणेनोच्चैः, साम्राज्यं साधितं त्वया ॥६॥
सर्वे सर्वात्मनाऽन्येषु, दोषास्त्वयि पुनर्गुणाः ।
स्तुतिस्तवेयं चेन्मिथ्या, तत्प्रमाणं सभासदः ॥७॥

કર્યું तद् = તે સુકૃત उ० = મધ્યસ્થ तव = આપના पा० = ચરણ આગળ अ० = આળોટયું.

(૬) હે ત્રિભુવનપતિ ! रा० = રાગાદિ શત્રુઓ ઉપર नृ० = નિર્દય, स० = સર્વ જીવો ઉપર कृ० = દયાળુ અને भी० = ભીમકાંત ગુણવાળા त्वया = આપે उच्चैः = ઉચ્ચ પ્રકારનું सा० = સામ્રાજ્ય सा० = મેળવ્યું.

(૭) હે દેવાધિદેવ ! सर्वे = સર્વ ભાવો अ० = અન્ય દેવતાઓમાં दोषाः = દોષરૂપ છે, पुनः = અને त्वयि = આપનામાં स० = બધી રીતે गुणाः = ગુણ રૂપ છે. तव = આપની इयं = આ स्तुतिः = સ્તુતિ चेद् = જો मिथ्या = અસત્ય હોય तत् = તો स० = સભ્યો प्र० = પ્રમાણ છે.

ભાવાર્થ : કોઈ આપણું અહિત કરે ત્યારે શાંત રહેવું એ કાયરતા છે એમ કહીને બીજાઓ ક્ષમાને દોષરૂપ બનાવે છે, જ્યારે ભગવાન ક્રોધ શત્રુનો વિનાશ કરવા ક્ષમા અવંધ્ય શસ્ત્ર છે એમ વિચારીને ક્ષમા ધારણ કરે છે. સાધુ બનવું એ ભિખારીનો ધંધો છે એમ માનીને બીજાઓ નિષ્પરિગ્રહતાનો તિરસ્કાર કરે છે, જ્યારે ભગવાન સંગત્યાગનું મૂલકારણ માનીને તેનો આદર–સ્વીકાર કરે છે. આ પ્રમાણે ક્ષમા વગેરે જે જે ભાવો બીજાઓ માટે દોષરૂપ બને છે તે જ ભાવો ભગવાન માટે ગુણ રૂપ બને છે.

આ હકીકત સત્ય હોવા છતાં જો કોઈને અસત્ય લાગતી હોય તો આ વિષયમાં વિદ્વત્તા, મધ્યસ્થતા આદિ ગુણોથી યુક્ત સભ્ય પુરુષો કહે તે પ્રમાણ માનવું જોઈએ. અર્થાત્ હું કહું છું માટે સત્ય છે એમ નહિ, કિંતુ વિદ્વત્તા, મધ્યસ્થતા આદિ ગુણોથી યુક્ત સભ્યો પણ આ હકીકતને સત્ય કહે છે.

महीयसामपि महान्, महनीयो महात्मनाम् ।
अहो ! मे स्तुवतः स्वामी, स्तुतेर्गोचरमागमत् ॥८॥

इत्येकादशप्रकाशः ।

॥ द्वादशप्रकाशः ॥

पट्वभ्यासादरैः पूर्वं, तथा वैराग्यमाहरः ।
यथेह जन्मन्याजन्म, तत्सात्मीभावमागमत् ॥ १ ॥
दुःखहेतुषु वैराग्यं, न तथा नाथ ! निस्तुषम् ।
मोक्षोपायप्रवीणस्य, यथा ते सुखहेतुषु ॥ २ ॥
विवेकशाणैर्वैराग्य-शस्त्रं शातं त्वया तथा ।
यथा मोक्षेऽपि तत्साक्षा-दकुण्ठितपराक्रमम् ॥ ३ ॥

(૮) **अहो** = કેવું આશ્ચર્ય ! **स्तु०** = સ્તુતિ કરતા એવા **मे** = મને **म० अपि** = દેવ વગેરે મોટાઓથી પણ **महान्** = મોટા અને **म०** = ગણધર વગેરે મહાત્માઓના **अपि** = પણ **म०** = પૂજ્ય એવા **स्वामी** = પરમાત્મા **स्तुतेः** = સ્તુતિના **गो०** = વિષયમાં **आ०** = આવ્યા. અર્થાત્ મારું કેવું ઉત્તમ ભાગ્ય કે જેથી મેં આવા પરમાત્માની સ્તુતિ કરી.

(૧) હે વૈરાગ્યનિધિ ! આપે **पूर्वं** =પૂર્વભવોમાં **वै०** = વૈરાગ્યને **प०** =સારી રીતે સતત સેવનથી **तथा** = એવી રીતે **आ०** – આત્મસાત્ કર્યો કે, **यथा** = જેથી **इह ज०** =તીર્થંકરના ભવમાં **तत्** = તે વૈરાગ્ય **आ०** = જન્મથી **सा०** = આત્મસાત્ **आ** = બની ગયો.

(૨) **नाथ** = હે નાથ ! **मो०** = મોક્ષના (સમ્યગ્જ્ઞાનાદિ) ઉપાયમાં તત્પર **ते** = આપનો **नि०** = તાત્ત્વિક **वै०** = વૈરાગ્ય **सु०** =સુખનાં કારણોમાં **यथा** =જેવો છે, **तथा** = તેવો **दुः०** = દુઃખનાં કારણોમાં **न** = નથી. આપને ઈષ્ટવિયોગ આદિ દુઃખનાં કારણો કરતાં સ્ત્રી આદિ સુખનાં કારણોમાં વિશેષ વૈરાગ્ય હોય છે. આથી જ આપનો વૈરાગ્ય **निष्तुष** = તાત્ત્વિક હોય છે.

यदा मरुन्नरेन्द्रश्रीस्त्वया नाथोपभुज्यते ।
यत्र तत्र रतिर्नाम, विरक्तत्वं तदापि ते ॥४॥

(૩) હે વૈરાગ્યવારિધિ ! **त्वया** = આપે **वि०** = વિવેક રૂપ શાણુથી **वै०** = વૈરાગ્ય રૂપ શસ્ત્ર **तथा** = તેવી રીતે **शातं** = તીક્ષ્ણુ કર્યું કે **यथा** = જેથી **साक्षात्** = સાક્ષાત્ **मोक्षेऽपि**[૮૪] = મુક્તિમાં પણ **तत्** = તે **अ०** = અપ્રતિહત સામર્થ્ય રહ્યું. અર્થાત્ મોક્ષમાં પણ તેનું સામર્થ્ય અપ્રતિહત રહ્યું.

(૪) **नाथ** = હે નાથ ! **त्वया** = આપ **यदा** = જ્યારે **म०** = દેવ-સંપત્તિનો અને રાજસંપત્તિનો **उ०** = ઉપભોગ કરો છો **तदाऽपि** = ત્યારે પણ **तत्र** = આપને **वि०** = વૈરાગ્ય ભાવ હોય છે. કારણ કે **यत्र तत्र रतिर्नाम**[૮૫] = આપને જ્યાં ત્યાં રતિ-સમાધિ હોય છે. અર્થાત્ ભગવાન ઉપસ્થિત થયેલું આ મારું કર્મ ભોગવ્યા વિના છૂટે એવું નથી એમ જાણીને-વિચારીને સ્વર્ગલોક-મનુષ્યલોકનાં સુખો અનાસક્ત ભાવે ભોગવે છે- તેમાં લેપાતા નથી.

---

૮૪. શસ્ત્રના પક્ષે **मोक्षेऽपि** = અનેક વાર મૂકવા છતાં-ઉપયોગ કરવા છતાં એવો અર્થ છે. જે શસ્ત્ર બરોબર તીક્ષ્ણુ કરેલું હોય તે જ શસ્ત્ર અનેક વાર વાપરવા છતાં બુઠ્ઠું બનતું નથી. અથવા **मोक्षेऽपि**=મૂકી દેવા છતાં-ઉપયોગ ન કરવા છતાં એવો અર્થ પણ થઈ શકે. જે શસ્ત્ર બરોબર તીક્ષ્ણુ ન કર્યું હોય તે વધારે સમય એમને એમ પડયું રહે તો કટાઈ જવાથી શક્તિહીન બની જાય છે, પણ જે શસ્ત્ર બરોબર તીક્ષ્ણુ કર્યું હોય તે ઉપયોગ ન કરવા છતાં જલદી કટાતું નથી.

૮૫. **नामेति कोमलामन्त्रणे, यत्र तत्र तव रतिः, कोऽर्थः यत्र यथैव स्थितस्तत्र तथैव रतिः-समाधिः** (અવચૂરિ)

नित्यं विरक्तः कामेभ्यो, यदा योगं प्रपद्यसे ।
अलमेभिरिति प्राज्यं, तदा वैराग्यमस्ति ते ॥५॥

सुखे दुःखे भवे मोक्षे, यदौदासीन्यमीशिषे ।
तदा वैराग्यमेवेति, कुत्र नासि विरागवान् ? ॥६॥

दुःखगर्भे, मोहगर्भे, वैराग्ये निष्ठिताः परे ।
ज्ञानगर्भं तु वैराग्यं, त्वय्येकायनतां गतम् ॥७॥

(૫) હે વિરાગમૂર્તિ ! **नित्यं** = સદા **का०** = પાંચ પ્રકારના વિષયોથી **वि०** = વિરાગ પામેલા આપ **यदा** = જ્યારે **योगं** = જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ યોગનો **प्र०** = સ્વીકાર કરો છો **तदा** = ત્યારે **अलमेभिः** = (દુઃખહેતુ) આ વિષયોથી સર્યું **इति** = એમ વિચારતા **ते** = આપને **प्रा०** = અતિશય ઉત્કૃષ્ટ **वै०** = વૈરાગ્ય **अ०** = હોય છે.

(૬) હે વૈરાગ્યસાગર ! આપ **यदा** = (દીક્ષા લીધા પછી) જ્યારે **सुखे दुःखे** = સુખ-દુઃખમાં અને **भवे मोक्षे** = સંસાર-મોક્ષમાં **औ०** = મધ્યસ્થભાવ **ई०** = ધારણ કરો છો **तदा** = ત્યારે **वै०** = વૈરાગ્ય જ છે. **इति** = આ પ્રમાણે આપ **कुत्र** =ક્યાં **वि०** = વિરાગી **न असि** = નથી ? આપ જન્મથી આરંભી દરેક અવસ્થામાં વિરાગી છો.

(૭) હે વીતરાગ ! **परे** = પરતીર્થિકો **दु०** = દુઃખગર્ભિત કે **मो०** = મોહગર્ભિત **वै०** = વૈરાગ્યમાં **नि०** = રહેલા છે **ज्ञा०** = જ્ઞાનગર્ભિત **वै०** = વૈરાગ્ય **तु** = તો **त्वयि** = આપનામાં **ए०** = એકીભાવને **गतं** = પામ્યું છે-આત્મસાત્ બન્યું છે.

દુઃખગર્ભિત = ઇષ્ટવિયોગાદિના દુઃખથી થતા ક્ષણિક વૈરાગ્ય.
મોહગર્ભિત = કુશાસ્ત્રમાં પ્રતિપાદિત અધ્યાત્મના શ્રવણથી થતો વૈરાગ્ય.
જ્ઞાનગર્ભિત = હેયોપાદેયાદિના યથાર્થ જ્ઞાનથી થતો વૈરાગ્ય.

औदासीन्येऽपि सततं, विश्वविश्वोपकारिणे ।
नमो वैराग्यनिघ्नाय, तायिने परमात्मने ॥८॥

इति द्वादशप्रकाशः ।

॥ त्रयोदशप्रकाशः ॥

अनाहूतसहायस्त्वं, त्वमकारणवत्सलः ।
अनभ्यर्थितसाधुस्त्वं, त्वमसम्बन्धबान्धवः ॥१॥

(૮) **औ० अपि** =મધ્યસ્થ ભાવ હોવા છતાં **सततं** = સદા **वि०** = સમસ્ત જગત ઉપર ઉપકાર[૮૬] કરનાર, **वै०** = વૈરાગ્યમાં તત્પર અને **तायिने** = ભવભયથી દુઃખી થયેલા જીવોનું રક્ષણ કરનાર **प०** = પરમાત્માને **नमः** = નમસ્કાર હો !

(૧) હે પ્રભુ! **त्वं** – આપ **अना०** = બોલાવ્યા વિના સહાય દાતા છો, **त्वं** = આપ **अका०** = સ્વાર્થ વિના વાત્સલ્ય ભાવવાળા છો. **त्वं** = આપ **अन०** = પ્રાર્થના વિના સાધુ = પરહિત કરનારા છો. **त्वं** = આપ **असं०** = સંબંધ વિના બંધુ છો.

ભાવાર્થ :– લોકમાં સહાય માટે કોઈને આદરપૂર્વક બોલાવવામાં આવે તો સહાય કરે. બોલાવ્યા વિના પ્રાયઃ કોઈ સહાય કરે નહિ. જ્યારે ભગવાન સહાય માટે બોલાવ્યા વિના જ સહાય કરે છે. માતા વગેરે પુત્ર વગેરે ઉપર સ્વાર્થથી વાત્સલ્યભાવ રાખે છે, જ્યારે ભગવાન કોઈ પણ જાતના સ્વાર્થ વિના જ વાત્સલ્યભાવ રાખે છે. લોકમાં પ્રાયઃ વિનયપૂર્વક યાચના કરવામાં આવે તો ધનપ્રદાન આદિથી હિત કરે છે, જ્યારે ભગવાન પ્રાર્થના વિના જ મોક્ષમાર્ગના દાનથી હિત કરે છે. લોકમાં પિતાદિના સંબંધથી બંધુ બને છે. જ્યારે ભગવાન તો કોઈ જાતના સંબંધ વિના જ બંધુનું કાર્ય કરવાથી બંધુ છે.

---

૮૬. ધર્મતીર્થના પ્રવર્તનથી.

अनक्तस्निग्धमनस-ममृजोज्ज्वलवाक्पथम् ।
अधौतामलशीलं त्वां, शरण्यं शरणं श्रये ॥२॥
अचण्डवीरवृत्तिना, शमिना समवर्त्तिना ।
त्वया काममकुट्यन्त, कुटिलाः कर्मकण्टकाः ॥३॥
अभवाय महेशाया-ऽगदाय नरकच्छिदे ।
अराजसाय ब्रह्मणे, कस्मैचिद् भवते नमः ॥४॥

(૨) હે વિભુ! **अन०** = (મમતારૂપ સ્નેહથી) લેપાયા વિના સ્નિગ્ધ મનવાળા **अमृ०** =[૮૭] પ્રમાર્જન વિના ઉજ્જવળ વાણીવાળા, **अधौ०** = પ્રક્ષાલન કર્યા વિના નિર્મલ શીલવાળા અને **श०** = શરણુ સ્વીકારવા યોગ્ય **त्वां** = આપના **शं** = શરણે **श्रये** = રહુ છું.

(૩) હે વીરશિરોમણિ! **अच०**[૮૮] = ઉદ્ધતાઈ વિના પરાક્રમવાળા, **श०** = શાંત, **स०**[૮૯] = સમભાવવાળા **त्वया** = આપે **कुटिलाः** = વક્ર **क०** = કર્મરૂપ કંટકોને **कामं** = અત્યંત (ફરી સંબંધ ન થાય એ રીતે) **अ०** = કુટી નાખ્યા. અર્થાત્ ભગવાને ઉદ્ધતાઈ, ગુસ્સો અને અહંકાર કર્યા વિના જ પરાક્રમથી કર્મોનો નાશ કર્યો.

(૪) હે મહેશ! **अ०** = ભવરહિત, **म०** = મહાન ઈશ્વર, **अ०** = રોગ રહિત, **न०** = ભવ્ય જીવોની નરક ગતિને છેદનાર, **अरा०** = કર્મરૂપ રજથી રહિત, **ब्र०** = જ્ઞાનસ્વરૂપ અને **क०** = અનિર્વચનીય સ્વરૂપવાળા **भवते** = આપને **नमः** = નમસ્કાર હો.

---

૮૭. અહીં **पथ** શબ્દ અનુવાદમાં નથી લીધો. **मृजामुद्योतनं विनोज्ज्वलो वाक्पथो वाक्संचारो यस्य तम् ।**

૮૮. **वीरस्य व्रतं = वीरव्रतं—पराक्रमः, वीरव्रतमस्यास्तीति वीरव्रती, तेन ।**

૮૯. **समं वर्त्तते इत्येवं शीलः समवर्ती तेन ।**

अनुक्षितफलोदग्रा-दनिपातगरीयसः ।

असङ्कल्पितकल्पद्रोस्त्वत्तः फलमवाप्नुयाम ॥५॥

असङ्गस्य जनेशस्य, निर्ममस्य कृपात्मनः ।

मध्यस्थस्य जगत्त्रातु-रनङ्कस्तेऽस्मि किङ्करः ॥६॥

આ શ્લોકનો આ સામાન્ય અર્થ છે. વિશેષ અર્થ આ પ્રમાણે છે—વીતરાગ ભગવાન બ્રહ્મા પણ છે, વિષ્ણુ પણ છે, અને મહેશ પણ છે. પરંતુ લૌકિક બ્રહ્મા, વિષ્ણુ અને મહેશથી વિપરીત છે. લૌકિક મહેશ ભવ-સંસાર સહિત છે, જ્યારે ભગવાન **अभवाय महेशाय** = ભવરહિત મહેશ છે. લૌકિક વિષ્ણુ ગદા રાખે છે. જ્યારે ભગવાન **अगदाय**[૯૦] **नरकच्छिदे** = ગદારહિત વિષ્ણુ છે. લૌકિક બ્રહ્મા રજોગુણયુક્ત છે, જ્યારે ભગવાન **अराजसाय ब्रह्मणे** = રજોગુણથી (અથવા કર્મરૂપ રજથી) રહિત બ્રહ્મા છે. ભવરહિત મહેશ, ગદારહિત વિષ્ણુ, રજોગુણ રહિત બ્રહ્મા અને અનિર્વચનીય સ્વરૂપવાળા આપને નમસ્કાર હો.

(૫) હે વરકલ્પવૃક્ષ ! **अनु०** = સિંચન વિના ફલોથી પરિપૂર્ણ, **अनि०** =[૯૧]પતન વિના ગુરુ, અને **असं०** = અચિંતિત વાંછિતોને પૂરનાર કલ્પવૃક્ષ **त्वत्तः** = આપનાથી **फलं** = અમૃત ફળ-મોક્ષ ફળ **प्रा०** = પામું.

(૬) હે જિનેશ્વર ! **असङ्गस्य जनेशस्य** = સંગરહિત હોવા છતાં સર્વ લોકોના સ્વામી, **निर्ममस्य कृपात्मनः** = મમત્વભાવ રહિત હોવા છતાં કૃપાળુ, **मध्यस्थस्य जगत्त्रातुः** = રાગ-દ્વેષ રહિત હોવા છતાં જગતનું રક્ષણ કરનાર **ते** = આપનો **अनङ्कः** = કદાગ્રહરૂપ કલંકથી રહિત **किङ्करः** = સેવક **अस्मि** = છું.

---

૯૦. **नरकच्छिद्** = વિષ્ણુ.

૯૧. વૃક્ષ પડી જાય ત્યારે બહુ જ ભારે હોવાથી ઉપાડી શકાય નહિ. વૃક્ષ જમીનમાં ઉભું હોય ત્યારે ઉપાડવાનો પ્રશ્ન જ રહેતો નથી. આ દૃષ્ટિએ વૃક્ષ પતનથી ગુરુ-ભારે બને છે, જ્યારે ભગવાન તો પતન વિના-સ્વસ્વરૂપમાં રહેલા જ ગુરુ-ગૌરવને યોગ્ય છે.

अगोपिते रत्ननिधा-ववृते कल्पपादपे ।
अचिन्त्ये चिन्तारत्ने च, त्वय्यात्मायं मयार्पितः ॥७॥

फलानुध्यानवन्ध्योऽहं, फलमात्रतनुर्भवान् ।
प्रसीद यत्कृत्यविधौ, किङ्कर्तव्यजडे मयि ॥८॥

इति त्रयोदशप्रकाशः ।

---

(૭) **अगोपिते रत्ननिधौ** = પ્રકટ રત્નનિધાન, **अवृते कल्पपादपे** = વાડ રહિત કલ્પવૃક્ષ, **च** = અને **अचिन्त्ये चिन्तारत्ने** = અચિંતિત વાંછિત આપનાર ચિંતામણિ રત્ન **त्वयि** = આપને **मया** મેં **अयं** = આ **आत्मा** = આત્મા **अर्पितः** = સમર્પિત કરી દીધો છે.

(૮) હે દેવાધિદેવ! **भवान्** = આપ **फल०** = સિદ્ધત્વમાત્ર કાય છો —સિદ્ધત્વ સ્વરૂપ છો. **अहं** = હું **फला.**[૯૨] = સિદ્ધત્વના ધ્યાનમાં અશક્ત છું. સિદ્ધત્વ સ્વરૂપ આપને મેં ક્યારે ય જોયા ન હોવાથી આપનું ધ્યાન કરવા અસમર્થ છું. આથી **किङ्क०** = મારે શું કરવું એ વિષયમાં મૂઢ **मयि** = મારા ઉપર **यत्कृ०** =[૯૩]મારે જે કરવું જોઈએ તે વિષયમાં **प्रसीद** = પ્રસન્ન બનો.

---

૯૨. **ज्ञानादीनां फलं सिद्धत्वं, तस्यानुध्यानं यथावस्थिततया स्मरणम् ।**

૯૩. સિદ્ધત્વ સ્વરૂપને પ્રાપ્ત કરવું એ કર્તવ્ય છે. આથી "મારે જે કરવું જોઈએ એ વિષયમાં પ્રસન્ન બનો" એનો અર્થ એ થયો કે આપ મારા ઉપર એવી મહેરબાની કરો, જેથી હું સિદ્ધત્વ સ્વરૂપને પ્રાપ્ત કરું.

।। चतुर्दशप्रकाशः ।।

मनोवचःकायचेष्टाः, कष्टाः संहृत्य सर्वथा ।
श्लथत्वेनैव भवता, मनःशल्यं वियोजितम् ।।१।।
संयतानि न चाक्षाणि, नैवोच्छृङ्खलितानि च ।
इति सम्यक्प्रतिपदा, त्वयेन्द्रियजयः कृतः ।।२।।
योगस्याष्टाङ्गता नूनं, प्रपञ्चः कथमन्यथा ? ।
आबालभावतोऽप्येष, तव सात्म्यमुपेयिवान् ।।३।।

(૧) હે યોગિનાથ ! **कष्टाः** =[૯૪]સાવદ્ય **म०** = મન-વચન-કાયાની પ્રવૃત્તિને **सर्वथा** = સર્વ પ્રકારે **सं०** = રોકીને **भ०** = આપે **श्ल०** = મનને ઢીલું મૂકવા વડે જ **म०** = મનરૂપ શલ્ય **वि०** = દૂર કર્યું. અર્થાત્ ભગવાને દબાણ કર્યા વિના સમજાવીને મન ઉપર વિજય મેળવ્યો.

(૨) હે યોગીશ ! આપે **अक्षाणि** = ઇન્દ્રિયોને **न संयतानि** = બળાત્કારે નિયંત્રિત ન કરી **च** = અને **नैवो०** = ઉચ્છૃંખલ પણ ન જ બનાવી. **इति** = આ પ્રમાણે **त्वया** = આપે **स०** = [૯૫] સુંદર બુદ્ધિથી **इं०** = ઇન્દ્રિયજય **कृतः** = કર્યો.

(૩) હે યોગેશ ! **यो०** = યોગના **अ०** = આઠ ભેદો **प्रपञ्चः** [૯૬]**नूनं** = પ્રપંચ જેવા લાગે છે. **अ०** = જો તેમ ન હોય તો **तव** = આપને **एषः** આ યોગ **आ०** = બાલ્યાવસ્થાથી જ-જન્મથી જ **कथं** = શી રીતે **सा०** = આત્મસાત્ **उ०** = બની ગયો ?

યોગના ભેદોનો અભ્યાસ કર્યા વિના જ ભગવાનને બાલપણથી યોગ આત્મસાત્ બની ગયો. આથી યોગના ભેદો જાણે નિરર્થક વિસ્તારરૂપ હોય એમ જણાય છે.

---

૯૪. **कष्टहेतुत्वात् कष्टाः सावद्याः ।**

૯૫. **प्रतिपद्** = બુદ્ધિ

૯૬. **नूनमिवार्थे, प्रपञ्च इव विस्तर इव प्रतिभासते ।**

विषयेषु विरागस्ते, चिरं सहचरेष्वपि ।
योगे सात्म्यमदृष्टेऽपि, स्वामिन्निदमलौकिकम् ॥४॥
तथा परे न रज्यन्त, उपकारपरे परे ।
यथाऽपकारिणि भवा–नहो ! सर्वमलौकिकम् ॥५॥
हिंसका अप्युपकृता, आश्रिता अप्युपेक्षिताः ।
इदं चित्रं चरित्रं ते, के वा पर्यनुयुञ्जताम् ! ॥६॥

(૪) હે દેવેશ! **ते** = આપને **चिरं** = અનંતકાલ સુધી **स० अपि** = પરિચિત પણ **वि०** = વિષયોમાં **वि०** = વૈરાગ્યભાવ છે, અને **अदृष्टेऽपि** = નહિ જોયેલા પણ **योगे** = યોગમાં **सा०** = એકીભાવ છે. અર્થાત્ પરિચિત ઉપર તિરસ્કાર–ઉપેક્ષાભાવ છે અને અપરિચિત ઉપર મૈત્રીભાવ છે. આથી **स्वामिन्** = હે સ્વામી! **इदं** = આપનું આ ચરિત્ર **अ०** = સામાન્ય લોકોથી ન જાણી શકાય તેવું છે.

(૫) હે વીતરાગ। **परे** = પરતીર્થિકો **उप०** = ઉપકાર કરવામાં તત્પર **परे** = અન્ય સેવક વગેરે ઉપર પણ **तथा न रज्यन्ते** = તેવો પ્રેમ રાખતા નથી, **यथा** = જેવો પ્રેમ **भवान्** = આપ **अ०** = અપકાર કરનાર (કમઠ ગોશાળો વગેરે) ઉપર રાખો છો.[૯૭] **अहो** = અહો ! **सर्वं** = આપનું સઘળું ચરિત્ર **अ०** = અલૌકિક છે.

(૬) હે અલૌકિકચરિત્ર ! આપે **हिंसका अपि** = ચંડકૌશિક વગેરે હિંસકો ઉપર પણ **उ०** = ઉપકાર કર્યો, અને **आ०** = પાસે રહેનારા સુર્વાનુભૂતિ, સુનક્ષત્ર વગેરે આશ્રિતોની **अपि** = પણ **उ०** = ઉપેક્ષા કરી–આપત્તિથી રક્ષા ન કરી. **ते** = આપના **चित्रं** = આશ્ચર્યકારી **इदं** = આ **चरित्रं** = ચરિત્રને **के** = કોણ **प०** = પૂછે ? આપ આ પ્રમાણે કેમ કરો છો એમ કોઈ પૂછે નહિ.

---

૯૭. કર્મક્ષયમાં સહાયક બનવાથી ઉપકારી છે વગેરે વિચારણાથી.

तथा समाधौ परमे, त्वयात्मा विनिवेशितः।
सुखी दुःख्यस्मि नास्मीति, यथा न प्रतिपन्नवान् ॥७॥
ध्याता ध्येयं तथा ध्यानं, त्रयमेकात्मतां गतम्।
इति ते योगमाहात्म्यं, कथं श्रद्धीयतां परैः? ॥८॥

इति चतुर्दशप्रकाशः

॥ पञ्चदशप्रकाशः ॥

जगज्जैत्रा गुणास्त्रात-रन्ये तावत्तवासताम्।
उदात्तशान्तया जिग्ये, मुद्रयैव जगत्त्रयी ॥१॥

(૭) હે વિભુ! **त्वया** = આપે **प०** = પરમ **स०** = સમાધિમાં **आत्मा** = આત્માને **तथा** = તેવી રીતે **वि०** = સ્થિર કર્યો કે **यथा** = જેથી **सुखी दुःखी अस्मि नास्मि इति** = હું સુખી છું કે દુઃખી છું એ પ્રમાણે અથવા હું સુખી નથી કે દુઃખી નથી એ પ્રમાણે **न प्र०** = જાણ્યું નહિ.

(૮) હે જિનેશ્વર! **ध्याता ध्येयं तथा ध्यानं** = ધ્યાતા, ધ્યેય અને ધ્યાન **त्रयं** = એ ત્રણે **ए० गतं**[૯૮] = આપનામાં એકપણાને પામ્યા છે–એક બની ગયા છે. **इति** = આવા **ते** = આપના **यो०** = યોગમાહાત્મ્યને **परैः** = બીજાઓ **कथं** = કેવી રીતે **श्र०** = માને?

(૧) **त्रातः** = હે ત્રાતા! **तव** = આપના **ज०** = જગતને જીતનારા **अन्ये गुणाः** = અન્ય ગુણો **तावत् आसताम्** = દૂર રહો, **उ०** = ઉદાત્ત

૯૮. ध्याता क्षेपकश्रेण्यारूढः, ध्येयं परमात्मतत्त्वम्, ध्यानं च ध्येयविषया एकप्रत्ययसन्ततिः॥ एतच्च त्रयमप्यर्वाक् परिपच्यमानध्यानावस्थायां पृथग् भवति। क्रमेण च समुन्मीलिते ध्यानपरिपाके एकात्मतां याति–ध्यातृध्याने ध्येये एव निलीयेते।

मेरुस्तृणीकृतो मोहात्, पयोधिर्गोष्पदीकृतः ।
गरिष्ठेभ्यो गरिष्ठो यैः, पाप्मभिस्त्वमपोदितः ॥२॥
च्युतश्चिन्तामणिः पाणेस्तेषां लब्धा सुधा मुधा ।
यैस्ते शाशनसर्वस्व–मज्ञानैर्नात्मसात्कृतम् ॥३॥
यस्त्वय्यपि दधौ दृष्टि–मुल्मुकाकारधारिणीम् ।
तमाशुशुक्षणिः साक्षा–दालप्यालमिदं हि वा ॥४॥

અને શાંત **मु०** = મુદ્રાએ જ **ज०** = ત્રણે જગતને **जिग्ये** = જીતી લીધું છે. ત્રણે જગતમાં બીજા કોઈમાં આપના જેવા આંતરિક ગુણો તો નથી, પણ આપના જેવી બાહ્ય મુદ્રા પણ નથી.

(૨) હે દેવાધિદેવ! **यैः** = જે **पा०** = પાપીઓએ **ग०ग०** = ઇન્દ્ર વગેરે મોટાઓથી પણ મહાન **त्वं** = આપનો **अ०** = અનાદર કર્યો છે, તેમણે **मोहात्** = મોહથી **मेरुः** = મેરુપર્વતને **तृ०** = તૃણ કરી દીધો છે–મેરુની તૃણ રૂપે ગણના કરી છે, **प०** = સમુદ્રને **गो०** = ખાબોચિયું કરી દીધું છે–સમુદ્રને ખાબોચિયા રૂપે જાણ્યો છે.

(૩) હે પરમાત્મા **यैः** = જે **अ०** = અજ્ઞાનીઓએ **त्व०** = આપના શાસનરૂપ સારદ્રવ્યને **आ०** = સ્વાધીન **न कृतं** = ન કર્યું **तेषां** = તેમના **पाणेः** = હાથમાંથી **चिं०** = ચિંતામણિ **च्युतः** = પડી ગયો, **ल०** = મળેલું **सुधा** = અમૃત **मुधा** = નકામું ગયું.

(૪) હે નાથ! **यः** = જેણે **त्वय्यपि** = આપના ઉપર પણ[૯૯] **उ०** = બળતા અગ્નિની જેવી (ઇર્ષ્યાથી લાલચોળ મુખવાળી) **दृष्टि** = દૃષ્ટિ **दधौ** = રાખી છે. **तं** = તેને **आ०** = અગ્નિ **साक्षात्** = પ્રત્યક્ષ થઈને ....**वा** = અથવા **इदं** = આ **आ०** = બોલીને **अलं** = શું કામ છે?

---

૯૯. **उल्मुक** = ઉંબાડિયું કે અંગારો.

त्वच्छासनस्य साम्यं ये, मन्यन्ते शासनान्तरैः ।
विषेण तुल्यं पीयूषं, तेषां हन्त ! हतात्मनाम् ॥५॥
अनेडमूका भूयासुस्ते येषां त्वयि मत्सरः ।
शुभोदर्काय वैकल्य-मपि पापेषु कर्मसु ॥६॥

ભાવાર્થ : અહીં સ્તુતિકાર જરા આવેશમાં આવી ગયા છે. આવેશનું કારણ અરિહંત પરમાત્મા જેવા ઉપકારી ઉપર પણ અજ્ઞાનીઓની ઈર્ષ્યા દૃષ્ટિ છે. જે ભગવાન ઉપર પણ બળતા અગ્નિની જેવી દૃષ્ટિ રાખે છે તેને અગ્નિ પ્રત્યક્ષ થઈ ને બાળી નાખો એવું સ્તુતિકારનું કહેવું છે. ભગવાન ઉપરની ભક્તિના યોગે સ્તુતિકારથી "જે આપના ઉપર બળતા અગ્નિ જેવી દૃષ્ટિ રાખે છે, તેને અગ્નિ પ્રત્યક્ષ થઈ ને" એટલું બોલાઈ જવાયું. પછી તેઓ બોલતા અટકી ગયા અને મનમાં જ **भस्मीकरोतु** = બાળી નાખો એમ વિચાર્યું. આથી જ મૂળ શ્લોકમાં **भस्मीकरोतु** પદ નથી. સ્તુતિકાર "**साक्षात्**-પ્રત્યક્ષ થઈ ને" એટલું બોલ્યા પછી ભગવાન ઉપર દ્વેષ રાખનારનાં અશુભ કર્મો જ અવશ્ય એનું ફળ આપશે, તે જીવો ઉપર આક્રોશ કરવો ઉચિત નથી......એમ વિચારી આગળ નહિ બોલવાની ભાવનાથી કહ્યું કે—**आलाप्यालमिदं हि वा** = અથવા આ બોલીને શું કામ છે ?

(૫) હે સર્વજ્ઞ ! **ये** = જેઓ **त्व०** = આપના શાસનને **शा०** = અન્ય દર્શનો સાથે **साम्यं** = સમાન **म०** = માને છે, **ह०** = અજ્ઞાનથી હણાઈ ગયેલા **तेषां** = તેમને **हन्त** = ખરેખર ! **पी०** = અમૃત **विषेण तुल्यं** = વિષથી સમાન છે—અમૃત અને વિષ બંને સરખા જણાય છે.

(૬) હે નાથ ! **येषां** = જેમને **त्वयि** = આપના ઉપર **म०** = અસૂયા છે, **ते** = તે લોકો **अ०** = મૂંગા અને બહેરા **भू०** = બને.

પ્રશ્ન : આ પ્રમાણે પરનું અહિત ચિંતવવું એ પરમ હિતસ્વી અરિહંત પરમાત્માના સેવકને ઉચિત ગણાય ?

तेभ्यो नमोऽञ्जलिरयं, तेषां तान्समुपास्महे ।
त्वच्छासनामृतरसै–र्यैरात्माऽसिच्यतान्वहम् ॥७॥
भुवे तस्यै नमो यस्यां, तव पादनखांशवः,
चिरं चूडामणीयन्ते, ब्रूमहे किमतः परम् ? ॥८॥

ઉત્તર: આ અહિતચિંતન નથી, કિંતુ હિતચિંતન છે. કારણ કે **पा० क०** = પાપ કાર્યોમાં **वै० अपि** = ઈંદ્રિયોની ખામી પણ **शु०** = ભવિષ્યના શુભ ફળ માટે થાય છે.

ભાવાર્થ : ભગવાન ઉપર અસૂયા રાખનારા જીવો પરિપૂર્ણ ઇંદ્રિયોવાળા હોય તો ભગવાનની નિંદા આદિ કરીને અનંત પાપને એકઠું કરે, પણ જો જીભ આદિ ઇન્દ્રિયોની ખામીવાળા હોય તો નિંદાદિ પાપોથી બચી જાય. આથી એવા જીવો માટે ઇન્દ્રિયોની ખામી ઈચ્છવી એ અહિત-ચિંતા નથી, બલ્કે હિતચિંતા છે.

(૭) હે અધીશ્વર ! **यैः** = જેમણે **त्व०** = આપના શાસન (= આજ્ઞા) રૂપ અમૃતરસથી **आत्मा** = પોતાના આત્માને **अ०** = પ્રતિદિન **अ०**= સિંચન કર્યું છે, **तेभ्यो नमः**=તેમને નમસ્કાર હો. **तेषां अञ्जलिरयं**= તેમને આ અંજલિ જોડી છે. **तान् स०** = અમે તેમની (પોતાના આત્માને પ્રતિદિન શાસનરૂપ અમૃતરસથી સિંચન કરનારાઓની) ઉપાસના કરીએ છીએ. આ સ્તુતિથી એ જણાવ્યું કે ભગવાન અને ભગવાનનું શાસન તો નમસ્કરણીય અને ઉપાસ્ય છે જ, પણ શાસનના આરાધકો પણ નમસ્કરણીય અને ઉપાસનીય છે.

(૮) હે જગત્પ્રભુ ! **यस्यां** = જે ભૂમિમાં **तव** = આપના **पा०** = ચરણનખનાં કિરણો **चिरं** = લાંબા કાળ સુધી **चू०** = ચૂડામણિની જેમ શોભે છે,[૧૦૦] **तस्यै भुवे** = તે (પવિત્ર) ભૂમિને **नमः** = નમસ્કાર હો !

૧૦૦. ચૂડામણિ લાલ હોય છે, ભગવાનના નખ પણ લાલ હોય છે. આથી પૃથ્વી ઉપર પડેલા નખ જાણે કે પૃથ્વીનો ચૂડામણિ (= મસ્તકના મણિ) હોય તેમ શોભે છે.

जन्मवानस्मि धन्योऽस्मि, कृतकृत्योऽस्मि यन्मुहुः ।
जातोऽस्मि त्वद्गुणग्राम–रामणीयकलम्पटः ॥९॥
इति पञ्चदशप्रकाशः ।

———

॥ षोडशप्रकाशः ॥

त्वन्मतामृतपानोत्था, इतः शमरसोर्मयः ।
पराणयन्ति मां नाथ !, परमानन्दसम्पदम् ॥१॥
इतश्चानादिसंस्कार–मूर्च्छितो मूर्च्छयत्यलम् ।
रागोरगविषावेगो, हताशः करवाणि किम् ? ॥२॥

अतः = આનાથી **परं** = વધારે બીજું **किं ब्रू०** = શું કહીએ ? અર્થાત્ આપના ચરણના સંબંધથી પૃથ્વી પણ નમસ્કાર કરવા યોગ્ય બની જાય છે, તો પછી બીજા ગુણો માટે શું કહેવું ? બીજા ગુણો તો સુતરાં નમસ્કરણીય છે.

(૯) હે વીતરાગ **ज०अ०** = મારો જન્મ સફળ છે, **ध०अ०** = હું પુણ્યશાળી છું, **कृ०अ०** = કૃતાર્થ છું **यद्** = કારણ કે **मुहुः** = વારંવાર **त्व०*** = આપના મનોહર ગુણસમૂહમાં (ગુણો ગાવામાં) આસક્ત **जातोऽस्मि** = થયો છું.

(૧-૨) **नाथ** = હે નાથ ! **इतः** = એક તરફ **त्व०** = આપના આગમ રૂપ અમૃતના પાનથી ઉત્પન્ન થયેલી સમરસની લહરીઓ **मां** = મને **प०**= ચિદાનંદ (આત્મસુખ) રૂપ લક્ષ્મી **प०** = પમાડે છે, (બીજા શ્લોકનો પ્રારંભ) **च** = અને **इतः** = એક તરફ **अ०** = અનાદિ કાળની વાસનાઓથી એકઠો કરેલો **रा०** = રાગરૂપ સર્પવિષનો વેગ **अलं** = અતિશય **मू०** = મુંઝવે છે. આથી **हताशः**[101] = હતાશ બનેલો હું **किं करवाणि** = શું કરું ?

---

*तव गुणसमूहमनोहरत्वे लम्पटो बद्धगृद्धिर्जातोऽस्मि

१०१. यस्यामृतमापिबतोऽप्युरगविषावेगः प्रसरति, तस्य तन्निग्रहे किमपरमौपयिकम् ? यस्य च परमवैराग्यप्रधानं जिनवचनं परिशीलयतो रागावेगः स्फुरति स तदपरं निग्रहोपायमपश्यन् भवत्येव हताशः (વિવરણમાંથી)

रागाहिगरलाघ्रातो-ऽकार्षं यत्कर्म वैशसम् ।
तद्वक्तुमप्यशक्तोऽस्मि, धिग्मे प्रच्छन्नपापताम् ॥३॥
क्षणं सक्तः क्षणं मुक्तः, क्षणं क्रुद्धः क्षणं क्षमी ।
मोहाद्यैः क्रीडयैवाहं, कारितः कपिचापलम् ॥४॥
प्राप्यापि तव सम्बोधिं, मनोवाक्कायकर्मजैः ।
दुश्चेष्टितैर्मया नाथ ! शिरसि ज्वालितोऽनलः ॥५॥
त्वय्यपि त्रातरि त्रात-र्यन्मोहादिमलिम्लुचैः ।
रत्नत्रयं मे ह्रियते, हताशो हा ! हतोऽस्मि तत् ॥६॥

(૩) હે સ્વામી ! **रा०** = રાગરૂપ સર્પવિષથી ઘેરાયેલા મેં **यद्** = જે **वै०** = અનુચિત **कर्म** = કાર્યો **अकार्षं** = કર્યાં છે. **तद्** = તેને **वक्तुमपि** = આપની પાસે કહેવાને માટે પણ **अशक्तोऽस्मि** = અસમર્થ છું. **मे** = મારા **प्र०** = ગુપ્તપાપોને **धिग्** = ધિક્કાર હો.

(૪) હે મોહવિજેતા ! **क्षणं सक्तः** = હું ક્ષણવાર વિષયોમાં આસકત બનું છું, તો **क्षणं मुक्तः** = ક્ષણવાર વિષયોમાં વિરાગ પામું છું, **क्षणं क्रुद्धः** = ક્ષણ વાર ગુસ્સે થાઉં છું, તો **क्षणं क्षमी** = ક્ષણવાર ક્ષમા રાખું છું. આ પ્રમાણે **मो०** = મોહ વગેરે દોષોએ **क्री०** = વિનોદ માટે જ **अहं** = મને **क०** = વાનર જેવો ચપળ **का०** = કરી દીધો છે.

(૫) **नाथ** = હે નાથ ! **तव** = આપની **सं०** = સમ્યગ્જ્ઞાન–સમ્યગ્દર્શન રૂપ સંબોધિને **प्राप्यापि** = પામીને પણ **मया** = મેં **म०** = મન–વચન–કાયાથી થયેલા **दु०** = દુરાચારોથી **शि०** = મારા મસ્તકે **अ०** = અગ્નિ **ज्वा०** = સળગાવ્યો. અર્થાત્ દુર્ગતિનું દુઃખ ઊભું કર્યું.

(૬) **त्रातः** = હે ત્રાતા ! **त्वयि अपि त्रातरि** = રક્ષણ કરનારા આપ હોવા છતાં **मो०** = મોહાદિ ચોરો **मे** = મારા **र०** = સમ્યગ્જ્ઞાનાદિ ત્રણ રત્નો **ह्रि०** = ચોરે છે. **तत्** = તેથી **हताशः** = હું નિરાશ બની ગયો છું. **हा** = હાય ! **हतोऽस्मि** = (મોહાદિ ચોરોએ) મને મારી નાખ્યો છે.

भ्रान्तस्तीर्थानि दृष्टस्त्वं, मयैकस्तेषु तारकः।
तत्तवाङ्घ्रौ विलग्नोऽस्मि, नाथ! तारय तारय ॥७॥
भवत्प्रसादेनैवाह-मियतीं प्रापितो भुवम्।
औदासीन्येन नेदानीं, तव युक्तमुपेक्षितुम् ॥८॥
ज्ञाता तात! त्वमेवैकस्त्वत्तो नान्यः कृपापरः।
नान्यो मत्तः कृपापात्र-मेधि यत्कृत्यकर्मठः ॥९॥

इति षोडशप्रकाशः।

---

(७) **नाथ** = હે નાથ ! **भ्रान्तस्तीर्थानि** = હું બૌદ્ધ વગેરે ઘણાં દર્શનોમાં ફર્યો છું. **तेषु** = તેમાં **मया** = મેં **त्वं एकः** = એક આપને જ **तारकः दृष्टः** = તારક તરીકે જોયા છે-જાણ્યા છે. **तत्** = તેથી **तवाङ्घ्रौ** = આપના જ ચરણે **विलग्नोऽस्मि** = વળગેલો છું. આથી **नाथ** = હે નાથ ! **ता० ता०** = મને સંસાર સાગરથી તાર, તાર.

(८) હે કૃપાલુ ! **भ०** = આપની મહેરબાનીએ જ **अहं** = મને **इयतीं**[१०२] **भुवं** = આટલી સારી અવસ્થાએ **प्रापितः** લાવી મૂકયો છે, આથી **इदानीं** = હવે **औ०** = મધ્યસ્થ ભાવથી **उ०** = ઉપેક્ષા કરવી એ **तव** = આપના માટે **न उचितम्** = ઉચિત નથી.

(९) **तात** = હે તાત ! **त्वमेवैकः** = આપ જ એક (સર્વ ઉપાયોના) **ज्ञाता** = જ્ઞાતા છો. **त्वत्तः** = આપનાથી **अन्यः** = અન્ય કોઈ **न कृ०** = કૃપામાં તત્પર નથી. **मत्तः** = મારાથી **अन्यः** = અન્ય કોઈ **कृ०** = કૃપાપાત્ર નથી. આથી હે દયાળુ ! **यत्कृ०** = આપનું જે કર્તવ્ય છે તેમાં (**कर्मठ**=) તત્પર **एधि** = થાઓ. **અર્થાત્** કૃપાપાત્ર ઉપર કૃપા કરવી એ આપનું કર્તવ્ય છે. આથી આપ કૃપાપાત્ર મારા ઉપર કૃપા કરો, જેથી હું સર્વ દુઃખોથી મુક્ત બનું.

---

१०२. इयतीं त्वदुपास्तियोग्याम्।

सप्तदशप्रकाशः

स्वकृतं दुष्कृतं गर्हन्, सुकृतं चानुमोदयन् ।
नाथ ! त्वच्चरणौ यामि, शरणं शरणोज्झितः ॥१॥
मनोवाक्कायजे पापे, कृतानुमतिकारितैः ।
मिथ्या मे दुष्कृतं भूया–दपुनःक्रिययान्वितम् ॥२॥
यत्कृतं सुकृतं किञ्चिद्, रत्नत्रितयगोचरम् ।
तत्सर्वमनुमन्येऽहं, मार्गमात्रानुसार्यपि ॥३॥
सर्वेषामर्हदादीनां, यो योऽर्हत्त्वादिको गुणः ।
अनुमोदयामि तं तं, सर्वं तेषां महात्मनाम् ॥४॥

(૧) **नाथ** = હે નાથ ! **श०** = શરણરહિત હું **स्वकृतं दुष्कृतं** = મારાં કરેલાં દુષ્કૃત્યોની **गर्हन्** = ગર્હા કરતો **च** = અને **सुकृतं** = સુકૃત્યોની **अ०** = અનુમોદના કરતો **त्व०** = આપના ચરણોના **श०** = શરણે **यामि** = જઉં છું.

(૨) હે ભગવંત ! **कृ०** = કરણ–કરાવણ–અનુમોદનથી **म०** = મન–વચન –કાયાથી થયેલા **पापे** = પાપ વિશે **मे दुष्कृतं** = મારાં જે દુષ્ટકૃત્યો હોય તે **अपु०**[१०३] = ફરીથી નહિ કરવાની ભાવનાપૂર્વક **मिथ्या भूयात्** = મિથ્યા થાઓ.

(૩) હે દેવાધિદેવ ! **मा० अपि** = (મોક્ષ) માર્ગને અનુસરનારું પણ **र०** = સમ્યગ્જ્ઞાનાદિ ત્રણ રત્નો સંબંધી **यत्** = જે કંઈ **किञ्चित्** = અલ્પ **सुकृतं** = સુકૃત **कृतं** = મેં કર્યું હોય **तत् सर्वं** = તે સઘળું સુકૃત **अहं** = હું **अ०** = અનુમોદું છું.

(૪) હે પ્રભુ ! **अ०** = અરિહંતાદિ **तेषां** = તે **स०** = સઘળા **म०** = મહાત્માઓના **अ०** = અરિહંતપણું વગેરે **यः यः** = જે જે **गुणः** = ગુણો છે **तं तं** = તે તે **सर्वं** = સઘળા ગુણોની **अ०** = હું અનુમોદના કરું છું.

---

१०३. अपुनःकरणेन युक्तम् ।

त्वां त्वत्फलभूतान् सिद्धांस्त्वच्छासनरतान्मुनीन् ।
त्वच्छासनं च शरणं, प्रतिपन्नोऽस्मि भावतः ॥५॥
क्षमयामि सर्वान्सत्त्वान्, सर्वे क्षाम्यन्तु ते मयि ।
मैत्र्यस्तु तेषु सर्वेषु, त्वदेकशरणस्य मे ॥६॥
एकोऽहं नास्ति मे कश्चिन्, न चाहमपि कस्यचित् ।
त्वदङ्घ्रिशरणस्थस्य, मम दैन्यं न किञ्चन ॥७॥
यावन्नाप्नोमि पदवीं, परां त्वदनुभावजाम् ।
तावन्मयि शरण्यत्वं, मा मुञ्च शरणं श्रिते ॥८॥
इति सप्तदशप्रकाशः ।

---

(૫) હે શરણ્ય ! હું **त्वां** = આપના, **त्व०** = આપના ફલરૂપ સિદ્ધોના, **त्व० मु०** = આપની આજ્ઞામાં રત મુનિઓના, **च** = અને **त्व०** = આપના પ્રવચનના **श०** શરણે **भा०** = ભાવથી **प्र० अस्मि** = રહ્યો છું.

(૬) હે ક્ષમાસાગર ! **सर्वान् सत्त्वान्** = સઘળા જીવોને **क्ष०** = હું ખમાવું છું **ते सर्वे** = તે સઘળા જીવો **मयि** = મને **क्षा०** = ક્ષમા કરે. **त्व०** = એક આપના જ શરણે રહેલા **मे** = મને **तेषु सर्वेषु** = તે સઘળા જીવો ઉપર **मत्री अस्तु** = મૈત્રીભાવ હો.

(૭) હે વિશ્વેશ ! **अहं एकः** = હું એકલો છું. **मे कश्चिद् नास्ति** = મારું કોઈ નથી, **च** = અને **अहमपि कस्यचिद् न** = હું પણ કોઈનો નથી. **त्व०** = આપના ચરણના શરણે રહેલા **मम** = મને **किञ्चन दैन्यं न** = જરા પણ દીનતા નથી.

(૮) હે શરણાગતવત્સલ ! **यावद्** = જ્યાં સુધી **त्व०** = આપની કૃપાથી થનારી **परां** = પ્રકૃષ્ટ **पदवीं** = મુક્તિરૂપ પદવીને **न आ०** = હું પામું નહિ, **तावद्** = ત્યાં સુધી **शरणं श्रिते मयि** = આપના શરણે રહેલા મારા વિશે **शरण्यत्वं** = શરણ્ય ભાવનો **मा मुञ्च** = આપ ત્યાગ કરશો નહિ, અર્થાત્ કૃપાદૃષ્ટિનો ત્યાગ કરશો નહિ.

अष्टादशप्रकाशः

न परं नाम मृदूवेव, कठोरमपि किञ्चन ।
विशेषज्ञाय विज्ञप्यं, स्वामिने स्वान्तशुद्धये ॥१॥
न पक्षिपशुसिंहादि–वाहनासीनविग्रहः ।
न नेत्रवक्त्रगात्रादि–विकारविकृताकृतिः ॥२॥
न शूलचापचक्रादि–शस्त्राङ्ककरपल्लवः ।
नाङ्गनाकमनीयाङ्ग–परिष्वङ्गपरायणः ॥३॥
न गर्हणीयचरित–प्रकम्पितमहाजनः ।
न प्रकोपप्रसादादि–विडम्बितनरामरः ॥४॥

(૧) હે ત્રિભુવનસ્વામી ! **वि०** = વક્તાના અભિપ્રાયને વિશેષ રૂપે જાણનાર **स्वामिने** = સ્વામીને **परं** = કેવળ [१०४]**नाम मुदु एव न** = કોમળ જ નહિ, કિંતુ **किञ्चन कठोरमपि** = કંઈક કઠોર પણ **स्वा०** = પોતાના અંતઃકરણની શુદ્ધિ માટે **वि०** = કહેવું જોઈએ.

(૨) હે સ્વામી ! આપ **प० न**[१०५] = પક્ષી, પશુ અને સિંહ વગેરે ઉપર આરૂઢ થયા નથી. **ने० न** = આપ નેત્ર, મુખ, શરીર વગેરેના વિકારોથી વિકૃત આકૃતિવાળા નથી.

(૩) હે વિશ્વવંદ્ય ! **शू० न**[१०६] = આપના હાથમાં ત્રિશૂલ, ધનુષ્ય, ચક્ર, વગેરે શસ્ત્રો હોતાં નથી. **अङ्ग० न** = આપ કામિનીની કમનીય કાયાનું આલિંગન કરવામાં આસક્ત નથી.

(૪) હે નાથ ! **ग० न** = આપે નિંદ્ય કાર્યોથી ઉત્તમ માણસોને ભયભીત કર્યા નથી. **प्र० न** = આપે પ્રકોપ અને પ્રસાદ આદિથી મનુષ્યોને અને દેવોને વિડંબણા પમાડી નથી.

---

१०४. नाम इति कोमलामन्त्रणे ।
१०५. पक्षिपशुसिंहादिरूपेषु वाहनेषु आसीनः–आरूढो विग्रहः–कायो यस्य सः ।
१०६. शूलचापचक्रादिशस्त्राणि अङ्क–उत्सङ्गे ययोस्तौ शूलचापचक्रादिशस्त्राङ्कौ, शूलचापचक्रादिशस्त्राङ्कौ करपल्लवौ यस्य सः ।

न जगज्जननस्थेम-विनाशविहितादरः ।
न लास्यहास्यगीतादि-विप्लवोपप्लुतस्थितिः ॥५॥
तदेवं सर्वदेवेभ्यः, सर्वथा त्वं विलक्षणः ।
देवत्वेन प्रतिष्ठाप्यः, कथं नाम परीक्षकैः ॥६॥
अनुश्रोतः सरत्पर्ण-तृणकाष्ठादि युक्तिमत् ।
प्रतिश्रोतः श्रयद्वस्तु, कया युक्त्या प्रतीयताम् ? ॥७॥

(५) હે વિભુ! ज० न = આપે સૃષ્ટિનું સર્જન, પાલન અને વિનાશ કરવામાં આદર કર્યો નથી. [१०७]ला० न = આપે નટ આદિને ઉચિત નૃત્ય, હાસ્ય, ગીત આદિ વિલાસોથી આપની મુદ્રાને વિકૃત-વિકારવાળી બનાવી નથી.[१०८]

(६) હે જગત્પ્રભુ! एवं = આ પ્રમાણે त्वं = આપ स० = સઘળા દેવોથી सर्वथा = દરેક રીતે वि० = જુદા છો. तत् = તેથી प० = પરીક્ષકો दे० = આપને દેવ તરીકે कथं नाम[१०९] = કેવી રીતે प्र० = સ્થાપે ? અર્થાત્ લોકપ્રસિદ્ધ દેવનાં શસ્ત્રાદિ લક્ષણો આપનામાં ન દેખાવાથી પરીક્ષકો આપને "આ દેવ છે" એમ દેવ તરીકે શી રીતે ઓળખે ? આપને દેવ તરીકે ઓળખવા એ પરીક્ષકો માટે બહુ જ કપરું કામ છે. કારણ કે—

(७) प० = પર્ણ, તૃણ, કાષ્ઠ આદિ વસ્તુ अ० = પ્રવાહ પાછળ सरत् = તણાય છે એ વાત यु० = યુક્તિયુક્ત[११०] છે. પણ वस्तु = તૃણ,

---

१०७. लास्यहास्यगीतादयो ये विप्लवाः-नटविटोचिता विलासाः तैः उपप्लुता-उपद्रुता स्थितिः—मुद्रा यस्य सः ।

१०८. ભગવાન ગૃહાવસ્થામાં પણ સ્વયં નૃત્યાદિ કરે નહિ અને નૃત્યાદિ જોવા ઉત્સુક બને નહિ; તેવા પ્રસંગોમાં દાક્ષિણ્યતાદિથી નૃત્યાદિ જુએ તો પણ રસ વિના જ જુએ.

१०९ नाम इति कोमलामन्त्रणे ।

११०. કારણ કે બધાને પ્રત્યક્ષ દેખાય છે.

अथवाऽलं मन्दबुद्धि-परीक्षकपरीक्षणैः ।
ममापि कृतमेतेन, वैयात्येन जगत्प्रभो ? ॥८॥

यदेव सर्वसंसारि-जन्तुरूपविलक्षणम् ।
परीक्षन्तां कृतधियस्तदेव तव लक्षणम् ॥९॥

क्रोधलोभभयाक्रान्तं, जगदस्माद्विलक्षणः ।
न गोचरो मृदुधियां, वीतरागः कथञ्चन ॥१०॥

इत्यष्टादशप्रकाशः ।

—०—

કાષ્ઠ, વગેરે વસ્તુ **प्र०** = પ્રવાહની સામે **श्रयत्** = વહે છે એ વાતનો **कया युक्त्या** = કઈ યુક્તિથી **प्र०** = નિર્ણય થઈ શકે ? એ પ્રમાણે લૌકિક દેવનાં લક્ષણોથી વિલક્ષણ આપનામાં દેવત્વબુદ્ધિ શી રીતે થાય ?

(૮) **ज०** = હે વિશ્વગુરુ ! **अथवा** = અથવા **मन्द०** = અલ્પબુદ્ધિવાળા પરીક્ષકોની પરીક્ષાઓથી-વિચારણાઓથી **अलं** = સર્યું, અને **ममापि** = મારે પણ **एतेन वै०** = આ (આપની પરીક્ષા સંબંધી) ધૃષ્ટતાથી **कृतं** = સર્યું.

(૯) હે જિનેશ્વર ! **सर्व०** = સર્વ સંસારી જીવોના સ્વરૂપથી વિલક્ષણ **यद्** = જે કંઈ છે, **तदेव** = તેને જ **कृ०** = વિદ્વાનો **तव लक्षणं** = આપનું લક્ષણ **प०** = વિચારે. આપનામાં રહેલી સર્વ સંસારી જીવોના સ્વરૂપથી વિલક્ષણતા જ આપને દેવ તરીકે ઓળખવાનું લક્ષણ છે.

(૧૦) **जगत्** = સંસારી જીવો **क्रो०** = ક્રોધ, લોભ અને ભયથી ઘેરાયેલા છે. **अ०** = એ જીવોથી **वि०** = વિરુદ્ધ સ્વરૂપવાળા **वी०** = વીતરાગ **कथञ्चन** = કોઈ પણ રીતે **मृ०** = અલ્પબુદ્ધિવાળા લોકોના **गोचरः न** = જોવામાં આવતા નથી.

।। एकोनविंशतितमप्रकाशः ।।

तव चेतसि वर्त्तेऽह-मिति वार्त्ताऽपि दुर्लभा ।
मच्चित्ते वर्त्तसे चेत्त्व-मलमन्येन केनचित् ।।१।।

निगृह्य कोपतः कांश्चित्, कांश्चित् तुष्ट्याऽनुगृह्य च ।
प्रतार्यन्ते मृदुधियः, प्रलम्भनपरैः परैः ।।२।।

अप्रसन्नात्कथं प्राप्यं, फलमेतदसङ्गतम् ? ।
चिन्तामण्यादयः किं न, फलन्त्यपि विचेतनाः ? ।।३।।

(૧) હે પરમાત્મા ! આપના ચિત્તમાં હું ખરેખર વસું એ તો દુર્લભ છે જ, પણ **तव चेतसि** = આપના ચિત્તમાં **अहं वर्ते** = હું વસુ **इति वार्ताऽपि दुर्लभा** = એવી વાત પણ દુર્લભ છે. એટલે એની આશા રાખવી નકામી છે. હા, આપ મારા ચિત્તમાં વસો એ સુશક્ય છે. આથી **चेत्** = જો **त्वं** = આપ **मच्चित्ते** = મારા ચિત્તમાં **वर्तसे** = વસો તો મારે **अ० के०** = બીજા કશાથી **अलं** = સર્યું – બીજું કંઈ જોઈતું નથી.

(૨) હે નાથ ! **प्र०** = છેતરવામાં તત્પર **परैः**=કુતીર્થિક દેવો **कांश्चित्** = કોઈને **को०** = કોપથી **नि०** = નિગ્રહ કરીને **च** = અને **कांश्चित्** = કોઈને **तुष्ट्यानुगृह्य** = પ્રસાદથી ખુશ કરીને **मृ०** = અલ્પ બુદ્ધિવાળા લોકોને **प्र०** = છેતરે છે.

પણ આપ જેના ચિત્તમાં વસો છો તેને એ દેવો છેતરી શકતા નથી. આથી આપ મારા ચિત્તમાં વસો તો હું એમની છેતરામણીથી બચી જઉં. આથી જ મારા ચિત્તમાં આપના વાસ સિવાય મારે બીજું કંઈ જોઈતું નથી. આ પ્રમાણે બીજા શ્લોકનો પ્રથમ શ્લોક સાથે સંબંધ છે. પ્રથમ શ્લોકમાં કરેલી માગણીનું કારણ બીજા શ્લોકમાં જણાવ્યું છે.

(૩) પ્રશ્ન : જે પ્રસન્ન થાય તે જ વાંછિત ફળ આપે. વીતરાગ દેવ રાગ-દ્વેષ રહિત હોવાથી પ્રસન્ન થતા નથી. એટલે **अ०** = અપ્રસન્ન વીતરાગ પાસેથી **फलं** = વાંછિત ફળ **कथं प्राप्यम्** = કેવી રીતે મળે ? ઉત્તર : **एतद् अ०** = જે પ્રસન્ન થાય તે જ વાંછિત ફળ આપે એ કથન અસંગત

वीतराग ! सपर्यातस्तवाज्ञापालनं परम् ।
आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥४॥
आकालमियमाज्ञा ते, हेयोपादेयगोचरा ।
आश्रवः सर्वथा हेयः, उपादेयश्च संवरः ॥५॥
आश्रवो भवहेतुः स्यात्, संवरो मोक्षकारणम् ।
इतीयमार्हती मुष्टि-रन्यदस्याः प्रपञ्चनम् ॥६॥

છે. **चिं०** = ચિંતામણિ વગેરે **वि०** = ચેતનારહિત–જડ હોવા છતાં **किं न फलन्ति** = શું ફળ આપતા નથી? જેમ ચિંતામણિ વગેરે પ્રસન્ન ન થતા હોવા છતાં વિધિપૂર્વકની ઉપાસનાથી ફળ આપે છે, એમ વીતરાગ દેવ પણ વાંછિત ફળ આપે છે.

(૪) **वी०** = હે વીતરાગ ! **तव** = આપની **स०** = પૂજાથી **आ० परं** = આપની આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે–અધિક ફળ આપે છે. કારણ કે **आराद्धा आज्ञा** = આરાધેલી આજ્ઞા **शिवाय** = મોક્ષ માટે થાય છે. **च** = અને **विराद्धा (आज्ञा)** = વિરાધેલી આજ્ઞા **भवाय** = સંસાર માટે થાય છે.

(૫) હે તીર્થંકર ! **आ०** = સદા **ते** = આપની **हे०** = હેય–ઉપાદેય સંબંધી **इयमाज्ञा** = આ આજ્ઞા છે કે–**आ० स० हेयः** = આસ્રવ તત્ત્વ સર્વ પ્રકારે[૧૧૧] ત્યાગ કરવા લાયક છે, **च** = અને **सं० स० उ०** = સંવર સર્વ પ્રકારે સ્વીકારવા યોગ્ય છે.

(૬) **आ० भ० स्यात्** = આસ્રવ સંસારનું કારણ છે. **सं० मो०** = સંવર મોક્ષનું કારણ છે. **इति** = આ પ્રમાણે **इयं** = આ આજ્ઞા[૧૧૨] **आर्हती मुष्टिः** = અરિહંતના સઘળા ઉપદેશનો સાર છે. **अ०** = અંગ–ઉપાંગ આદિમાં કહેલું બીજું બધું **अस्याः** = એ સારનો **प्र०** = વિસ્તાર છે.

---

૧૧૧. મન–વચન–કાયાથી તથા કરણ–કરાવણ–અનુમોદનથી.

૧૧૨. **आस्रवः सर्वथा हेय उपादेयश्च संवरः** એ આજ્ઞા

इत्याज्ञाराधनपरा, अनन्ताः परिनिर्वृताः ।
निर्वान्ति चान्ये क्वचन, निर्वास्यन्ति तथाऽपरे ॥७॥
हित्वा प्रसादनादैन्य-मेकयैव त्वदाज्ञया ।
सर्वथैव विमुच्यन्ते, जन्मिनः कर्मपञ्जरात् ॥८॥

इत्येकोनविंशतितमप्रकाशः ।

॥ विंशतितमप्रकाशः ॥

पादपीठलुठन्मूर्ध्नि, मयि पादरजस्तव ।
चिरं निवसतां पुण्य-परमाणुकणोपमम् ॥१॥

(૭) **इत्या०** = આવી આજ્ઞાના પાલનમાં તત્પર **अ०** = અનંત જીવો **प०** = ભૂતકાળમાં મોક્ષ પામ્યા છે, **च** = અને **अन्ये** = બીજાઓ **क्वचन** = ક્યાંક[113] **नि०** = વર્તમાનકાળમાં મોક્ષ પામે છે, **तथा** = તથા **अपरे** = બીજાઓ **नि०** = ભવિષ્યકાળમાં મોક્ષ પામશે.

(૮) હે વીતરાગ ! **प्र०** = દેવને[114] પ્રસન્ન કરવા માટે કરવી પડતી દીનતા (કે ખુશામત)ને **हित्वा** = છોડીને **एकयैव त्व०** = એક આપની આજ્ઞાથી જ **ज०** = જીવો **क०** = કર્મરૂપ પાંજરામાંથી **सर्वथैव** = ફરી ન પુરાય તે રીતે **वि०** = મુક્ત બને છે.

(૧) હે વિશ્વવંદ્ય ! **पा०** [115]**मयि** = આપના પાદપીઠમાં નમતા

---

૧૧૩. મહાવિદેહ ક્ષેત્રમાં.
૧૧૪. લૌકિક શિવાદિ દેવો પાસેથી ફળ મેળવવા તેમને પ્રસન્ન કરવા માટે અનેક રીતે ખુશામત–આજીજી કરવી પડે છે. જ્યારે વીતરાગ પરમાત્મા માટે તેવું નથી. વીતરાગ પરમાત્માની આજ્ઞાનું પાલન કરવાથી ફળ મળે છે.
૧૧૫. मयि = विशेषणसामर्थ्यान्मम ।

मद्दृशौ त्वन्मुखासक्ते, हर्षबाष्पजलोर्मिभिः ।
अप्रेक्ष्यप्रेक्षणोद्भूतं, क्षणात्क्षालयतां मलम् ॥२॥
त्वत्पुरो लुठनैर्भूयान्मद्भालस्य तपस्विनः ।
कृतासेव्यप्रणामस्य, प्रायश्चित्तं किणावलिः ॥३॥
मम त्वद्दर्शनोद्भूताश्चिरं रोमाञ्चकण्टकाः ।
नुदन्तां चिरकालोत्था-मसद्दर्शनवासनाम् ॥४॥
त्वद्वक्त्रकान्तिज्योत्स्नासु, निपीतासु सुधास्विव ।
मदीयैर्लोचनाम्भोजैः प्राप्यतां निर्निमेषता ॥५॥

મારા લલાટમાં **तव** = આપની **पु०** = પુણ્ય પરમાણુના કણિયા સમાન **पा०** = ચરણરજ **चिरं** = મારો સંસારમાં વાસ થાય ત્યાં સુધી **नि०** = સ્થિર રહો.

(૨) હે દેવાધિદેવ ! **त्व०** = આપનું મુખ જોવામાં લીન **म०** = મારી આંખો **अ०** = નહિ જોવા લાયક જોવાથી ઉત્પન્ન થયેલા **मलं** = પાપને **ह०** = હર્ષાશ્રુના જળની ઊર્મિઓથી **क्षणात्** = ક્ષણવારમાં **क्षा०** = ધોઈ નાખો !

(૩) હે સર્વજ્ઞ ! **कृ०** = સેવા નહિ કરવા લાયકને પ્રણામ કરનારા **त०** = બિચારા **म०** = મારા લલાટને **त्व०** = આપની આગળ **लु०** = આળોટવાથી–નમસ્કાર કરવાથી થયેલી **कि०** = ચિહ્ન (આંક) શ્રેણી **प्रा०** = પ્રાયશ્ચિત્ત રૂપ હો !! અર્થાત્ અસેવ્યને પ્રણામ કરવાથી લાગેલા પાપો દૂર કરો !

(૪) હે પુરુષોત્તમ ! **त्व०** = આપના દર્શનથી થયેલા **मम** = મારા **रो०** = રોમાંચ રૂપ કંટકો **चि०** = અનાદિ ભવભ્રમણથી થયેલી–પુષ્ટ બનેલી **अ०** = કુદર્શનની કુવાસનાને **चिरं** = જ્યાં સુધી હું સંસારમાં રહું ત્યાં સુધી **नु०** = પીડા કરો, અર્થાત્ પીડા પેદા કરીને બહાર કાઢી નાખો !

(૫) હે જિનેશ્વર ! **सुधासु इव** = અમૃત જેવી **त्व०** = આપની મુખકાંતિની જ્યોત્સ્ના **नि०** = પીવામાં આવતાં **म०** = મારા **लो०** = લોચન રૂપ કમળો **नि०** = નિર્નિમેષપણાને **प्र०** = પામો—સ્થિર બનો !

સુધાનું પાન કરનાર નિર્નિમેષ–અમર બને છે એવી લોકોક્તિ છે. અમરની આંખો નિર્નિમેષ હોય છે. આથી અહીં મુખકાંતિની જ્યોત્સ્નાને

त्वदास्यलासिनी नेत्रे, त्वदुपास्तिकरौ करौ ।
त्वद्गुणश्रोतृणी श्रोत्रे, भूयास्तां सर्वदा मम ॥६॥
कुण्ठाऽपि यदि सोत्कण्ठा, त्वद्गुणग्रहणं प्रति ।
ममैषा भारती तर्हि, स्वस्त्येतस्यै किमन्यया ? ॥७॥
तव प्रेष्योऽस्मि दासोऽस्मि, सेवकोऽस्म्यस्मि किङ्करः ।
ओमिति प्रतिपद्यस्व, नाथ ! नातः परं ब्रुवे ॥८॥

સુધા જેવી કહી છે. ચંદ્રની જ્યોત્સ્નાના પાનથી ચંદ્રવિકાસી કમળો નિર્નિમેષ–વિકસ્વર બને છે. આથી અહીં આંખને કમળની ઉપમા આપી છે.

(૬) હે જગદાનંદન ! **मम** = મારાં **नेत्रे** = નેત્રો **सर्वदा** = સદા **त्वदा०** = આપનું મુખ જોવાની લાલસાવાળાં **भू०** = બનો. **करौ** = મારા હાથ **त्व०** = સદા આપની સેવા કરનારા બનો. **श्रोत्रे** = મારા કાન **त्व०** = સદા આપના ગુણો સાંભળનારા બનો.

(૭) હે વિશ્વવિભુ ! **कुण्ठापि** = કુંઠિત–જાડી પણ **मम** = મારી **एषा भा०** = આ વાણી **यदि** = જો **त्व० प्रति** = આપના ગુણોનું ગ્રહણ–વર્ણન કરવા **सो०** = ઉત્કંઠિત છે, **तर्हि** = તો **ए०** = એનું **स्वस्ति** = કલ્યાણ હો ! **किमन्यया** = બીજી વાણીનું શું કામ છે ?

ભાવાર્થ :—તીક્ષ્ણ પણ બુદ્ધિ જો આપના ગુણોનું વર્ણન કરવા પરાઙ્-મુખ હોય તો મારે જોઈતી નથી. આપના ગુણોનું વર્ણન કરવામાં ઉત્કંઠાવાળી જાડી–સ્થૂલ બુદ્ધિ પણ મારે બસ છે.

(૮) હે નાથ ! હું **तव** = આપનો **प्रेष्योऽस्मि** = પ્રેષ્ય (સંદેશ-વાહક ખેપિયો) છું, **दासोऽस्मि** = દાસ (ગુલામ) છું, **सेवकोऽस्मि** = સેવક છું, **अस्मि किङ्करः** = નોકર છું. **नाथ** = હે નાથ **ओमिति प्र०** = 'હા' એમ કહીને 'તું મારો છે' એમ મારો સ્વીકાર કરો. **अतः** = આનાથી **परं** = વધારે **न ब्रुवे** = હું કંઈ કહેતો નથી.

ભાવાર્થ :—આપ અયોગ્યનો સ્વીકાર કરતા જ નથી. આથી આપ મારો સ્વીકાર કરો એટલે હું યોગ્ય છું એ નક્કી થવાથી મારું અવશ્ય કલ્યાણ થશે. આથી મારે આપને "મારો સ્વીકાર કરો" એનાથી વધારે કંઈ જ કહેવું નથી. એનાથી વધારે કંઈ માગવું નથી.

શુદ્ધિપત્રક

[અનુસ્વાર વગેરે બરોબર ન ઊઠયા હોય કે ખોડા ટાઇપો તૂટી ગયા હોય તેવી ભૂલો અહીં લીધી નથી. ત્યાં વાંચકે સ્વયં સુધારી લેવું]

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધિ	શુદ્ધિ
૧	૯	यः रा =	यः =
૩	૨	कुर्या	कुर्यां
૭	૮	આપ	त्वं = આપ
૭	૧૪	तिर्यंચો	ति० = तिर्यंચો
૯	૧૨	પ્રગટ	न आ० = પ્રગટ
૧૦	૮	यन्मूघ्नः	यन्मूर्ध्नः
૧૦	૨૨	त्वयि =	त्वयि वि० =
૧૨	૧૩	(माद)	(मोद)
૧૫	૯	चक्रः	चक्रुः
૨૦	૭	अ० =	चै० =
૨૦	૮	मा० =	मो० =
૨૧	૧૬	हंसालि	हंसालिः =
૨૨	૧૨	च०	ज्यो०प० = ચાંદનીથી યુક્ત च०
૨૫	૪	यत	यत्
૨૬	૩	वञ्चयते	वञ्च्यते
૨૯	૧૧	नाङ्ग	नाङ्गं
૨૯	૧૬	अङ्गन	अङ्गेन
૪૦	૫	साङ्ख्यः	साङ्ख्यः
૪૨	૩	वस्तुसत	वस्तुसत्
૪૫	૨૫	શોભે	શોભા
૪૬	૬	शक्तो न	शक्तो वक्तुं न
૪૮	૧૧	च =	च० =
૫૨	૬	पूर्व	पूर्वं

પૂ. મુનિરાજ શ્રીરાજશેખર વિજયજી મ. ના

સંપાદિત-અનુવાદિત પુસ્તકો

ગ્રંથ	સાઈઝ	વિષય
(૧) ગુરુતત્ત્વવિનિશ્ચય	ક્રાઉન ૮ પેજી	સટીક ગુજરાતી ભાવાનુવાદ
(૨) પંચસૂત્ર	,, ૧૬ પેજી	અર્થ સાથે મૂળ સૂત્રો
(૩) ધર્મબિંદુ	,, ,,	અર્થ સાથે મૂળસૂત્રો
(૪) તત્ત્વાર્થસૂત્ર	,, ,,	ગુજરાતી વિસ્તૃત વિવેચન
(૫) પ્રશમરતિ	ફૂલસ્કેપ ,,	ગુજરાતી અર્થ-મૂળગાથાઓ
(૬) હારિભદ્રીય અ૦	,, ,,	,, ,, ,,
(૭) જ્ઞાનસાર	,, ,,	,, ,, ,,
(૮) વીતરાગસ્તોત્ર	ક્રાઉન ,,	,, ,, ,,
(૯) પંચાશક ભાગ-૧	,, ,,	ટીકાનો ગુજરાતી ભાવાનુવાદ
(૧૦) ,, ભાગ-૨	,, ,,	,, ,, ,,
(૧૧) ભવભાવના	,, ,,	ગાથાનો ,, ,,
(૧૨) મૈત્રીસાધના	,, ,,	મૈત્રી સંબંધી વિવેચન

પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજોને કંઠસ્થ કરવા કે અભ્યાસ માટે ૩, ૫, ૬, ૭, ૮ નંબરના ગ્રંથોની જરૂર હોય તો નીચેના સરનામે જણાવવાથી [illegible] મોકલવામાં આવશે.

શ્રી લહેરુચંદ [illegible] ળા

ઠે. **શ્રી નગીનદાસ** [illegible] સે,

મુ. પાટણ

આવરણ : સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ સોનગઢ-૩૬૦૨૫૦